# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
કાનમાં આલિયાની ફેશનનો જલવો!



પેજ-09
વિરાટ કોહલી IPL 9મી સદી સાથે બેંગલુરુની શાનદાર જીત

| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 40.00 | 29.00 |
| વડોદરા | 40.00 | 29.00 |
| સુરત | 36.00 | 29.00 |

પેજ 5



ભારતના એઆઈ સપનાને સાકાર કરવા જાહેર ખાનગી ભાગીદારી જરૂરી

15 MAY-2026 FRIDAY

ભારત રશિયા ઊર્જા કરાર પશ્ચિમી દેશોના દબાણ સામે ઢાલ બનશે



પેજ 10

| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 75398.72 ▲ | 789.74 |
| નિફ્ટી | 23689.60 ▲ | 277.00 |
| સોનું | 162011.00 ▼ | 175.00 |
| ચાંદી | 291713.00 ▼ | 8525.0 |


વર્ષ-15 । અંક-183 । વિક્રમ સંવત-2082 । વૈશાખ વદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


મહારાષ્ટ્ર-રાજસ્થાનમાંથી 3-3, હરિયાણામાંથી એક ઝડપાયો; પોલીસે કહ્યું- રાજસ્થાનમાં 1000 ઉમેદવારો સુધી પેપર પહોંચ્યું

# NEET કેસમાં અત્યાર સુધીમાં 7ની ધરપકડ

## બુધવારે મહારાષ્ટ્રના પુણેમાંથી એક મહિલા અને અહિલ્યાનગરના એક યુવકની ધરપકડ કરવામાં આવી

(એજન્સી) પુણે/ગુરુગ્રામ/જયપુર । તા. 14

NEET પેપર લીક કેસમાં અત્યાર સુધીમાં ત્રણ રાજ્યોમાંથી 7 લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં મહારાષ્ટ્ર-રાજસ્થાનમાંથી 3-3 અને હરિયાણાનો 1 યુવક સામેલ છે. બુધવારે મહારાષ્ટ્રના પુણેમાંથી એક મહિલા અને અહિલ્યાનગરના એક યુવકની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે જણાવ્યું કે મહિલાનું નામ મનીષા વાઘમારે છે, જે બ્યુટિશિયન છે. અહિલ્યાનગરમાંથી ધનંજય નિવૃત્તિ લોખંડે (26) ને પકડવામાં આવ્યો છે. 12 મેના રોજ નાસિકમાંથી શુભમ ખૈરનાર (30) ને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. CBI ત્રણેયની પૂછપરછ કરી રહી છે.

રાજસ્થાનમાંથી 3 લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે, જેમાં સીકરનો કન્સલ્ટન્સી સંચાલક રાકેશ મંડાવરિયા અને લીક થયેલા પેપર ખરીદીને વેચનારા બે ભાઈઓ દિનેશ બિવાલ અને માંગીલાલ બિવાલનો સમાવેશ થાય છે.

રાજસ્થાન પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અનુસાર, રાજસ્થાનમાં લગભગ એક હજાર ઉમેદવારો સુધી આ પેપર પહોંચ્યું હતું. SOG એ હરિયાણાના ગુરુગ્રામમાંથી BAMS પ્રથમ વર્ષના વિદ્યાર્થી યશ યાદવને કસ્ટડીમાં લીધો. તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.



પુણેની બ્યુટિશિયન મનીષા વાઘમારેને CBIએ કસ્ટડીમાં લીધી છે



રાજસ્થાનમાં આરોપી બિવાલ કસ્ટડીમાં છે. તેમનું કહેવું છે કે આ કેસમાં મોટા લોકોને બચાવવામાં આવી રહ્યા છે.

### FAIMA સુપ્રીમ કોર્ટ પહોંચ્યું

NEET UG 2026 પરીક્ષા રદ કરવાના મામલે ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન (FAIMA) એ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી. તેમાં સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ ફરીથી પરીક્ષા કરાવવાની માગ કરવામાં આવી છે. FAIMA એ કહ્યું કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ની કાર્યપ્રણાલી પરથી હવે વિશ્વાસ ઉઠી ગયો છે, તેથી હાલની ગવર્નિંગ બોડીનું પુનર્ગઠન થવું જોઈએ. NTA એ 12 મેના રોજ પેપર લીક થયા બાદ NEET પરીક્ષા રદ કરી દીધી હતી. NTA એ સ્વીકાર્યું કે ગડબડ થઈ છે. પરીક્ષા 3 મેના રોજ થઈ હતી, જેમાં 22.79 લાખ વિદ્યાર્થીઓ સામેલ થયા હતા.

### ગુરુગ્રામથી BAMS વિદ્યાર્થી પકડાયો

NEET (UG) પેપર લીક કેસમાં રાજસ્થાનની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ની ટીમે ગુરુગ્રામથી એક BAMS વિદ્યાર્થીને કસ્ટડીમાં લીધો. પકડાયેલો યુવક ફર્રુખનગર વિસ્તારના ખુરમપુર ગામનો રહેવાસી યશ છે. પોલીસ ટીમને શંકા છે કે યશ પેપર લીક નેટવર્કનો ભાગ છે.

### NTA ડીજી અભિષેક સિંહે ગડબડ સ્વીકારી

NTA ડીજી અભિષેક સિંહે મંગળવારે (12 મે) જણાવ્યું હતું કે આ ગડબડ માટે અમે જવાબદાર છીએ. પરીક્ષા ફરીથી લેવામાં આવશે. 6 થી 8 દિવસમાં નવી તારીખની જાહેરાત કરવામાં આવશે. કેન્દ્ર સરકારે આ મામલાની તપાસ CBIને સોંપી દીધી છે. એજન્સીએ આ મામલે FIR નોંધી છે. NTAએ જણાવ્યું કે ભારત સરકારની મંજૂરી મળ્યા બાદ પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. બીજી તરફ, દિલ્હીમાં મીડિયાએ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને આ મામલે સવાલ પૂછ્યો ત્યારે તેઓ કંઈ પણ બોલ્યા વગર નીકળી ગયા હતા.

### 300+ પ્રશ્નો, 150 પરીક્ષામાં આવ્યા



'ક્વેશ્ચન બેંક'માં ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજીના 300થી વધુ પ્રશ્નો હતા. તેમાંથી 150 પ્રશ્નો NEETના પેપરમાં બેઠા આવ્યા. પેપરમાં કુલ 180 પ્રશ્નો હલ કરવાના હોય છે અને દરેક પ્રશ્ન 4 ગુણનો હોય છે. એટલે કે 720માંથી 600 ગુણના પ્રશ્નો સીધા 'ક્વેશ્ચન બેંક'માંથી આવ્યા. નિષ્ણાતોના મતે કોઈ ખાસ ક્વેશ્ચન બેંકમાંથી પરીક્ષામાં કેટલાક પ્રશ્નો બેઠા આવવાની સંભાવના રહે છે, પરંતુ આટલી મોટી સંખ્યામાં પ્રશ્નો આવવાની સંભાવના સામાન્ય રીતે હોતી નથી.

### કેટલા વિદ્યાર્થીઓને 'ક્વેશ્ચન બેંક' મળી, તે નક્કી નથી

અત્યાર સુધી એ આંકડો સામે નથી આવ્યો કે કથિત 'ક્વેશ્ચન બેંક' કેટલા વિદ્યાર્થીઓ સુધી પહોંચી, પરંતુ આ સંખ્યા મોટી હોવાની આશંકા છે. 2024 માં પણ NEET UG પરીક્ષા પેપર લીકના કારણે કેટલાક કેન્દ્રો પર રદ કરવામાં આવી હતી. પરીક્ષા 5 મે 2024 ના રોજ યોજાઈ હતી. 6 મેના રોજ NTA એ પેપર લીકની વાતનો ઇનકાર કર્યો હતો. ત્યારબાદ બિહાર (પટના) અને ઝારખંડ (હજારીબાગ) માં તપાસ થઈ. તપાસમાં પેપર લીકના પુરાવા મળ્યા અને ઘણી ધરપકડો પણ થઈ હતી. જોકે, સુપ્રીમ કોર્ટે આખી પરીક્ષા રદ કરવાનો ઇનકાર કર્યો હતો અને કેટલાક કેન્દ્રો પર 1539 ઉમેદવારોની ફરીથી પરીક્ષા લેવામાં આવી હતી. પેપર લીકના આરોપો ઉપરાંત, 67 વિદ્યાર્થીઓને 720/720 ગુણ મળવા અને એક જ કેન્દ્રમાંથી ઘણા ટોપર્સનું આવવું પણ મોટા વિવાદનું કારણ બન્યું હતું.



# કર્ણાટકની સ્કૂલોમાં હિજાબ પ્રતિબંધનો આદેશ પાછો ખેંચાયો

## 2022માં પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો; નવા આદેશમાં રુદ્રાક્ષ અને જનોઈની પણ મંજૂરી

(એજન્સી) કર્ણાટક । તા. 14

કર્ણાટક સરકારે સ્કૂલો-કોલેજોમાં હિજાબ પર પ્રતિબંધ મૂકવાના 2022ના નિર્ણયને પાછો ખેંચી લીધો છે. નવા આદેશ હેઠળ વિદ્યાર્થીઓને હિજાબ ઉપરાંત કલાવા, રુદ્રાક્ષ અને જનોઈની પણ મંજૂરી આપવામાં આવી છે. શરત એ છે કે આ સ્કૂલના અનુશાસન અને નિયમો હેઠળ હોય.

કર્ણાટકની તત્કાલીન BJP સરકારે ફેબ્રુઆરી 2022માં એક આદેશ જારી કર્યો હતો. જે અંતર્ગત સરકારી પ્રી-યુનિવર્સિટી કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે નિર્ધારિત યુનિફોર્મનું પાલન કરવું ફરજિયાત કરવામાં આવ્યું હતું.

આદેશમાં કહેવામાં આવ્યું હતું કે એવા કપડાં પહેરવાની મંજૂરી આપવામાં આવશે નહીં જે 'સમાનતા, એકતા અને જાહેર વ્યવસ્થા'ને અસર કરે. આ આદેશ પછી ઘણા સરકારી શિક્ષણ સંસ્થાનોમાં હિજાબ પહેરીને ક્લાસમાં પ્રવેશ પર રોક લાગી ગઈ હતી.



### માર્ચ 2022માં મામલો હાઈકોર્ટ પહોંચ્યો, આદેશ યથાવત રહ્યો

માર્ચ 2022માં કર્ણાટક હાઈકોર્ટે સરકારના આદેશને યોગ્ય ઠેરવ્યો અને કહ્યું કે ઇસ્લામમાં હિજાબ 'અનિવાર્ય ધાર્મિક પ્રથા' સાબિત થયો નથી. પછી મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો. ઓક્ટોબર 2022માં સુપ્રીમ કોર્ટની બે જજોની બેન્ચમાં વિભાજિત ચુકાદો આવ્યો. એક જજે પ્રતિબંધ હટાવવાની વાત કરી, બીજાએ હાઈકોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો.



ડેપ્યુટી CM શિવકુમાર બોલ્યા- આખરે અમે પણ હિન્દુ છીએ: રોજ કરું છું ભગવાન રામની પૂજા

### ડિસેમ્બર 2021માં હિજાબ પર વિવાદ શરૂ થયો હતો

કર્ણાટકના ઉડુપી જિલ્લાની એક કોલેજમાં 31 ડિસેમ્બર 2021ના રોજ 6 મુસ્લિમ વિદ્યાર્થિનીઓને હિજાબ પહેરવાથી રોકવામાં આવી હતી, ત્યારબાદ તેઓ ધરણા પર બેસી ગઈ હતી. આ વિવાદ રાજ્યના બાકીના ભાગોમાં પણ ફેલાઈ ગયો. ત્યારબાદ હિન્દુ સંગઠનો સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓએ બદલામાં ભગવા શાલ પહેરીને કોલેજ આવવાનું શરૂ કર્યું. હિંસા થઈ તો ફેબ્રુઆરી 2022માં રાજ્ય સરકારે સ્કૂલ-કોલેજોમાં તમામ પ્રકારના ધાર્મિક ઓળખવાળા કપડાં પહેરવા પર પ્રતિબંધ મૂક્યો. આદેશમાં કહેવામાં આવ્યું હતું કે કોઈપણ કપડું જે સમાનતા, અખંડિતતા અને જાહેર કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડશે, તેને પહેરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ આદેશને લઈને ભારે હોબાળો થયો હતો.

# ત્રિપુરામાં 50% કર્મચારીઓ જ ઓફિસ આવશે, આંધ્ર- ગોવામાં CMનો કાફલો અડધો થયો

(એજન્સી) નવી દિલ્હી। તા. 14

પીએમ મોદીની બચતની અપીલની અસર 12 રાજ્યોમાં જોવા મળી રહી છે. ત્રિપુરામાં ગ્રુપ C અને Dના માત્ર 50% સરકારી કર્મચારીઓ જ રોજ ઓફિસ આવશે, બાકીના કર્મચારીઓ વર્ક ફ્રોમ હોમ કરશે.

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ અને ગોવાના CM પ્રમોદ સાવંતે પેટ્રોલ બચાવવા, સરકારી ખર્ચ ઘટાડવા માટે પોતાના કાફલામાં ગાડીઓની સંખ્યા 50% ઘટાડવાનો નિર્ણય લીધો છે. પંજાબમાં ગવર્નર ઓફિસમાં દર બુધવારે અધિકારીઓ ગાડીથી નહીં આવે. હરિયાણામાં સીએમ નાયબ સિંહ સૈની અઠવાડિયામાં એક દિવસ ગાડી વગર જશે. આ પહેલા બુધવારે દિલ્હી, યુપી, એમપી, રાજસ્થાન અને બિહારમાં પણ VVIP કાફલામાં ગાડીઓની સંખ્યા ઓછી કરી દેવામાં આવી છે. પીએમ મોદી પણ બુધવારે કાફલો છોડીને માત્ર 2 ગાડીઓ સાથે નીકળ્યા. સામાન્ય રીતે પીએમના કાફલામાં 12 થી 15 ગાડીઓ હોય છે. ત્રિપુરા સરકારે ખર્ચ અને પેટ્રોલ-ડીઝલ બચાવવા માટે મોટો નિર્ણય લીધો છે. હવે સરકારી કચેરીઓમાં ગ્રુપ C અને D ના માત્ર 50% કર્મચારીઓ જ રોજ ઓફિસ આવશે, બાકીના કર્મચારીઓ વર્ક ફ્રોમ હોમ કરશે. સરકારે તમામ વિભાગોને કર્મચારીઓની સાપ્તાહિક ડ્યુટી રોસ્ટર બનાવવાના નિર્દેશ આપ્યા છે. જરૂરી અને ઈમરજન્સી સેવાઓવાળા કર્મચારીઓ પર આ નિયમ લાગુ પડશે નહીં. હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ પેટ્રોલ-ડીઝલ બચાવવા માટે પોતાના સરકારી કાફલામાં ગાડીઓની સંખ્યા ઘટાડવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે હવે તેમના કાફલામાં ફક્ત સુરક્ષા માટે જરૂરી વાહનો જ સામેલ થશે. CMએ એવું પણ નક્કી કર્યું છે કે તેઓ અઠવાડિયામાં એક દિવસ કોઈ પણ ગાડીનો ઉપયોગ નહીં કરે.

100 મીટર દૂર ખેતરમાં જઈને પડ્યો, 24 કલાકમાં 94ના મોત; 2000થી વધુ ગામમાં લાઈટો ગઈ

# UPમાં વાવાઝોડું, ટિનશેડ સાથે 50 ફૂટ ઉડ્યો યુવક

(એજન્સી) ભોપાલ/જયપુર/લખનઉ/પટના । તા. 14

દેશમાં બે પ્રકારનું હવામાન જોવા મળી રહ્યું છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ-અયોધ્યા સહિત 30 જિલ્લાઓમાં બુધવારે વાવાઝોડાને કારણે 94 લોકોના મોત થયા. સૌથી વધુ 17 મોત પ્રયાગરાજ અને 16 મોત ભદોહીમાં થયા છે.

ઉત્તર પ્રદેશમાં 80 KMPHની ઝડપે વાવાઝોડું ફૂંકાયું, બરેલીમાં વાવાઝોડામાં એક યુવક ટીનશેડ સહિત હવામાં ઉડ્યો. રાજ્યના બાંદા શહેરમાં તાપમાન 45.4C રહ્યું. આજે 51 જિલ્લાઓમાં ભારે વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે. બારાબંકી, સીતાપુર અને દેવરિયા સહિત ઘણા જિલ્લાઓના 2000થી વધુ ગામોમાં વીજળી ડુલ થઈ છે.



આ તસવીર બરેલીની છે. વાવાઝોડા દરમિયાન એક યુવાન ટીન શેડ સાથે હવામાં લગભગ 50 ફૂટ ઉડ્યો હતો.

રાજસ્થાનમાં પણ ભારે ગરમી અને હીટવેવની અસર છે. બુધવારે સતત ચોથા દિવસે રાજ્યનું જેસલમેર દેશનું સૌથી ગરમ શહેર રહ્યું, અહીં 46.1C તાપમાન રહ્યું.

હવામાન વિભાગ મુજબ આજે બીકાનેર, જોધપુર, જેસલમેર અને બાડમેરમાં ભારે ગરમીનું રેડ એલર્ટ છે. 13 જિલ્લાઓમાં હીટવેવનું એલર્ટ છે.

જ્યારે, મધ્ય પ્રદેશના 25થી વધુ જિલ્લાઓમાં હીટવેવ ચાલી રહી છે, જે 18 મે સુધી ચાલુ રહી શકે છે. બુધવારે ખજુરાહોમાં તાપમાન 45.4C રહ્યું. આજે ઈન્દોર, ઉજ્જૈન, ધાર અને રતલામમાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ છે. આ જિલ્લાઓમાં વોર્મ નાઈટનું પણ એલર્ટ છે.

### પ્રયાગરાજ અને ભદોહીમાં સૌથી વધુ 17-17 લોકોના મોત

બુધવારે સાંજે બરેલીમાં વાવાઝોડામાં એક યુવક ટિન શેડ સાથે હવામાં લગભગ 50 ફૂટ ઉડ્યો હતો. તે 100 મીટર દૂર ખેતરમાં પડ્યો હતો, જેનાથી તેનો હાથમાં ફ્રેક્ચર થયું હતું. હોસ્પિટલમાં સારવાર બાદ તેને રજા આપવામાં આવી છે.

# અપર્ણા સાથે લવ મેરેજ પછી વિવાદ, ઉતાર-ચઢાવ ભર્યું રહ્યું અખિલેશના સાવકા ભાઈ પ્રતીકનું જીવન

(એજન્સી) નવી દિલ્હી। તા. 14

સપા પ્રમુખ અખિલેશ યાદવના નાના ભાઈ પ્રતીક યાદવનું બુધવારે નિધન થયું. માત્ર 38 વર્ષની ઉંમરે તેમના મૃત્યુના સમાચારથી લોકો આશ્ચર્યચકિત છે. પ્રતીકનું જીવન ઉતાર-ચઢાવથી ભરેલું રહ્યું છે.

યાદવ પરિવારના હોવા છતાં પ્રતીકને રાજકારણ પસંદ નહોતું. તેઓ ક્યારેય સાર્વજનિક કાર્યક્રમોમાં જોવા મળતા નહોતા. ન તો મીડિયામાં ક્યારેય કોઈ નિવેદન આપતા હતા. તેઓ પોતાની કહાની ફક્ત સોશિયલ મીડિયા દ્વારા જ કહેતા હતા.

પ્રતીક જ્યારે 3 વર્ષના હતા, ત્યારે તેમના માતા-પિતાના છૂટાછેડા થઈ ગયા. પછી માતા સાધનાએ મુલાયમ સિંહ યાદવ સાથે લગ્ન કર્યા. મુલાયમે પ્રતીકને પુત્રનો હક આપ્યો. પ્રતીકે 15 વર્ષ પહેલા અપર્ણા બિષ્ટ સાથે લવ મેરેજ કર્યા. આ પછી પ્રતીક ક્યારેક પત્ની સાથેના વિવાદ, તો ક્યારેક પ્રોપર્ટી વિવાદને લઈને જ ચર્ચામાં આવ્યા.

નજીકના લોકો જણાવે છે કે પ્રતીકે ધીમે ધીમે મિત્રોથી પણ અંતર બનાવી લીધું હતું. કહેવાય છે કે પ્રતીક પલ્મોનરી એમ્બોલિઝમ જેવી ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા હતા. પરંતુ તેની જાણકારી ફક્ત પરિવાર સુધી જ સીમિત હતી. 7 જુલાઈ 1987. ફર્રુખાબાદના વેપારી ચંદ્રપ્રકાશ ગુપ્તાના ઘરે પ્રતીકનો જન્મ થયો. માતા સાધના નર્સ હતા. પરંતુ એક વર્ષ પછી જ પિતા ચંદ્રપ્રકાશ ગુપ્તાએ તેમની માતાને છોડી દીધા. ત્રણ વર્ષ પછી એટલે કે 1990માં બંનેના છૂટાછેડા થઈ ગયા. ખૂબ નાની ઉંમરે પ્રતીકની દુનિયા ફક્ત માતા સુધી સીમિત રહી ગઈ. તે સમયે સાધના સૈફઈ મેડિકલ કોલેજમાં હતા.

# CBI ડાયરેક્ટર પ્રવીણ સૂદનો કાર્યકાળ 1 વર્ષ લંબાવ્યો

## રાહુલે પસંદગી પ્રક્રિયા પર સવાલ ઉઠાવ્યા, કહ્યું- વિપક્ષનો નેતા રબર સ્ટેમ્પ નથી

(એજન્સી) નવી દિલ્હી। તા. 14

CBI ડાયરેક્ટર પ્રવીણ સૂદનો કાર્યકાળ 1 વર્ષ માટે લંબાવવામાં આવ્યો છે. સરકારે બુધવારે નોટિફિકેશન બહાર પાડીને આ માહિતી આપી. સૂદનો કાર્યકાળ 24 મેના રોજ પૂરો થવાનો હતો.

આ પહેલા મંગળવારે PM આવાસ પર નવા CBI ડાયરેક્ટરની પસંદગી અંગે બેઠક યોજાઈ હતી. જેમાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંત અને રાહુલ ગાંધી સામેલ થયા હતા.

બેઠક બાદ રાહુલે પસંદગી પ્રક્રિયા પર પોતાની અસહમતિ વ્યક્ત કરી. રાહુલે સોશિયલ મીડિયા પર એક પત્ર શેર કરીને આરોપ લગાવ્યો કે પસંદગી માટે જે 69 ઉમેદવારોની યાદી આપવામાં આવી છે. તેમની વિગતો ઉપલબ્ધ કરાવવામાં આવી નથી.



### CBI ડાયરેક્ટરની પસંદગી પ્રક્રિયા શું છે

CBI ડાયરેક્ટરની પસંદગી માટે વડાપ્રધાન, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતાની બેઠકમાં નામ અંતિમ કરવામાં આવે છે. ત્યારબાદ, ગૃહ મંત્રાલય તરફથી નિર્દેશ મળ્યા પછી ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ (DOPT) આદેશ જારી કરે છે. 2019માં સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર, જે વરિષ્ઠ અધિકારીઓની નિવૃત્તિને છ મહિનાથી ઓછો સમય બાકી હોય, તેવા કોઈ પણ અધિકારીને CBI ડાયરેક્ટરના પદ માટે વિચારણામાં લઈ શકાય નહીં.

રાહુલે કહ્યું- CBI ડાયરેક્ટરની પસંદગી પ્રક્રિયા માત્ર એક ઔપચારિકતા બનાવી દેવામાં આવી છે. હું આ પક્ષપાતી કામમાં સામેલ થઈને મારી બંધારણીય ફરજથી પાછળ હટી શકતો નથી.

# બંગાળમાં ગૌહત્યા પર પ્રતિબંધ, કતલખાના પણ બંધ

## ઉલ્લંઘન કરવા પર થશે જેલ, સુવેન્દુ સરકાર 75 વર્ષ જુનો કાયદો લાવી; સરકારી સર્ટિફિકેટ વિના ગાય, બળદ, ભેંસ મારી શકાશે નહીં

(એજન્સી) પશ્ચિમ બંગાળ। તા. 14

પશ્ચિમ બંગાળની BJP સરકારે રાજ્યમાં ગાયોની હત્યા પર પ્રતિબંધ મૂક્યો છે. CM સુવેન્દુએ 1950ના બંગાળ કાયદા અને 2018ના કલકત્તા હાઈકોર્ટના આદેશનો હવાલો આપતા એક નોટિસ જારી કરી છે. આ નોટિસમાં કહેવામાં આવ્યું છે કે 'ફિટનેસ સર્ટિફિકેટ' વિના કોઈપણ પશુ-ભેંસની હત્યા સંપૂર્ણપણે પ્રતિબંધિત છે.



બંગાળ સરકારે કહ્યું કે ફિટનેસ સર્ટિફિકેટ ફક્ત કોઈ નગરપાલિકાના અધ્યક્ષ, કોઈ પંચાયત સમિતિના પ્રમુખ અને એક સરકારી પશુચિકિત્સક સાથે મળીને જારી કરવામાં આવશે.

આ સર્ટિફિકેટ ત્યારે જ જારી થશે જ્યારે ઓથોરિટી સહમત થાય કે પ્રાણી 14 વર્ષથી વધુ ઉંમરનું છે, તે પ્રજનન માટે લાયક નથી અને ઘરડું છે. ઈજાગ્રસ્ત અને અપંગ છે, અથવા અસાધ્ય રોગને કારણે અક્ષમ છે.

આ ઉપરાંત, સાર્વજનિક કતલખાનાઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સરકારે કહ્યું છે કે પ્રાણીઓની હત્યા ફક્ત નગરપાલિકાના કતલખાનામાં, અથવા સ્થાનિક પ્રશાસન દ્વારા નિર્ધારિત કતલખાનામાં જ કરવામાં આવશે.

કેસી વેણુગોપાલનું પત્તું કપાયું, ચૂંટણીના પરિણામો જાહેર થયાના 10 દિવસ પછી નામની જાહેરાત

# વીડી સતીશન કેરળના નવા મુખ્યમંત્રી

(એજન્સી) તિરુવનંતપુરમ। તા. 14

કોંગ્રેસ નેતા વીડી સતીશન કેરળના આગામી મુખ્યમંત્રી બનશે. કોંગ્રેસે ગુરુવારે રાજ્યના ચૂંટણી પરિણામો જાહેર થયાના 10 દિવસ પછી તેની જાહેરાત કરી. સતીશન પારાવુર બેઠક પરથી ધારાસભ્ય છે.

કેરળમાં મુખ્યમંત્રી પદ માટે કેસી વેણુગોપાલ, રમેશ ચેન્નીથલા અને વીડી સતીશન એમ ત્રણ નામો ચર્ચામાં હતા. કોંગ્રેસ હાઈકમાન્ડે સતીશનના નામ પર મહોર લગાવી.

કેરળના સીએમ પદ માટે રાજ્યની અલપ્પુઝા બેઠક પરથી લોકસભા સાંસદ કેસી વેણુગોપાલ રાહુલ ગાંધીની પ્રથમ પસંદગી હોવાનું કહેવાતું હતું. રાહુલે 11 મેના રોજ દિલ્હીમાં વેણુગોપાલ સાથે મુલાકાત પણ કરી હતી. કોટ્ટાયમના ધારાસભ્ય રાધાકૃષ્ણને પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે હાઈકમાન્ડે તમામ પક્ષોના મંતવ્યો સાંભળ્યા હતા અને આ સમગ્ર પ્રક્રિયામાં રાહુલ સીધા સામેલ હતા.



### મુખ્યમંત્રી પદ માટે 3 નેતાઓના નામ હતા, સતીશનની પસંદગી થઈ

- મુખ્યમંત્રી પદની રેસમાં વીડી સતીશન, કેસી વેણુગોપાલ અને રમેશ ચેન્નીથલાના નામ ચર્ચાઈ રહ્યા હતા. પરિણામ પછી કેરળ કોંગ્રેસ લાંબા સમયથી અલગ-અલગ જૂથોમાં વહેંચાયેલી રહી. એક જૂથ સતીશનના સમર્થનમાં હતું, જેમને નવી પેઢી અને આક્રમક વિરોધ પક્ષનો ચહેરો માનવામાં આવે છે.

- બીજું જૂથ વેણુગોપાલ અને ચેન્નીથલાની તરફેણમાં હતું. એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે મોટાભાગના ધારાસભ્યો વેણુગોપાલના સમર્થનમાં હતા. વેણુગોપાલને કેન્દ્રીય નેતૃત્વના નજીકના નેતા માનવામાં આવે છે, જ્યારે સતીશનનો મજબૂત જનાધાર હતો. વેણુગોપાલને મુખ્યમંત્રી ન બનાવવા માટે પોસ્ટરો પણ લગાવવામાં આવ્યા હતા.

ચાંદખેડા ખાતે ટ્રસ્ટી મંડળની બેઠક મળી, ભવિષ્યના સેવાકાર્યોનું ઘડાયું મજબૂત માળખું

# સમાજસેવાનું નવું સોપાન: 'V SEED 282 TRUST' ની પ્રથમ મિટિંગમાં હોદ્દેદારોની વરણી

### ૧૨ પાયાના સભ્યોના યોગદાનની સરાહના અને મહત્વના હોદ્દાઓ પર સર્વાનુમતે વરણી




ચાંદખેડા | સામાજિક જવાબદારી અને સેવાના ઉમદા હેતુ સાથે સ્થપાયેલા 'V SEED 282 TRUST, કલોલ' ની પ્રથમ સત્તાવાર બેઠક ગાંધીનગર ચેરિટી કમિશનર કચેરી ખાતે નોંધણી થયા બાદ ગત ૧૦ મે ૨૦૨૬ના રોજ ચાંદખેડા સ્થિત હાઈવે મોલ ખાતે મળી હતી. આ બેઠક ટ્રસ્ટના ભવિષ્યના આયોજન અને સંગઠનાત્મક માળખાને આખરી ઓપ આપવા માટે અત્યંત મહત્વની સાબિત થઈ છે. પ્રૌઢ આગેવાન મણિભાઈ ડરણવાળાના ગરિમાપૂર્ણ અધ્યક્ષસ્થાને મળેલી આ સભામાં ટ્રસ્ટના પાયાના ૧૨ સભ્યોની કામગીરીને બિરદાવવામાં આવી હતી.સભાની શરૂઆતમાં આ મુહિમને સફળ બનાવવા માટે જે ૧૨ સભ્યોએ દિવસ-રાત એક કરીને ટ્રસ્ટનો પાયો નાખ્યો છે, તેમના ઈતિહાસ અને સંઘર્ષની માહિતી આપવામાં આવી હતી. આ સભ્યોના નિઃસ્વાર્થ યોગદાનને કારણે જ ટ્રસ્ટ આજે સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવ્યું છે, જે બદલ તમામની વિશેષ સરાહના કરવામાં આવી હતી.ટ્રસ્ટના સુચારુ સંચાલન માટે લોકશાહી ઢબે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં ચીફ પેટ્રન તરીકે શ્રી ધનરાજભાઈ રાજપાલની પસંદગી કરાઈ છે.

## સાસણગીરમાં ઈન્ટરનેશનલ બિગ કેટ આલિયાન્ઝ સમિટ ની પૂર્વ સંધ્યાએ : ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર એક અજાણ્યા વાહને સિંહબાળને અડફેટે લેતા તેનું કરુણ મોત નિપજ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

એશિયાટિક સિંહોના ગઢ ગણાતા અમરેલી જિલ્લામાં ફરી એકવાર વનરાજ માટે માઠા સમાચાર સામે આવ્યા છે.ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર એક અજાણ્યા વાહને સિંહબાળને અડફેટે લેતા તેનું કરુણ મોત નિપજ્યું છે. આ ઘટનાને પગલે વન્યજીવ પ્રેમીઓમાં ભારે રોષ અને શોકની લાગણી જોવા મળી રહી છે.મળતી માહિતી મુજબ, રાજુલા તાલુકાના દાતરડી ગામ પાસેથી પસાર થતા ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર આ અકસ્માત સર્જાયો હતો. આશરે એક વર્ષની ઉંમરનું સિંહબાળ રસ્તો ઓળંગી રહ્યું હતું, ત્યારે પૂરપાટ ઝડપે આવતા કોઈ અજાણ્યા વાહને તેને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે માસૂમ સિંહબાળનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.આ કોઈ પહેલી ઘટના નથી જ્યારે હાઈવે પર વન્યજીવોએ પોતાનો જીવ ગુમાવ્યો હોય. અગાઉ પણ આ વિસ્તારમાં અનેકવાર સિંહ અને દીપડાઓના વાહનોની અડફેટે કે ટ્રેનની નીચે આવી જવાથી મોતના બનાવો બની ચૂક્યા છે. વારંવાર બનતી આવી ઘટનાઓ વન વિભાગ અને તંત્રની કામગીરી પર અનેક સવાલો ઉભા કરે છે. શું હાઈવે પર વન્યજીવોની અવરજવર વાળા વિસ્તારોમાં સ્પીડ લિમિટનું પાલન થાય છે? શું વન વિભાગ દ્વારા આ વિસ્તારોમાં પૂરતું પેટ્રોલિંગ કરવામાં આવે છે? સિંહોની સુરક્ષા માટે લેવાતા પગલાંઓ માત્ર કાગળ પર જ સીમિત છે?

દરેક હૃદયના દેવ બાબા હરદેવ સિંહ જીને અર્પિત શ્રદ્ધા સુમન

# માનવ જીવનનો દરેક ક્ષણ માનવતા અને ભક્તિમાં સમર્પિત થાય




અમદાવાદ | શ્રદ્ધા, ભક્તિ અને આધ્યાત્મિક ચેતનાથી પરિપૂર્ણ દિવ્ય વાતાવરણમાં સંત નિરંકારી મિશન દ્વારા યુગદ્રષ્ટા બાબા હરદેવ સિંહ જીની સ્મૃતિમાં સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ સમાલખા ખાતે પરમ શ્રદ્ધેય સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ તથા નિરંકારી રાજપિતા રમિત જીના સાન્નિધ્યમાં ભાવપૂર્ણ સંત સમાગમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ માં પણ સમર્પણ દિવસ ના અવસર પર એક વિશાળ સત્સંગ નું આયોજન કુબેરનગર માં આવેલ સંત નિરંકારી સત્સંગ ભવન ખાતે ૧૩.૦૫.૨૦૨૬, બુધવાર ના રોજ સાંજે ૫ થી ૮ દરમિયાન કરવામાં આવ્યું હતું. સત્સંગ ની અધ્યક્ષતા અમદાવાદ ના ઝોનલ ઈનચાર્જ ધરમપાલ મોટવાની જી દ્વારા કરવા આવી હતી જેમાં અમદાવાદ ની આસપાસ ના હજારો સંતો મહાત્માઓ હાજર રહ્યા હતા. દિલ્હી ના આ આયોજનમાં લાખો શ્રદ્ધાળુઓએ સત્ગુરુનાં પાવન દર્શન અને અમૃતમયી પ્રવચનોને શ્રવણ કરીને આત્મિક શાંતિ, આનંદ અને દિવ્ય પ્રેરણાનો અનુભવ પ્રાપ્ત કર્યો.આ અવસરે સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજે તેમના આશીર્વચનોમાં ફરમાવ્યું કે બાબા જીનું સમગ્ર જીવન માનવતા, સેવા અને પ્રેમ ભક્તિનું દિવ્ય ઉદાહરણ રહ્યું છે. તેમણે પ્રેરિત કર્યું કે માનવ જીવનનો પ્રત્યેક ક્ષણ સાર્થક બને અને દરેક ક્ષણ માનવતા, કરુણા તથા માનવીય મૂલ્યોનો પુરાવો પ્રસ્તુત કરે.

NEET પેપર લીકના આરોપી ભાજપ સાથે જોડાયેલ : ગૌરી દેસાઈ AAP

# NEET પેપર લીકથી 23 લાખ વિદ્યાર્થીઓના સપનાઓ પર પાણી ફરી વળ્યું : ગૌરી દેસાઈ

### વર્ષોથી મહેનત કરનારા વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ભાજપ સરકારે ખેલ કર્યો : ગુજરાતમાં 10 વર્ષમાં 34 પેપર લીક, હવે આ મોડલ દેશભરમાં અમલમાં : ગૌરી દેસાઈ AAP



અમદાવાદ/ગુજરાત | આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે ભારતમાં ફરીથી NEETનું પેપર લીક થયું અને તેના કારણે આજે તે પરીક્ષા રદ કરવામાં આવી છે. જેના કારણે પરીક્ષાની તૈયારી કરેલા 23 લાખથી વધુ વિદ્યાર્થીઓના સપનાઓ પર પાણી ફરી વળ્યું છે. તેમના પરિવારે વિદ્યાર્થીઓ પાછળ પોતાનો સમય, પૈસા અને મહેનત બધું જ રોકાણ કર્યું હતું, પરંતુ આજે એ બધું શૂન્ય થઈ ગયું છે. ઘણા ગરીબ પરિવારો વ્યાજે પૈસા લઈને, લોન લઈને અને પોતાની મૂડી વેચીને બાળકોની ફી ભરે છે, પરંતુ આજે તેમના તમામ સપનાઓ તૂટી ગયા છે.

ભારતીય જનતા પાર્ટી વિશ્વની સૌથી મોટી પાર્ટી હોવાનો દાવો કરે છે, પરંતુ આજે તે વિદ્યાર્થીઓને જવાબ આપવાની સ્થિતિમાં નથી. આ પહેલી વખત NEETનું પેપર લીક થયું નથી. વર્ષ 2017, 2021 અને 2024માં પણ NEETનું પેપર લીક થયું હતું. ત્યારે પ્રશ્ન એ છે કે આ પેપર લીકના આરોપીઓમાંથી કેટલાને પકડવામાં આવ્યા અને કેટલાને સજા આપવામાં આવી? જો તે સમયે કડક કાર્યવાહી અને દાખલો બેસાડવામાં આવ્યો હોત તો આજે વિદ્યાર્થીઓને આ હાલાકી ભોગવવાનો વારો ન આવ્યો હોત. ગુજરાતમાં ભાજપની ડબલ એન્જિન સરકારમાં છેલ્લા દસ વર્ષમાં અંદાજિત 34 જેટલા પેપરો ફૂટ્યા છે. એટલે ગુજરાતની જનતાને તો આ પરિસ્થિતિ માટે ટેવાઈ જવા મજબૂર કરવામાં આવી છે. હવે આ મોડલ સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી રહ્યું છે.

'આપ' નેતા ગૌરી દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે સૌથી મોટી વાત એ છે કે આ NEET પેપર લીક કાંડમાં જે વ્યક્તિનું નામ આરોપી તરીકે સામે આવ્યું છે તે ભારતીય જનતા પાર્ટીનો રાજસ્થાનનો પદાધિકારી હોવાનું સામે આવ્યું છે. રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી તેમજ અન્ય મોટા અધિકારીઓએ પણ આ બાબત જાહેર કરી છે. એટલે જ્યાં જ્યાં આવા કૌભાંડો સામે આવે છે ત્યાં આરોપીઓ ક્યાંક ને ક્યાંક ભાજપ સાથે જોડાયેલા જ જોવા મળે છે. ભાજપ કહે છે કે કોઈને છોડવામાં નહીં આવે, પરંતુ પછી સજા કેમ નથી થતી? કારણ કે આવા કૃત્યોમાં સંડોવાયેલા લોકો ભાજપના હોદ્દેદારો કે ભાજપ સાથે જોડાયેલા લોકો જ હોય છે. તેમણે માંગણી કરી હતી કે 23 લાખ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારના જે સપનાઓ તૂટી ગયા છે, તેના જવાબદાર આરોપીઓને કડકમાં કડક સજા થવી જોઈએ. માત્ર કાગળ પરની કાર્યવાહી કે ભાષણોથી નહીં, પરંતુ ખરા અર્થમાં દાખલો બેસાડવામાં આવે તેવી કાર્યવાહી થવી જોઈએ. આવા આરોપીઓના ઘર પર બુલડોઝર ચલાવવામાં આવે અને એવી સજા કરવામાં આવે કે આવનારા સમયમાં કોઈ વ્યક્તિ આવું કૃત્ય કરતા પહેલાં દસ વખત વિચાર કરે. વર્ષોથી તૈયારી કરનારા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારના સપનાઓ સાથે થયેલો ખેલ નાની બાબત નથી. તેથી આ કેસમાં એવી કડક કાર્યવાહી થવી જોઈએ કે ભવિષ્યમાં આ છેલ્લું પેપર લીક કાંડ સાબિત થાય.

## સરકાર પેપર લીકનું સમાધાન કાઢે, નહીંતર યુવાનોએ સમાધાન કાઢવું પડશે: ગોપાલ રાય

અમદાવાદ : NEET પેપર લીક AAP ગુજરાત પ્રભારી ગોપાલ રાયએ મોટું નિવેદન આપતા જણાવ્યું કે આજકાલ દેશભરમાં એક જ ચર્ચા ચાલી રહી છે કે ફરી એકવાર દેશના વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે મોટો દગો થયો છે. NEET UGનું પેપર લીક થયું છે. પરંતુ આ માત્ર પેપર લીક થવાનો મુદ્દો નથી, આ તો ભારતના 22 લાખ યુવાનોના ભવિષ્યનું લીક થવું છે. એક વખત વિચારવાની જરૂર છે કે ખેડૂતનો દીકરો, મજૂરનો દીકરો, વેપારીનો દીકરો, ગરીબ પરિવારની દીકરી અને મહેનત કરતા પરિવારોના બાળકો પોતાનું ભવિષ્ય સુધારવા માટે બધું દાવ પર લગાવીને એક રૂમમાં દિવસ-રાત મહેનત કરીને પરીક્ષાની તૈયારી કરે છે, ત્યારે તેમના દિલ પર શું વીતી હશે જ્યારે તેમને ખબર પડી કે તેમની વર્ષોની મહેનત અને સપનાઓ પર પેપર લીકે પાણી ફેરવી દીધું. તેમના માતા-પિતાની સ્થિતિ શું થઈ હશે? અને આ પહેલીવાર નથી. ભારતમાં હવે પેપર લીક સામાન્ય ઘટના બની ગઈ છે. આજે દરેક વિદ્યાર્થી અને દરેક વાલીના મનમાં ડર છે કે તેઓ જે પરીક્ષાની તૈયારી કરે છે તેનું પેપર લીક થશે કે નહીં. આ ડર કોઈ કારણ વગર નથી ઊભો થયો. 2014થી અત્યાર સુધીમાં દેશભરમાં અલગ અલગ પરીક્ષાઓના કુલ 93 પેપર લીક થઈ ચૂક્યા છે. આ તમામ પરીક્ષાઓમાં અંદાજે 6 કરોડ યુવાનોએ પોતાનું ભવિષ્ય બનાવવા માટે મહેનત કરી હતી, પરંતુ તેમના સપનાઓ પર પેપર લીકે પાણી ફેરવી દીધું.ગોપાલ રાયએ વધુમાં જણાવ્યું કે વર્ષ 2014માં CPMTનું પેપર લીક થયું, 2015માં AIPMTનું પેપર લીક થયું, 2016માં ROAROનું પેપર લીક થયું, 2017માં મહારાષ્ટ્ર HSCનું પેપર લીક થયું, 2018માં ગુજરાત કોન્સ્ટેબલ પરીક્ષા અને CBSEના મેથ્સ તથા ઈકોનોમિક્સના પેપર લીક થયા, 2019માં RRD CBTનું પેપર લીક થયું, 2020માં UP બોર્ડનું પેપર લીક થયું, 2021માં UPTETનું પેપર લીક થયું, 2022માં રાજસ્થાન ફોરેસ્ટ ગાર્ડનું પેપર લીક થયું, 2023માં SSC અને REETના પેપર લીક થયા, 2024માં UP પોલીસ કોન્સ્ટેબલ, UPPSC અને UGC-NETના પેપર લીક થયા અને હવે 2026માં NEET UGનું પેપર લીક થયું છે. પ્રશ્ન એ છે કે શું દેશની સરકાર નિષ્પક્ષ રીતે પરીક્ષાઓ લેવામાં સક્ષમ નથી? કે પછી પેપર લીક કરનારાઓ સરકાર કરતાં વધુ શક્તિશાળી બની ગયા છે? દેશને વિશ્વગુરુ બનાવવાની મોટી મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ લોકોના મનમાં એક નાનો સવાલ છે કે સરકાર યોગ્ય રીતે પરીક્ષાઓ કેમ નથી લઈ શકતી? કે પછી સરકારના સંરક્ષણ હેઠળ જ પેપર લીક થઈ રહ્યા છે? આજે દરેક પરિવાર માટે પોતાના બાળકોના રોજગાર અને ભવિષ્યનો પ્રશ્ન સૌથી મોટો પ્રશ્ન બની ગયો છે.

## News Brief

### ગાંધીનગરમાં રફ્તારનો કહેર યથાવત : GCA એકેડમીમાં ક્રિકેટ પ્રેક્ટિસ કરી પરત ફરતા ત્રણ ભાઈની રિક્ષાનો અલ્ટોએ કચ્ચરઘાણ વાળ્યો

ગાંધીનગર | ગાંધીનગરના માર્ગો પર બેફામ દોડતા વાહનો હવે નિર્દોષ બાળકો માટે જીવનું જોખમ બની રહ્યા છે. સેક્ટર-9ની GCA ક્રિકેટ એકેડેમીમાં પરસેવો પાડીને ભવિષ્યના સ્ટાર બનવાના સપના આંખોમાં આંજીને પરત ફરી રહેલા આલમપુર ગામના ત્રણ પિતરાઈ ભાઈઓની રિક્ષાને સરિતા ઉદ્યાન પાસે એક કાળમુખી અલ્ટો કારે જોરદાર ટક્કર મારી છે.આ અકસ્માતમાં એક કિશોર જિંદગી અને મોત વચ્ચે જંગ લડી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર આલમપુર ગામમાં રહેતા ભરતભાઈ પટેલનો પુત્ર ધ્યાન, તેનો ભાઈ વ્રજ અને પિતરાઈ ભાઈ આયુષ (ઉંમર આશરે 11 થી 14 વર્ષ) દરરોજની જેમ આજે સેક્ટર-9 GCA ક્રિકેટ એકેડેમીમાં ટ્રેનિંગ માટે ગયા હતા. ટ્રેનિંગ પૂરી કરીને તેઓ વિક્રમભાઈ રામાજી સોલંકીની રિક્ષામાં ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન રિક્ષા સરિતા ઉદ્યાન સામેના ચાર રસ્તાથી વળાંક લઈ રહી હતી. ત્યારે રોકેટ ગતિએ દોડતી કારના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી રિક્ષાને અડફેટે લીધી હતી. પહોળા અને ખુલ્લા રસ્તાઓ મળતા જ વાહનચાલકો સ્પીડની મર્યાદા ભૂલી જાય છે.જે અન્ય નિર્દોષ વાહનચાલકો માટે જોખમ ઉભું કરે છે. પહોળા અને ખુલ્લા રસ્તાઓ મળતા જ વાહનચાલકો સ્પીડની મર્યાદા ભૂલી જાય છે.જે અન્ય નિર્દોષ વાહનચાલકો માટે જોખમ ઉભું કરે છે. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર ત્રણેય ભાઈઓ તેમજ રિક્ષાચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત બાદ એકઠા થયેલા લોકોએ તુરંત 108ને જાણ કરી ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યા હતા. જ્યાં વ્રજની હાલત અત્યંત નાજુક હોવાની સાથે અન્ય બે ભાઈઓ અને રિક્ષાચાલકને પણ ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.

### પુનીયાવાંટ ગામ પાસે 3 વાહનો વચ્ચે ભયંકર અકસ્માત, યુવતીનું મોત, 5 લોકો ઈજાગ્રસ્ત

છોટા ઉદેપુર | છોટા ઉદેપુર જિલ્લાના પુનીયાવાંટ ગામ પાસે આજે ટ્રિપલ અકસ્માતની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલી કાર, ઈકો કાર અને બાઈક વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં એક યુવતીએ જીવ ગુમાવ્યો છે, જ્યારે અન્ય પાંચ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

મળતી માહિતી અનુસાર, મુજબ, પુનીયાવાંટ ગામના મુખ્ય માર્ગ પર કાર, ઈકો કાર અને એક બાઈક વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર યુવતીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ દુર્ઘટનામાં અન્ય પાંચ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. જેમને છોટા ઉદેપુરની સિવિલ હોસ્પિટલ ખાતે વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અકસ્માત થતા જ આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

અકસ્માત અંગે છોટા ઉદેપુર પોલીસને જાણ કરવામાં આવતા પોલીસનો કાફલો તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતક યુવતીના દેહને પીએમ અર્થે ખસેડી અકસ્માતનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

### ગામડી-અસ્લાલી રોડ ટ્રકનું ટાયર તપાસવા નીચે ઉતરેલા ચાલકને ટ્રકે અડફેટે લેતા મોત

અમદાવાદ: અમદાવાદના ગામડી-અસ્લાલી રોડ પર ટ્રકનું ટાયર તપાસવા નીચે ઉતરેલા ચાલકને અન્ય એક પુરપાટ ઝડપે આવતી ટ્રકે અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. આ અકસ્માત બાદ ફરાર થઈ ગયેલા ટ્રક ચાલકની પોલીસે શોધખોળ હાથ ધરી છે. મૃતકની ઓળખ મહેન્દ્રભાઈ શ્યામશંકર પાંડે તરીકે થઈ છે.

મળતી માહિતી અનુસાર, મહેન્દ્રભાઈ પાંડે પોતાની ટ્રક લઈને ગામડી-અસ્લાલી પટ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન શિવ પાર્કિંગ નજીક તેમને વાહનના ટાયરમાં પંચર પડ્યું હોવાની શંકા ગઈ હતી. પોતાની શંકા દૂર કરવા માટે મહેન્દ્રભાઈએ ટ્રક રસ્તાની સાઈડમાં રોકી હતી. તેઓ જેવી ગાડીની નીચે ઉતરીને ટાયરની તપાસ કરવા ગયા, આ દરમિયાન પાછળથી આવી રહેલી એક બેફામ ટ્રકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મહેન્દ્રભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ ઘટના જ્યાં બની તે ગામડી-અસ્લાલી રોડ અમદાવાદમાં આવતા અને જતા ભારે વાહનો માટેનો અત્યંત વ્યસ્ત કોરિડોર માનવામાં આવે છે. અકસ્માત થતા જ આસપાસના સ્થાનિક રહેવાસીઓ અને પસાર થતા વાહનચાલકો મદદે દોડી આવ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જોકે, ગંભીર ઈજાઓને કારણે મહેન્દ્રભાઈ પાંડેને તબીબો દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે અકસ્માત સર્જનાર ટ્રક અને તેના ડ્રાઈવરની ઓળખ કરવા માટે સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓ એકત્રિત કરવાનું શરૂ કર્યું છે.

## સિંહો માટે કુદરતી આવાસો બનશે : અમરેલી ભાવનગર નવ તાલુકામાં સિંહો માટે વિશેષ આવાસો બનશે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગિર અને આસપાસના રેવન્યુ વિસ્તારમાં સતત વધતા સિંહો ના વસવાટ અને માનવ-વન્યજીવ સંઘર્ષની સ્થિતિ વચ્ચે હવે વન વિભાગ દ્વારા એક નવી અને મહત્વાકાંક્ષી પહેલ હાથ ધરવામાં આવી છે. શેત્રુંજી વન્યજીવ વિભાગ દ્વારા અમરેલી અને ભાવનગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સાવજ ગ્રુવ નામથી સિંહોને અનુકૂળ કુદરતી આવાસ વિકસાવવાનો પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવશે. આ યોજના અંતર્ગત આગામી નાણાકીય વર્ષ દરમિયાન કુલ ૧૦૦ જેટલા સાવજ ગ્રુવ તૈયાર કરવાની કામગીરી હાથ ધરાશે. વન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ અમરેલી જિલ્લાના અમરેલી, કુકાવાવ, લીલિયા, રાજુલા અને જાફરાબાદ તાલુકા ઉપરાંત ભાવનગર જિલ્લાના પાલીતાણા, તળાજા, મહુવા અને જેસર તાલુકાઓમાં સરકારી પડતર જમીનો પર આ પ્રોજેક્ટ વિકસાવવામાં આવશે. વન વિભાગનું માનવું છે કે, રેવન્યુ વિસ્તારમાં સતત વિહરતા સિંહોને જો પાણી, છાંયો અને કુદરતી વાતાવરણ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવશે તો તેઓ માનવ વસાહતો તરફ ઓછા વળશે અને અથડામણની ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે.જૂનાગઢ વન્યજીવ વર્તુળના વન સંરક્ષક રામરતન નાલાના માર્ગદર્શન હેઠળ શેત્રુંજી વન્યજીવ વિભાગના નાયબ વન સંરક્ષક ચિરાગ અમીન દ્વારા આ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું છે. સાવજ ગ્રુવ મોડલ અંતર્ગત એવી જગ્યા ઓની પસંદગી કરવામાં આવશે જ્યાં તળાવ અથવા પવનચક્કી સંચાલિત બોર જેવી પાણીની સુવિધા ઉપલબ્ધ હોય. અહીં લીમડો, વડ, પીપળો, ઊંબરો, બીલી, કરમદા, ખાટી આંબલી સહિત સ્થાનિક પ્રજાતિના ૨૧ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે જેથી ભવિષ્યમાં કુદરતી જંગલ જેવી હરિયાળી ઉભી થાય સાથે સિંહો માટે ખાસ પાણીના કુંડ પણ વિકસાવવામાં આવશે જેથી તેમને પાણી માટે ગામડાં તરફ ભટકવું ન પડે.

## AAPના યુવા નેતાઓની અટકાયત, સરકાર દ્વારા વિદ્યાર્થીઓના અવાજને દબાવવાની કોશિશ



અમદાવાદ/રાજકોટ/ગુજરાત | NEET પરીક્ષા રદ કરવામાં આવી હોવાના મુદ્દે આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ ASAP તથા યુથ વિંગ દ્વારા રાજકોટ ખાતે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિરોધ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થી વિંગ, યુથ વિંગ તથા મુખ્ય વિંગના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ ડૉક્ટરનો વેશ ધારણ કરી જાહેર માર્ગ પર ભેગા થઈ વિદ્યાર્થીઓને ન્યાય મળે તેવી માંગ સાથે પ્રતિકાત્મક રીતે જાલમૂરી વિતરણ કરીને વિરોધ નોંધાવ્યો હતો. કાર્યકર્તાઓએ જણાવ્યું હતું કે વારંવાર થતી પેપર લીકની ઘટનાઓને કારણે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ગંભીર ચેડાં થઈ રહ્યા છે અને લાખો વિદ્યાર્થીઓની મહેનત પર પાણી ફરી વળી રહ્યું છે.

વિરોધ કાર્યક્રમ દરમિયાન પોલીસ દ્વારા આશરે 8 જેટલા કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. અટકાયત કરાયેલા કાર્યકર્તાઓમાં પ્રણવ ગઢવી, કલાપી વારા, ફરાઝ મોગલ, આર્યન પઠાણ, દીપ રાણપરિયા, દર્શન ગજેરા, મહેશભાઈ કોટડીયા અને શીતલ ગોહેલનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થતા અન્યાયને બંધ કરી પારદર્શક, નિષ્પક્ષ અને ન્યાયસંગત પરીક્ષા વ્યવસ્થા અમલમાં મુકવાની માંગ સાથે આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ ASAP રાજકોટ અને આપ યુવા વિંગ રાજકોટ દ્વારા આ વિરોધ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## યુવાનોના ભવિષ્ય માટે ગ્રામ પંચાયતનો ઐતિહાસિક ઠરાવ.. “દારૂમુક્ત ડાંગનું ગુરૂડિયચા ગામ

અમરેલી | એશિયાઈ સિંહોના ઘર ગણાતા અમરેલી જિલ્લામાં વન્યજીવ પ્રેમીઓ માટે અત્યંત દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર રાજુલાના દાંતરડી ગામ નજીક એક અજાણ્યા વાહને અડફેટે લેતા એક વર્ષના સિંહબાળનું મોત નીપજ્યું હતું. જોકે, આ ઘટનામાં વનવિભાગે ત્વરિત કાર્યવાહી કરીને જવાબદાર વાહનચાલકની અટકાયત કરી લીધી છે. મળતી માહિતી મુજબ, રાજુલાના દાંતરડી ગામ નજીકથી પસાર થતા નેશનલ હાઈવે પર મોડી રાત્રે અંદાજે એક વર્ષનું સિંહબાળ રોડ ક્રોસ કરી રહ્યું હતું. આ દરમિયાન પુરપાટ ઝડપે આવી રહેલા એક અજાણ્યા વાહને સિંહબાળને જોરદાર ઠોકર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ગંભીર ઈજાઓને કારણે સિંહબાળનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સિંહબાળના મોતના સમાચાર મળતા જ વનવિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. વનવિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

# AAP છોડીને ગયેલા અને બેરોજગાર બનેલા લોકો AAPની ભવિષ્યવાણી કરી રહ્યા છે: રામ ધડુક, પ્રદેશ સંગઠન મંત્રી AAP

અમદાવાદ/જૂનાગઢ/ગુજરાત | આમ આદમી પાર્ટી પ્રદેશ સંગઠન મંત્રી રામ ધડુકે વિડીયોના માધ્યમથી જણાવ્યું હતું કે થોડા સમય પહેલા આમ આદમી પાર્ટી છોડી ભાજપમાં જોડાયેલા રાજુ કરપડા અને કરશન બાપુ ભાદરકા ન્યૂઝમાં આમ આદમી પાર્ટીની ભવિષ્યવાણી કરતા હતા. તેઓ કહી રહ્યા હતા કે આમ આદમી પાર્ટીના અમુક નેતા આવનારા સમયમાં બીજી પાર્ટીમાં જશે, અરવિંદ કેજરીવાલ આ પાર્ટીમાં છે, ભાગવંત માન આ પાર્ટીમાં જશે, ઈસુદાન ગઢવી,ગોપાલ ઈટાલિયા આ પાર્ટીમાં જશે. અમને પણ ખબર છે કે તમે આમ આદમી પાર્ટી છોડીને ગયા પછી બેરોજગાર બની ગયા છો અને ગુજરાતની જનતાને લઈને તમારી પાસે કોઈ કામ રહ્યું નથી. આજે તમે આમ આદમી પાર્ટીની ભવિષ્યવાણી કરો છો, પરંતુ જ્યારે આમ આદમી પાર્ટી સંઘર્ષ કરી રહી હતી ત્યારે તમે તક જોઈને પાર્ટીમાં આવ્યા હતા. વર્ષોથી સંઘર્ષ કરનારા અનેક કાર્યકર્તાઓએ આમ આદમી પાર્ટીનો પાયો નાખ્યો છે. સુરતમાં 27 બેઠકો સાથે મુખ્ય વિપક્ષ બન્યા પછી અને વિધાનસભામાં સારો દેખાવ કર્યા પછી તમે રાજકીય તક અને લાભ માટે આમ આદમી પાર્ટીમાં આવ્યા હતા. દરેક કાર્યકર્તાએ તમને માન-સન્માન આપ્યું, તમને નેતા બનાવ્યા અને પછી ભાજપે તમને બોલાવીને પટ્ટા પહેરાવ્યા. તમે બંને મારા સારા મિત્રો છો, એટલા માટે અત્યાર સુધી તમારા વિશે એક પણ વાત નથી કરી. પરંતુ હવે જ્યારે તમે ભાજપમાં જઈને આમ આદમી પાર્ટી વિશે વાતો કરો છો, ત્યારે હું કહેવા માંગુ છું કે તમે ભાજપની ભવિષ્યવાણી કરો કે ખેડૂતોનું દેવું ક્યારે માફ થશે, ખેડૂતોની આવક ક્યારે ડબલ થશે, ખેડૂતોને દિવસે વીજળી ક્યારે મળશે, સિંચાઈ માટે પૂરતું પાણી ક્યારે મળશે.

આપ નેતા રામ ધડુકે વધુમાં જણાવ્યુ હતુ કે તમે ભવિષ્યવાણી કરો કે ગુજરાતમાં સારી સરકારી શાળાઓ ક્યારે બનશે. દિલ્હીમાં અરવિંદ કેજરીવાલે જે શિક્ષણ મોડલ ઊભું કર્યું છે તેવી સ્કૂલો ગુજરાતમાં ભાજપ સરકાર ક્યારે બનાવશે. તમે એ પણ કહો કે દિલ્હીના મહોલ્લા ક્લિનિક જેવી આરોગ્ય સેવાઓ ગુજરાતમાં ક્યારે મળશે. ગુજરાતના લાખો બેરોજગાર યુવાનોને રોજગારી ક્યારે મળશે તેની ભવિષ્યવાણી કરો. NEETની પરીક્ષાનું પેપર ફરી ફૂટ્યું છે અને પરીક્ષા ફરી લેવામાં આવશે. પેપર ફૂટવાનું ક્યારે બંધ થશે તેની ભવિષ્યવાણી તમે કરો. અસંખ્ય વિદ્યાર્થીઓના ભવિષ્ય અને સપનાઓ તૂટી રહ્યા છે, વાલીઓના સપનાઓ રોળાઈ રહ્યા છે, તે ક્યારે બંધ થશે તેની ભવિષ્યવાણી કરો. આમ આદમી પાર્ટીની ભવિષ્યવાણી કરીને તમને થોડા લાઈક મળી જશે, પરંતુ જો તમે સાચા અર્થમાં નેતા બનવા માંગતા હો તો લોકોની વચ્ચે રહો, લોકોના પ્રશ્નો અને પીડા સમજો. અરવિંદ કેજરીવાલ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતા છે, જેમણે આ પાર્ટીની સ્થાપના કરી અને દેશને શિક્ષણ, સ્વાસ્થ્ય અને કામની રાજનીતિ આપી. આજે ગુજરાતમાં મહિલાઓ માટે ફ્રી મુસાફરી અને સન્માન રાશિ જેવી વાતો પણ અરવિંદ કેજરીવાલની રાજનીતિના કારણે જ ચર્ચામાં આવી છે. તમે પણ આમ આદમી પાર્ટીના પ્લેટફોર્મ પરથી મોટા બન્યા છો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## બસ અને ટેન્કર વચ્ચે પ્રચંડ ટક્કર, મધરાતે હાઈવે પર ચીસાચીસ

# ચોટીલા હાઈવે બસ અકસ્માતમાં 4 મુસાફરો જીવતા ભૂંજાયા

(એજન્સી) વડોદરા । તા. 14

રાજકોટ-ચોટીલા હાઈવે પર મોડી રાત્રે એક કાળજું કંપી જાય તેવી કરુણાંતિકા સર્જાઈ છે. સાંગાણી ગામ નજીક એક ખાનગી બસ અને ડામર ભરેલા ટેન્કર વચ્ચે થયેલી પ્રચંડ ટક્કર બાદ બસમાં ભયાનક આગ ફાટી નીકળી હતી. આ ભયાનક અકસ્માતમાં બસ સવાર ચાર કમનસીબ મુસાફરો જીવતા ભૂંજાયા છે, જ્યારે અન્ય ૧૦ જેટલા મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત એટલો ભીષણ હતો કે બસ પળવારમાં 'ફાયરબોલ' બની ગઈ હતી, જેના કારણે અંદર ફસાયેલા મુસાફરોને બહાર નીકળવાની તક સુધ્ધાં મળી નહોતી.

આ દુર્ઘટના મોડી રાત્રે દોઢથી બે વાગ્યાના સુમારે સર્જાઈ હતી. અમદાવાદથી રાજકોટ તરફ જઈ રહેલી એક ખાનગી લક્ઝરી બસ જ્યારે સાંગાણી ગામ પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે તેની આગળ જઈ રહેલા ડામર ભરેલા ટેન્કરનું ટાયર અચાનક ફાટ્યું હતું. ટાયર ફાટતા ટેન્કર ચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને પાછળથી પૂરઝડપે આવતી બસ સીધી ટેન્કર સાથે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ક્ષણવારમાં જ બંને વાહનોમાં આગ લાગી ગઈ હતી. જોતજોતામાં આગે આખી બસને લપેટમાં લઈ લીધી હતી.





આ હોનારતમાં ચાર લોકો બસની અંદર જ ફસાઈ ગયા હતા અને આગની જ્વાળાઓમાં જીવતા બળી ગયા હતા. આગ એટલી વિકરાળ હતી કે મૃતદેહો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા છે, જેને કારણે તેમની ઓળખ કરવી પણ પોલીસ અને તબીબો માટે મોટો પડકાર બની ગઈ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૧૦ જેટલા ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જેમાંથી ત્રણથી ચાર મુસાફરોની હાલત અત્યંત ગંભીર હોવાનું જણાવાઈ રહ્યું છે. અન્ય મુસાફરો બસના કાચ તોડીને બહાર નીકળવામાં સફળ રહ્યા હતા, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.

પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ અકસ્માત બાદ થયેલું શોર્ટ સર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે. જોકે, ટેન્કરમાં ગરમ ડામર ભરેલો હોવાથી આગે વધુ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હોવાની પણ શક્યતા છે. અકસ્માતની જાણ થતા જ હાઈવે પોલીસ અને ફાયર ફાઈટરની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ અકસ્માતને પગલે હાઈવે પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો અને પોલીસે ક્રેન દ્વારા બળી ગયેલા વાહનોને ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.

### ઈજાગ્રસ્તોની સારવાર અને તંત્રની કામગીરી

ઘટનાની ગંભીરતાને જોતા રાજકોટ અને ચોટીલાથી એમ્બ્યુલન્સની ટુકડીઓ દોડી આવી હતી. ગંભીર રીતે દાઝી ગયેલા મુસાફરોને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. સ્થાનિક ગ્રામજનોએ પણ બચાવ કામગીરીમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને ઈજાગ્રસ્તોને વાહનોમાંથી બહાર કાઢવામાં મદદ કરી હતી. પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી ટેન્કર ચાલક અને બસના સંચાલકો સામે તપાસ શરૂ કરી છે.

## ગીરના સિંહ ઉકરડામાં ખોરાક શોધતા વાયરલ વિડીયો હૃદયદ્રાવક દ્રશ્યો



જૂનાગઢ | એશિયાટિક સિંહોના એકમાત્ર આશ્રયસ્થાન ગીરના જંગલોમાંથી એક એવો વિડીયો સામે આવ્યો છે જેણે વન્યજીવ પ્રેમીઓના કાળજા ચીરી નાખ્યા છે. જે સિંહોની ગર્જના આખા વિશ્વમાં ગૌરવ વધારે છે, તે જ સિંહણ આજે માનવ વસાહત નજીક ઉકરડા ફેંદવા મજબૂર બની છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ હૃદયદ્રાવક વિડીયોમાં એક સિંહણ પ્લાસ્ટિકના કોથળા વીંખીને તેમાંથી ખોરાક શોધતી જોવા મળી રહી છે. આ ઘટના એવા સમયે સામે આવી છે જ્યારે સરકાર સિંહ સંરક્ષણની સફળતાને વૈશ્વિક મંચ પર ઉજવવાની તૈયારી કરી રહી છે. ગીરની બોર્ડર પર રેવન્યુ વિસ્તારમાં વન્યજીવોની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ હોવાનું આ વિડીયો પરથી સાબિત થાય છે. સામાન્ય રીતે હરણ કે નીલગાય જેવા શાકાહારી પ્રાણીઓ પ્લાસ્ટિક ખાતા જોવા મળતા હતા, પરંતુ હવે સિંહ જેવા શિકારી પ્રાણીઓ પણ કચરાના ઢગલામાં મોઢું મારતા થયા છે. મીડિયા અહેવાલ મુજબ, આ પરિસ્થિતિ વન વિભાગની કામગીરી અને પ્રવાસન સ્થળો પર ફેલાતા પ્લાસ્ટિકના પ્રદૂષણ સામે લાલબત્તી સમાન છે.

## વડોદરા 4.92 કરોડની ઠગાઈ રાધે એન્ટરપ્રાઇઝનો સંચાલક ઝડપાયો, વડોદરા ક્રાઈમ બ્રાન્ચ મોટી સફળતા

(એજન્સી) વડોદરા । તા. 14

સસ્તું સોનું અપાવવા અને કરોડો રૂપિયાની લોન મંજૂર કરાવવાના બહાને કર્ણાટકના વેપારી સાથે ૪.૯૨ કરોડની ઠગાઈ કરવાના હાઈપ્રોફાઈલ કેસમાં વડોદરા ક્રાઈમ બ્રાન્ચને વધુ એક મોટી સફળતા મળી છે. પોલીસે આ કૌભાંડમાં સંડોવાયેલા રાધે ફાઈનાન્સના મૂળ સંચાલક અલ્પેશ ચીખલેને રેલવે સ્ટેશન નજીકથી ઝડપી પાડ્યો છે. આ કેસમાં અગાઉ મુખ્ય સૂત્રધારની ધરપકડ બાદ હવે તેના સાથીદારની ધરપકડ થતા ઠગ ટોળકીના અનેક રહસ્યો બહાર આવે તેવી શક્યતા છે.



ઘટનાની વિગત મુજબ, કર્ણાટકના વેપારી મંજૂ રવિને ૧૦ કરોડની લોન અપાવવાની અને સસ્તું સોનું આપવાની લાલચ આપી વડોદરાની આ ઠગ ટોળકીએ જાળમાં ફસાવ્યા હતા. ટોળકીએ વેપારીને અનેકવાર વડોદરા બોલાવી અને ક્યારેક પોતે કર્ણાટક જઈને વિશ્વાસ કેળવ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ ટોળકીએ વેપારી પાસેથી ટુકડે-ટુકડે ૪.૯૨ કરોડ પડાવી લીધા હતા. હદ તો ત્યારે થઈ જ્યારે ૩ કિલો સોનાની ડિલિવરી આપતી વખતે નકલી પોલીસ બોલાવી વેપારીને ડરાવી-ધમકાવી ત્યાંથી ભગાડી દેવામાં આવ્યો હતો.

આ કેસમાં પાંચ દિવસ પૂર્વે ક્રાઈમ બ્રાન્ચે ગેંડા સર્કલ પાસે એટલાન્ટિસ બિલ્ડિંગમાં રાધે ફાઈનાન્સના સંચાલક તરીકે ઓળખ આપનાર મુખ્ય સૂત્રધાર ઈલિયાસ અજમેરી ઉર્ફે રાજવીરની ધરપકડ કરી હતી.





## સુરત મનપા ઉધના ઝોન ડિમોલિશન વિવાદ: અધિકારીઓની મનમાની

(એજન્સી) સુરત । તા. 14

સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોનમાં અધિકારીઓ અને રાજકીય પાંખ વચ્ચેનો સંઘર્ષ હવે ખુલ્લેઆમ સપાટી પર આવ્યો છે. શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલની સૂચનાને બાજુ પર મૂકી, ફોન સ્વીચ ઓફ કરીને ઉધના ઝોનના અધિકારીઓએ ડિમોલિશનની કાર્યવાહી કરતા પાલિકાના રાજકારણમાં ભૂકંપ સર્જાયો છે. ઝોનલ ચીફ સ્વાતિ દેસાઈ અને ઝોનલ ઓફિસર ભૈરવ દેસાઈની આ કાર્યશૈલી સામે શાસક પક્ષના સંગઠનમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, ઉધનાના લક્ષ્મીનારાયણ એસ્ટેટમાં એક પ્લોટના વધારાના બાંધકામ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. આ પહેલા ભાજપ પ્રમુખે અધિકારીઓને તપાસ કરવા જણાવ્યું હતું કે જો આસપાસ અન્ય ગેરકાયદે બાંધકામો હોય તો તેની સામે પણ પગલાં લેવા જોઈએ. જોકે, અધિકારીઓએ પ્રમુખની ભલામણને અવગણીને માત્ર એ જ પ્લોટ પર કામગીરી કરી હતી. મીડિયા અહેવાલ મુજબ, વિજિલન્સ વિભાગે ઉધના ઝોનને છેલ્લા એક વર્ષમાં ગેરકાયદે બાંધકામો સંદર્ભે ૬૫ જેટલા પત્રો લખ્યા છે, તેમ છતાં અધિકારીઓએ માત્ર આ એક જ સ્થળે ત્વરિત કાર્યવાહી કરી, જે 'ચોક્કસ ગણતરી' હોવાની આશંકા જન્માવે છે. ડેપ્યુટી કમિશનર સ્વાતિ દેસાઈની કાર્યપદ્ધતિ છેલ્લા ઘણા સમયથી વિવાદોમાં છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તેઓ કોર્પોરેટરો કે સંગઠનના હોદ્દેદારોના ફોન ઉઠાવતા ન હોવાની અનેક ફરિયાદો કમિશનર સુધી પહોંચી છે.

## વડોદરા ભાયલી IPL સટ્ટાકાંડ દરોડો: ફ્લેટમાં ચાલતું નેટવર્ક ઝડપાયું, જિલ્લા પોલીસ એલસીબી મોટી કાર્યવાહી

(એજન્સી) વડોદરા । તા. 14

આઈપીએલ (IPL 2026) ની સીઝન જામી છે ત્યારે વડોદરાના ભાયલી વિસ્તારમાં હાઈપ્રોફાઈલ ક્રિકેટ સટ્ટાના નેટવર્કનો પર્દાફાશ થયો છે. વડોદરા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ ભાયલીના એક લક્ઝુરિયસ ફ્લેટમાં દરોડો પાડીને ઓનલાઈન સટ્ટો રમાડતા એક શખ્સની ધરપકડ કરી છે. પોલીસને લેપટોપ અને મોબાઈલમાંથી લાખો રૂપિયાના બેલેન્સના હિસાબો મળી આવ્યા છે, જે દર્શાવે છે કે આ નેટવર્ક મુંબઈ સુધી ફેલાયેલું છે.



ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટીમે ભાયલીમાં પ્રિયા ટોકીઝ કેનાલ રોડ પર આવેલા 'ક્રિસ્ટલ આર્ક' ફ્લેટમાં તપાસ હાથ ધરી હતી. અહીં ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝ હૈદરાબાદ વચ્ચેની મેચ પર સટ્ટો રમાડવામાં આવી રહ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે મૂળ રાજકોટના હરદેવસિંહ અશોકસિંહ ડાભીને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આ શખ્સ ફ્લેટ ભાડે રાખીને ત્યાંથી જ આખું નેટવર્ક ઓપરેટ કરી રહ્યો હતો.

પોલીસ તપાસમાં લેપટોપમાંથી ૧૦.૩૫ લાખ અને બે મોબાઈલ ફોનમાંથી ૩ લાખનું સટ્ટા બેલેન્સ મળી આવ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, કુલ ૧૩.૩૫ લાખથી વધુના સટ્ટાકીય વ્યવહારોના પુરાવા મળ્યા છે. આરોપી હરદેવસિંહે કબૂલાત કરી છે કે તેણે મુંબઈના વસઈ ખાતે રહેતા ઋષભ નામના શખ્સ પાસેથી ૫ ટકા કમિશન પર આઈડી (ID) મેળવ્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ નેટવર્કમાં મેહુલ શાહ નામના ગ્રાહકનું નામ પણ બહાર આવ્યું છે. જિલ્લા પોલીસે ઘટનાસ્થળેથી લેપટોપ, મોબાઈલ અને રોકડ રકમ કબજે કરી છે.

## વડોદરા ગ્રામ્યમાં વાઘોડિયા માડોધર ગામે દીપડાનો આતંક વાછરડાનું મારણ



વાઘોડિયા | વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં વન્યજીવોના રહેણાંક વિસ્તારમાં પ્રવેશની ઘટનાઓ સતત વધી રહી છે. તાલુકાના માડોધર ગામે ફરી એકવાર દીપડો ત્રાટકતા સ્થાનિક રહીશોમાં ભારે ગભરાટ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. દીપડાએ ગામમાં રહેલા એક વાછરડાનું મારણ કરતા પશુપાલકોમાં પણ ચિંતા પ્રસરી ગઈ છે. અગાઉ આસપાસના અન્ય ગામોમાં દેખા દીધા બાદ હવે દીપડાએ માડોધરને નિશાન બનાવ્યું છે. માડોધર ગામના સીમ વિસ્તારમાં રાત્રિના સમયે દીપડો ત્રાટક્યો હોવાનું જાણવા મળ્યું છે. ખૂંખાર દીપડાએ પશુપાલકના વાછરડા પર હુમલો કરી તેનું મારણ કર્યું હતું. સવારે જ્યારે ગ્રામજનોને આ ઘટનાની જાણ થઈ ત્યારે સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો હતો. મીડિયા અહેવાલ મુજબ, છેલ્લા કેટલાક સમયથી વાઘોડિયા તાલુકાના જુદા જુદા ગામોમાં દીપડો અવારનવાર દેખા દઈ રહ્યો છે, જેના કારણે ખેત મજૂરો અને પશુપાલકો રાત્રિના સમયે ખેતરે જવાનું ટાળી રહ્યા છે.

## 14 ખલાસીઓનો ચમત્કારિક બચાવ

# ઓમાનના દરિયે સલાયાનું 'હાજી અલી' વહાણ ડ્રોન હુમલામાં ડૂબ્યું



(એજન્સી) સલાયા/ઓમાન । તા. 14

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા બંદરના શિપિંગ ઉદ્યોગ માટે વધુ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ઓમાનના દરિયાઈ ક્ષેત્રમાં 'હાજી અલી' નામનું માલવાહક જહાજ આજે વહેલી સવારે શંકાસ્પદ ડ્રોન અથવા મિસાઈલ હુમલાનો શિકાર બનીને દરિયામાં ગરકાવ થઈ ગયું છે. આ ભયાનક વિસ્ફોટમાં જહાજમાં સવાર ૪,૦૦૦ જેટલા ઘેટાં-બકરા પણ દરિયામાં હોમાયા છે. જોકે, રાહતની વાત એ છે કે જહાજમાં સવાર તમામ ૧૪ ખલાસીઓને ઓમાન કોસ્ટગાર્ડે લાઈફબોટની મદદથી સુરક્ષિત રીતે બચાવી લીધા છે.

### મધરાતે આકાશમાંથી ત્રાટકી આફત: જાણો સમગ્ર ઘટનાક્રમ

પ્રાપ્ત વિગતો અનુસાર, આ કરુણ ઘટના ૧૩ મેના રોજ વહેલી સવારે ૩:૩૦ વાગ્યે ઓમાનના લિમાહ નજીક આંતરરાષ્ટ્રીય જળસીમામાં બની હતી. દેવભૂમિ દ્વારકાના સલાયા બંદરનું 'હાજી અલી' જહાજ ૫ મેના રોજ બરબરા બંદરેથી લાઈવસ્ટોક (ઘેટાં-બકરા) ભરીને શારજાહ જવા રવાના થયું હતું. જહાજ જ્યારે ઓમાનના દરિયામાં હતું ત્યારે અચાનક એક વિસ્ફોટક પદાર્થ (સંભવતઃ ડ્રોન) જહાજ પર અથડાતા પ્રચંડ ધડાકો થયો હતો અને વિકરાળ આગ ફાટી નીકળી હતી. આગને કારણે જહાજમાં મોટું ગાબડું પડતા તે ઝડપથી ડૂબવા લાગ્યું હતું.

જહાજ ડૂબવા લાગતા જ તેમાં સવાર એક ટંડેલ અને ૧૩ ખલાસીઓએ સમયસૂચકતા વાપરી લાઈફબોટનો સહારો લીધો હતો. આ ખલાસીઓએ દરિયાની વચ્ચે લાઈફબોટમાં રહીને પોતાનો જીવ બચાવ્યો હતો. ઘટનાની જાણ થતા જ ઓમાન કોસ્ટગાર્ડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તમામ ૧૪ ખલાસીઓને રેસ્ક્યૂ કરીને સલામત રીતે ડીબા બંદર પર પહોંચાડ્યા હતા. ઈન્ડિયન સેલિંગ વેસલ્સ એસોસિયેશનના જણાવ્યા મુજબ, તમામ ખલાસીઓ સુરક્ષિત છે અને તેમના જરૂરી દસ્તાવેજો પણ બચી ગયા છે.

પ્રાથમિક દ્રષ્ટિએ આ ઘટના ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા આંતરરાષ્ટ્રીય સંઘર્ષનો પરિણામ હોવાનું મનાઈ રહ્યું છે. સલાયાના જહાજો અવારનવાર આ રૂટ પર માલવાહક કામગીરી કરતા હોય છે, પરંતુ છેલ્લા એક અઠવાડિયામાં સલાયાના બીજા જહાજ સાથે આ પ્રકારનો બનાવ બનતા સ્થાનિક ખારવા સમાજ અને જહાજ માલિકોમાં ઘેરી ચિંતા ફેલાઈ છે. ઓમાન પોલીસ અને સ્થાનિક સુરક્ષા એજન્સીઓ હાલ આ હુમલાના મૂળ સુધી પહોંચવા તપાસ કરી રહી છે. સલાયાના ખલાસીઓ હાલ ઓમાનના ડીબા બંદર પર સુરક્ષિત છે. ઈન્ડિયન સેલિંગ વેસલ્સ એસોસિયેશનના જનરલ સેક્રેટરીએ ભારત સરકારને વિનંતી કરી છે કે, આ ખલાસીઓને વહેલી તકે કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી સ્વદેશ પરત લાવવામાં આવે.

## મોરબી ફાયર બ્રિગેડ રેસ્ક્યૂ ઓપરેશન, કાકા-ભત્રીજા સહિત ત્રણના કરુણ મોત

# મોરબી સાદુળકા ગામ ડૂબી જવાથી મોત: માલઢોર ચરાવવા ગયેલા ત્રણ યુવાનો કાળનો કોળિયો બન્યા

(એજન્સી) મોરબી । તા. 14

મોરબી તાલુકાના જૂના સાદુળકા ગામ પાસે આજે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. સીમ વિસ્તારમાં માલઢોર ચરાવવા ગયેલા બે યુવાનો અને એક બાળકનું પાણી ભરેલા ઊંડા ખાડામાં ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ છે અને સાદુળકા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતકોમાં કાકા-ભત્રીજાની જોડી હોવાથી પરિવાર પર આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે.

### ન્હાવા પડ્યા અને ઊંડા પાણીમાં ગરકાવ થયા

પ્રાપ્ત વિગતો મુજબ, સવારે ૧૧ વાગ્યાના અરસામાં ત્રણેય વ્યક્તિઓ પશુ ચરાવતી વખતે સીમમાં આવેલા પાણી ભરેલા ખાડામાં ન્હાવા માટે પડ્યા હતા. પાણી ઊંડું હોવાને કારણે તેઓ જોતજોતામાં ગરકાવ થઈ ગયા હતા. ગ્રામજનોને જાણ થતા તુરંત મોરબી ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, ફાયર ફાઈટરો અને તરવૈયાઓની ટીમે ઘટનાસ્થળે પહોંચી સતત ત્રણ કલાક સુધી ભારે જહેમત ઉઠાવી હતી, ત્યારબાદ ત્રણેયના મૃતદેહો બહાર કાઢવામાં સફળતા મળી હતી.

### પરિવારના લાડકવાયાઓનો કરુણ અંત

આ કરુણાંતિકામાં જીવ ગુમાવનારાઓમાં ૨૮ વર્ષીય હાથાભાઈ કુંજાભાઈ રાતડિયા, તેમનો ૧૧ વર્ષીય ભત્રીજો જયદેવ સોંડાભાઈ રાતડિયા અને ૩૧ વર્ષીય કાળુભાઈ ગીગુભાઈ ભરવાડનો સમાવેશ થાય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પશુપાલન સાથે જોડાયેલા આ પરિવારોના મોભીઓ અને આશાસ્પદ બાળકોના મોતથી સાદુળકા ગામમાં માતમ છવાયો છે. હોસ્પિટલ ખાતે મૃતદેહો પહોંચતા જ પરિવારોમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો જોવા મળ્યા હતા.બનાવની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો પણ



ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે અકસ્માતે મોતના ગુનાની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ ન્હાવા પડતા ડૂબી જવાનો કિસ્સો જણાઈ રહ્યો છે, પરંતુ પોલીસ તપાસ બાદ જ આખી ઘટનાનું ચિત્ર સ્પષ્ટ થશે.

## વડાપ્રધાનની અપીલ અને એમએસયુનો નિર્ણય

# એમ.એસ. યુનિવર્સિટી નો મોટર વ્હીકલ ડે: સપ્તાહમાં એક દિવસ વાહન મુક્તિ

(એજન્સી)વડોદરા। તા. 14

વડોદરાની ઐતિહાસિક મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) એ પર્યાવરણ અને ઉર્જા સંરક્ષણની દિશામાં એક અનુકરણીય પહેલ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં વડોદરામાં સરદારધામના લોકાર્પણ પ્રસંગે પેટ્રોલ અને ડીઝલનો વપરાશ ઘટાડવા કરેલી અપીલને પગલે યુનિવર્સિટી સત્તાધીશોએ સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે ખાસ ગાઈડલાઈન જાહેર કરી છે. જેમાં સપ્તાહમાં એક દિવસ 'નો મોટર વ્હીકલ ડે' તરીકે ઉજવવાનું સૂચન કરવામાં આવ્યું છે.

રજિસ્ટ્રાર દ્વારા તમામ ફેકલ્ટીના ડીન અને વડાઓને મોકલવામાં આવેલા પરિપત્રમાં જણાવાયું છે કે, સ્ટાફના સભ્યો શક્ય હોય ત્યાં સુધી કાર પુલિંગ (એક કારમાં એકથી વધુ વ્યક્તિ) કરે અથવા પબ્લિક ટ્રાન્સપોર્ટ અને સાયકલનો ઉપયોગ કરે. મીડિયા અહેવાલ મુજબ, બિનજરૂરી મુસાફરી ટાળવા અને જો શક્ય હોય તો બેઠકો ઓનલાઈન માધ્યમથી યોજવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય યુનિવર્સિટી કેમ્પસને પ્રદૂષણ મુક્ત રાખવાનો અને ઈંધણની બચત કરવાનો છે. માત્ર ઈંધણ જ નહીં, પરંતુ વીજળીની બચત માટે પણ યુનિવર્સિટી સત્તાધીશોએ સક્રિય અભિગમ અપનાવ્યો છે. ઓફિસો અને ક્લાસરૂમમાં લાઈટ, પંખા, એસી (AC) અને કોમ્પ્યુટર જરૂર ન હોય ત્યારે ચાલુ ન રહે તે જોવા માટે સૂચના આપવામાં આવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ફેકલ્ટીઓને સલાહ અપાઈ છે કે તેઓ વિદ્યાર્થીઓમાં પણ પેટ્રોલ-ડીઝલ અને વીજળી બચાવવા અંગે જાગૃતિ લાવવા માટે વિશેષ પ્રયાસો કરે. યુનિવર્સિટીના આ પગલાને શૈક્ષણિક જગતમાં બિરદાવવામાં આવી રહ્યો છે. વડાપ્રધાનની અપીલને અમલમાં મૂકનારી એમ.એસ. યુનિવર્સિટી કદાચ રાજ્યની પ્રથમ યુનિવર્સિટીઓ પૈકીની એક બની છે. સત્તાધીશો માને છે કે જો યુવા પેઢી અત્યારથી જ કુદરતી સ્ત્રોતોની બચત કરતા શીખશે, તો ભવિષ્યમાં તેની મોટી સકારાત્મક અસર જોવા મળશે.

## UGC નિયમો વિરુદ્ધ શિક્ષણ વિભાગ અભિપ્રાય

# આસિસ્ટન્ટ પ્રોફેસર અનુભવ ગ્રાહ્ય ભરતી વિવાદ: રાજ્યમાં પ્રોફેસરોની નિમણૂક અટકી

(એજન્સી) રાજકોટ । તા. 14

ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓમાં ઉચ્ચ શિક્ષણના સ્તરને સુધારવા માટે પ્રોફેસર અને એસોસિએટ પ્રોફેસરની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, પરંતુ અત્યારે આ પ્રક્રિયા ઘોંચમાં પડી છે. રાજ્યના ઉચ્ચ શિક્ષણાધિકારી વિભાગની વિરોધાભાસી નીતિઓને કારણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિતની અનેક સંસ્થાઓમાં ૫૩ થી વધુ ખાલી જગ્યાઓ ભરવાનું કામ અટકી પડ્યું છે. આ વિવાદનું મુખ્ય કેન્દ્ર આસિસ્ટન્ટ પ્રોફેસરના અનુભવને ગ્રાહ્ય રાખવા બાબત છે, જેના પર સરકાર તરફથી છ મહિનાથી કોઈ સ્પષ્ટ માર્ગદર્શન મળ્યું નથી.

ભરતી પ્રક્રિયામાં વિલંબનું મુખ્ય કારણ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) અને રાજ્ય સરકારના નિયમો વચ્ચેનો તફાવત છે. UGCના ધારાધોરણો મુજબ, ફિક્સ પગારમાં કામ કરતા અધ્યાપકોનો અનુભવ ઉચ્ચ પદોની ભરતીમાં ગ્રાહ્ય રાખવામાં આવતો નથી. બીજી તરફ, રાજ્ય સરકારે આ અનુભવને માન્ય રાખવાનો અભિપ્રાય આપ્યો છે.

મીડિયા અહેવાલ મુજબ, પસંદગી સમિતિના તજજ્ઞોનું માનવું છે કે જો સરકારના અભિપ્રાય મુજબ ભરતી કરવામાં આવે તો UGCના નિયમોનું ઉલ્લંઘન થાય છે, જે ભવિષ્યમાં કાયદાકીય મુશ્કેલીઓ અને હાઈકોર્ટમાં રીટ પિટિશન નોતરી શકે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પ્રોફેસર, એસોસિએટ પ્રોફેસર, પરીક્ષા નિયામક અને લાયબ્રેરીયન જેવી મહત્વની પોસ્ટ માટે અરજીઓ મંગાવવામાં આવી હતી. સંખ્યાબંધ ઉમેદવારોએ આશા વ્યક્ત કરી હતી કે વેકેશન બાદ નવા શૈક્ષણિક સત્રથી તેમની નિમણૂક થઈ જશે. જોકે, ખાનગી કોલેજોના અનુભવને ગ્રાહ્ય રાખવો કે કેમ, તે અંગે નિશ્ચિત ગાઈડલાઈન ન હોવાથી પ્રક્રિયા સ્થગિત કરી દેવામાં આવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઉચ્ચ શિક્ષણ વિભાગની આ 'વિચિત્ર' નીતિને કારણે અત્યારે સમગ્ર પ્રક્રિયા ૪ મહિનાથી ઠપ્પ છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો. તમારૂં નાનકડું પગલું તેમનો ઉત્સાહ વધારશે.

**વૃષભ : બ. વ. ઉ.**

ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ.

**મિથુન : ક. છ. ઘ.**

વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હેલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિઝૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય.

**કર્ક : ડ. હ.**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. ઘરને લગતી તમારી જવાબદારીઓ પૂરી કરવામાં બાળકો તમને મદદ કરશે.

**સિંહ : મ. ટ.**

તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે-શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું.

**કન્યા : પ. ઠ. ણ.**

મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ્યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો. આ બાબત તમને છિન્નભિન્ન ન કરી નાખે તેની તકેદારી રાખો અને વ્યથા ટાળવાનો પ્રયાસ કરો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે.

**તુલા : ર. ત.**

કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે.

**વૃશ્ચિક : ન. ય.**

રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો.

**મકર : ખ. જ.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

આનંદથી ભરેલો સારો દિવસ. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટેન્શન આપશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો.

### શહેરની ૧૧૦ ખાનગી શાળામાં ધો.૧માં પ્રવેશ માટે

# આરટીઇ અંતર્ગત પ્રથમ રાઉન્ડમાં 1125 સામે 1066 પ્રવેશ કન્ફર્મ

(એજન્સી) ભાવનગર | તા.14

આરટીઇ હેઠળ શહેરની ૧૧૦ શાળામાં ધો.૧માં પ્રવેશ મેળવવા ૪૧૪૭ અરજી આવી હતી જેમાંથી એપ્રુવ થયેલ ૩૪૪૫ પૈકી અગ્રતા ક્રમની યાદી મુજબ ૧૧૨૫ જગ્યા માટે શાળા ફાળવણી કરાઇ હતી અને આજ પર્યત ૧૦૬૬ એડમીશન કન્ફોર્મ થયા છે. જ્યારે બાકીના માટે તા.૧૫ સુધી પ્રવેશ પ્રક્રિયા લંબાવાઇ હોવાનું જણાયું છે. રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ખાનગી શાળામાં ધો.૧ થી ૮ સુધી નિ:શુલ્ક શિક્ષણ આપવા નિયત કેટેગરી અને જરૃરીયાતમંદોના બાળકો માટે પ્રવેશ પ્રક્રિયા વહેલી શરૃ કરાઇ હતી. ભાવનગર શહેરની ૧૧૦ ખાનગી શાળામાં ૨૫ ટકા સીટ લેખે કુલ ૧૧૨૫ જગ્યા આરટીઇ હેઠળ ભરવાપાત્ર બની હતી. જ્યારે ફોર્મ ભરવામાં શહેરમાંથી કુલ ૪૧૪૭ ફોર્મ ઓનલાઇન ભરાયા હતાં જેમાંથી ૩૪૪૫ ફોર્મ એપ્રુવ થયા હતાં. જ્યારે ૨૮૭ રદ થવા પામ્યા હતાં. આ એપ્રુવ થયેલ ફોર્મ બાદ નિયત અગ્રતા ક્રમની યાદી મુજબ ૧૧૨૫ જગ્યા માટે પસંદ કરેલ શાળામાં ફાળવણી કરાઇ હતી. પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ કન્ફોર્મ કરવાની છેલ્લી તા.૧૨ મે હતી. જો કે, બાકી રહી ગયેલ અને લાયકાત ધરાવતા વિદ્યાર્થીને ધ્યાને રાખી એડમીટ કાર્ડ ડાઉનલોડ કરી શાળામાં પ્રવેશ મેળવવા તારીખ લંબાવી ૧૫મી મે સુધીમાં પ્રવેશ કન્ફોર્મ કરાવી શકાશે. જો કે, હજુ ૫૫ ઉમેદવારોએ પ્રવેશ કન્ફોર્મ કરાવેલ નથી તો ૪ પ્રવેશ રદ થયેલ છે. આમ ૧૫મી સુધીમાં જે પ્રવેશ બાકી રહેશે તેના માટે બીજા રાઉન્ડમાં પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે.



પેન્ડીંગ રહેલ ૫૫ એડમીશન માટે તા.૧૫ સુધી મુદત લંબાવાઇ : કુલ ૪૧૪૭ અરજી આવી હતી

### રાજુલા જનતા નિ:શુલ્ક આરોગ્ય સેવા

## રાજુલા મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર લોકાર્પણ

કિશોર આર. સોલંકી | રાજુલા

અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાં આરોગ્ય ક્ષેત્રે એક ઐતિહાસિક અને સુવર્ણ પ્રકરણનો પ્રારંભ થયો છે. રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ દ્વારા સ્થાપિત અને વિદ્યા ગુરૂ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત 'મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર' હોસ્પિટલનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ વિસ્તારના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આશીર્વાદ સમાન આ હોસ્પિટલ સો ટકા નિ:શુલ્ક સારવારના સંકલ્પ સાથે કાર્યરત કરવામાં આવી છે. ૧૩ મે ૨૦૨૬ના રોજ યોજાયેલા આ મંગલમય કાર્યક્રમમાં રાજ્યના વહીવટી વડા અને આધ્યાત્મિક મહાનુભાવોની ઉપસ્થિતિએ વાતાવરણને ભક્તિમય અને સેવામય બનાવી દીધું હતું. ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા આ આધુનિક હોસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમણે આ તકે જણાવ્યું હતું કે, જ્યારે સેવા અને સમર્પણનો સંગમ થાય છે ત્યારે આવા ભગીરથ કાર્યો શક્ય બને છે. આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સરકાર તરફથી સામાજિક સંસ્થાઓને પૂરો સહયોગ આપવાની ખાતરી ઉચ્ચારી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ હોસ્પિટલ માત્ર ઈમારત નથી પણ આ વિસ્તારના છેવાડાના માનવી માટે સંજીવની સમાન સાબિત થશે.

### શોર્ટ સર્કિટનું અનુમાન

## ચડોતર પાસે પ્લાસ્ટિકના ભંગારના ગોડાઉનમાં આગ, 4 ફાયર ફાઇટરોએ મેળવ્યો કાબૂ

પાલનપુર: પાલનપુરના ચડોતર નજીક એક પ્લાસ્ટિક ભંગારના ગોડાઉનમાં શોર્ટ સર્કિટના કારણે ભીષણ આગ લાગી છે. પાલનપુર અને ડીસાના 4 ફાયર ફાઇટરોએ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી છે પાલનપુર તાલુકાના ચડોતર ગામ નજીક આવેલા એક પ્લાસ્ટિક ભંગારના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર પંથકમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્લાસ્ટિકનો જથ્થો હોવાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેને પગલે ગોડાઉનમાં રાખેલો લાખો રૂપિયાનો માલસામાન બળીને ખાખ થઈ ગયો છે. પ્રાથમિક માહિતી અનુસાર, ગોડાઉનમાં આગ લાગવાનું મુખ્ય કારણ વાયરિંગમાં થયેલું શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવી રહ્યું છે. પ્લાસ્ટિક હોવાને કારણે આગ ખૂબ જ ઝડપથી ફેલાઈ હતી અને તેના કાળા ધુમાડાના ગોટેગોટા કેટલાય કિલોમીટર દૂર સુધી આકાશમાં જોવા મળ્યા હતા. હાઈવે નજીક બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક લોકો અને વાહનચાલકોના મોટા ટોળેટોળા ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા.

### ગરમીમાં રાહત મળવાના સંકેત, 4 ડિગ્રી સુધી તાપમાન ઘટવાની આગાહી

ગુજરાતમાં હીટવેવની અસરને કારણે જનજીવનને અસર પહોંચી છે. ગરમીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આગઝરતી ગરમીને કારણે લોકોના સ્વાસ્થ્ય પર પણ અસરો વર્તાઈ રહી છે. ત્યારે આવતીકાલથી ગરમીમાં ઘટાડો થશે. ગુજરાતમાં હીટવેવની અસરને કારણે જનજીવનને અસર પહોંચી છે. ગરમીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આગઝરતી ગરમીને કારણે લોકોના સ્વાસ્થ્ય પર પણ અસરો વર્તાઈ રહી છે. ત્યારે આવતીકાલથી ગરમીમાં ઘટાડો થશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

### ગોળનું દાન

## ફ્રેન્ડ્સ ઓફ કેટલ સ્લોગન સાથે મહાનગર પાલિકા સંચાલિત ગૌશાળામાં મનીષભાઈ ગરેજા દ્વારા ત્રણ ગોળના ડબ્બાનું દાન

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

મહાનગરપાલિકા, જુનાગઢ શહેરને સ્વચ્છ રાખવા તેમજ રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા પ્રયત્નશીલ છે.પરંતુ શહેરીજનો દ્વારા દાન પુણ્ય કરવા અર્થે જાહેરમાં અનધિકૃત ઘાસ ચારો વેચતા ઈસમો પાસેથી અનધિકૃત ઘાસ ચારો લઈ જાહેર માર્ગ પર જ ગૌવંશને આપવામાં આવે છે. આસપાસના વિસ્તારમાં ગંદકી ફેલાય છે. જો જાહેરમાં ઘાસચારો વેચવા અથવા નાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ હોય તો કેવા સંજોગોમાં અનધિકૃત ઘાસચારો વેચાઈ રહ્યો છે તેની લોક ચર્ચા થઈ રહી છે.જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગર પાલિકા,જુનાગઢ સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે.આ ગૌશાળા માં હાલ ૪૭૭ ગૌવંશ રાખવામાં આવેલ છે.જેમાં તા:૧૪/૦૫/૨૦૨૬ના રોજ મહા નગરપાલિકા સંચાલિત ગૌશાળામાં શ્રી મનીષભાઈ ગરેજા દ્વારા ત્રણ ગોળના ડબ્બાનું દાન આપવામાં આવેલ છે.

### જૂનાગઢ વન્યજીવ સંરક્ષણ સંશોધન કાર્યશાળા

## વન્યજીવ સંરક્ષણ આધુનિક તકનીકી તાલીમ : સંશોધન ક્ષેત્રે નવીન ક્રાંતિનો પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના 'સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વાઇલ્ડ લાઇફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ' દ્વારા ચાપરડા સ્થિત બ્રહ્માનંદ એજ્યુકેશન કેમ્પસ ખાતે આયોજિત પાંચ દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળાનું ગૌરવભેર સમાપન થયું છે. 'ટૂલ્સ ફોર કન્ઝર્વેશન રિસર્ચ સ્ટેસ્ટિકલ એનાલીસીસ' વિષય પર આધારિત આ કાર્યશાળામાં વન્યજીવ સંરક્ષણ અને આધુનિક સંશોધન પદ્ધતિઓ પર ગહન મંથન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાનો પ્રારંભ શિક્ષણ અને આરોગ્યધામ ચાપરડાના મહંત મુક્તાનંદ બાપુના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો, જેમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સમાપન સમારોહના અધ્યક્ષ સ્થાનેથી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડો. આર.જી. પરમારે સંશોધકોને સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વન્યજીવ સંરક્ષણના ક્ષેત્રમાં માત્ર ક્ષેત્ર કાર્ય પૂરતું નથી, પરંતુ એકત્રિત કરેલા ડેટાનું આધુનિક સોફ્ટવેર દ્વારા સચોટ પૃથ્થકરણ અને ડોક્યુમેન્ટેશન અત્યંત અનિવાર્ય છે. મીડિયા અહેવાલ મુજબ, આ પાંચ દિવસ દરમિયાન દેશભરમાંથી આવેલા ૩૮ જેટલા સંશોધકો અને વિદ્યાર્થીઓને વન્યજીવ સંરક્ષણની નવીનતમ તકનીકોનું સઘન પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.આ રાષ્ટ્રીય કાર્યશાળામાં વિષય નિષ્ણાતો તરીકે અમદાવાદની એચ.એલ. કોમર્સ કોલેજના ડો. પરાગ શાહ, એમ.જી. સાયન્સ કોલેજના ડો. રાજુ ચૌધરી, વર્લ્ડ વાઇલ્ડલાઇફ ફંડ (WWF) દિલ્હીના ડો. અર્પિત દેવમુરારી અને સેન્ટરના નિયામક ડો. નિશિથ ધારૈયાએ અમૂલ્ય સેવાઓ આપી હતી. તજજ્ઞોએ સંશોધકોને આંકડાકીય વિશ્લેષણના વિવિધ પાસાઓ અને સંશોધન દરમિયાન આવતા પડકારોને તકનીકી રીતે કેવી રીતે હલ કરવા તે અંગે ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડી હતી. આ માર્ગદર્શન સંશોધકોના ભવિષ્યના અભ્યાસ અને નિષ્કર્ષોમાં ખૂબ જ નિર્ણાયક સાબિત થશે.કાર્યશાળાના અંતે વિવિધ પ્રતિભાગીઓએ પોતાના અનુભવો રજૂ કરતા જણાવ્યું હતું કે, આ વર્કશોપ તેમની શૈક્ષણિક અને વ્યાવસાયિક કારકિર્દીમાં એક મહત્વનો વળાંક સાબિત થશે. ખાસ કરીને ભારતના વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં થતા વન્યજીવ સંશોધનોનું આદાન-પ્રદાન આ પ્લેટફોર્મ પર શક્ય બન્યું હતું.

### સલામત જાફરાબાદ પોલીસ અભિયાન : લોક જાગૃતિ અને સુરક્ષા

## જાફરાબાદ પોલીસ લોકદરબાર લોકજાગૃતિ અભિયાન

કિશોર આર. સોલંકી - જાફરાબાદ

અમરેલી જિલ્લાના દરિયાકાંઠાના જાફરાબાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા અને પોલીસ તેમજ જનતા વચ્ચે વિશ્વાસનું સેતુ નિર્માણ કરવાના ઉમદા હેતુ સાથે એક ભવ્ય લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક પોલીસ સ્ટેશન ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સીધા જ નાગરિકો સાથે સંવાદ સાધી તેમની સમસ્યાઓ જાણી હતી. આ પ્રસંગે શહેરના વિવિધ સામાજિક સંગઠનોના હોદ્દેદારો, ગ્રામ્ય વિસ્તારોના સરપંચો અને પ્રબુદ્ધ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જે પોલીસ પ્રશાસન પ્રત્યે લોકોની વધતી જતી આશાનું પ્રતીક છે.કાર્યક્રમના પ્રારંભમાં ઉચ્ચ પોલીસ અધિકારી દ્વારા જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનની કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ દરમિયાન નોંધાયેલા વિવિધ ગુનાઓના રજિસ્ટરોની તપાસ કરવામાં આવી હતી. ખાસ કરીને મિલકત વિષયક ગુનાઓ અને મહિલાઓ વિરુદ્ધ થતા અત્યાચારોના કેસોમાં પોલીસની તપાસની ગતિ અને ન્યાયિક પ્રક્રિયાની સમીક્ષા કરવામાં આવી હતી. ફરજ પરના કર્મચારીઓને વધુ કાર્યક્ષમ બનાવવા અને પ્રજાલક્ષી અભિગમ અપનાવવા માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

લોકદરબાર દરમિયાન અધિકારીઓએ સમાજમાં વ્યાપી રહેલા અનિચ્છનીય બનાવો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે, મોટાભાગના ગુનાઓ મિલકત કે સ્ત્રી વિષયક બાબતોમાં અગમચેતીના અભાવે બનતા હોય છે. ખાસ કરીને સગીરાઓ પર થતા અત્યાચારો (પોસ્કો) અટકાવવા માટે પરિવારોને પોતાના સંતાનો સાથે મુક્ત અને સકારાત્મક સંવાદ રાખવા અપીલ કરવામાં આવી હતી. જો પરિવારમાં વિશ્વાસનું વાતાવરણ હશે, તો ઘણી સામાજિક આપત્તિઓ આવતા પહેલા જ રોકી શકાશે તેવો સૂર વ્યક્ત થયો હતો.

**સાયબર ક્રાઈમ અને આધુનિક પડકારો**

આજના ડિજિટલ યુગમાં વધી રહેલા ઓનલાઈન ફ્રોડ અને સાયબર ગુનાઓ વિશે પણ નાગરિકોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, છેતરામણી જાહેરાતો કે અજાણી લિંક્સથી દૂર રહેવા અને કોઈપણ નાણાકીય છેતરપિંડીના કિસ્સામાં તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા સમજણ આપવામાં આવી હતી. નાની નાની વાતોમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ઝઘડાઓ કાયદાકીય ગૂંચવણોમાં ન પરિણમે તે માટે કાયદો હાથમાં લેવાને બદલે પોલીસની મદદ લેવા ભાર મૂકવામાં આવ્યો હતો.

### ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ સમિટ ૨૦૨૬ પ્રથમ પ્રિ ઈવેન્ટ સાસણગીર

મહેશ સોલંકી | પાલનપુર

એશિયાટિક લાયન એટલે કે ગીરના સાવજોના જતન અને સંવર્ધન માટે ગુજરાતના વિશિષ્ટ મોડલની આજે વૈશ્વિક સ્તરે નોંધ લેવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ આગામી જૂન ૨૦૨૬માં નવી દિલ્હી ખાતે યોજાનારી પ્રથમ 'ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ (IBCA) સમિટ'ના પૂર્વાર્ધરૂપે સાસણગીર ખાતે દેશની સૌપ્રથમ પ્રિ-ઈવેન્ટનો ભવ્ય પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા આ ઐતિહાસિક કાર્યક્રમ ખુલ્લો મૂકતા જણાવ્યું હતું કે, વન્યજીવોનું સંરક્ષણ એ માત્ર સરકારી કાર્યક્રમ નથી, પરંતુ તે આપણી 'વિકાસ ભી, વિરાસત ભી'ની સંસ્કૃતિનો હિસ્સો છે. આ પ્રસંગે કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ અને રાજ્યના વન મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા સહિતના મહાનુભાવો પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા.

## મેદસ્વિતાના જોખમથી બચવું અત્યંત અનિવાર્ય : સ્વસ્થ આહાર અને સક્રિય જીવનશૈલી જરૂરી

મહેશ સોલંકી | પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર સહિત સમગ્ર રાજ્યમાં અત્યારે બદલાતી જતી જીવનશૈલી અને ખાનપાનની ખોટી આદતોને કારણે મેદસ્વિતા એક ગંભીર સ્વાસ્થ્ય સંકટ તરીકે ઉભરી રહી છે. નિષ્ણાતોના મતે મેદસ્વિતા એ માત્ર શારીરિક વજનમાં વધારો નથી, પરંતુ તે હૃદયરોગ, ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર જેવી જીવલેણ બીમારીઓનું પ્રવેશદ્વાર છે. વધતી જતી આ સમસ્યા અંગે જનજાગૃતિ ફેલાવવી એ સમયની તાતી જરૂરિયાત બની ગઈ છે.જંક ફૂડ અને બેઠાડુ જીવનનું માઠું પરિણામ મીડિયા અહેવાલ મુજબ, આધુનિક સમયમાં લોકોમાં શારીરિક સક્રિયતા ઘટી છે અને બેઠાડુ જીવનશૈલીનું પ્રમાણ વધ્યું છે. ખાસ કરીને બાળકો અને યુવાનોમાં જંક ફૂડ, વધુ પડતા તેલ, ખાંડ અને મેદાથી બનેલી વસ્તુઓનો વપરાશ વધવાને કારણે મેદસ્વિતાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. જો સમયસર આ બાબતે તકેદારી રાખવામાં ન આવે, તો તે સાંધાના દુખાવા જેવી શારીરિક અક્ષમતા તરફ દોરી જાય છે.આહારમાં સુધારો અને પૌષ્ટિકતાનો આગ્રહ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, મેદસ્વિતાને ડામવા માટે સૌથી પહેલા આહાર પર નિયંત્રણ રાખવું જરૂરી છે. તબીબી નિષ્ણાતો સલાહ આપે છે કે ભોજનમાં લીલા શાકભાજી, તાજા ફળો અને પ્રોટીનયુક્ત આહારનો સમાવેશ કરવો જોઈએ. પૂરતા પ્રમાણમાં પાણી પીવું અને મેદા કે ખાંડયુક્ત પદાર્થોથી અંતર રાખવું વજન ઘટાડવામાં સીધી અસર કરે છે. આ ઉપરાંત, પૂરતી ઊંઘ અને માનસિક તણાવથી મુક્તિ પણ સ્વાસ્થ્ય જાળવવા માટે એટલી જ મહત્ત્વની છે.કસરત અને યોગ એ જ રામબાણ ઈલાજ શારીરિક રીતે સક્રિય રહેવું એ મેદસ્વિતા સામેની જંગ જીતવા માટેનું સૌથી કારગર શસ્ત્ર છે. દરરોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ ઝડપી ચાલવું, યોગાસન કરવા અથવા કસરત કરવાની ટેવ પાડવી જોઈએ.

### સિંહ ટોળું આવી ચડયું

## જૂનાગઢ-વેરાવળ ટ્રેનને ઈમરજન્સી બ્રેક મારી 6 સિંહને બચાવી લેવાયા



(એજન્સી) ભાવનગર | તા.14

ભાવનગર મંડળના જૂનાગઢ-વિસાવદર વચ્ચે રેલવે ટ્રેક પેસેન્જર ટ્રેનને ઈમરજન્સી બ્રેક મારી છ સિંહના ટોળાના જીવ બચાવી લેવામાં આવ્યા હતા. જૂનાગઢ-વેરાવળ ટ્રેન ગઈકાલે મંગળવારે જૂનાગઢ-વિસાવદર રેલખંડના કિ.મી. નં.૦૫/૦૧ નજીક રેલવે ટ્રેક પરથી પસાર થઈ રહી હતી. આ સમયે ટ્રેક પર અચાનક છ સિંહોનું ટોળું પાટા પાર કરતું જોવા મળ્યું હતું. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખી ટ્રેનના લોકો પાયલટ રમેશ પી. અને સહાયક લોકો પાયલટ ચિંતન કુમારે ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને અટકાવી દઈ સિંહોને બચાવી લીધા બાદ આ અંગે વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકરને જાણ કરતા તેઓએ સ્થળ પર પહોંચી સિંહોને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી દૂર કર્યા હતા.ઉલ્લેખનિય છે કે, નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૫૬, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૨૯ અને વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ના સવા માસમાં ૧૧ સિંહોને બચાવવામાં આવ્યા છે.

### ત્રણ વાહનો વચ્ચે સર્જાયો અકસ્માત

## છોટા ઉદેપુર: પુનીયાવાંટ ગામ પાસે 3 વાહનો વચ્ચે ભયંકર અકસ્માત, યુવતીનું મોત, 5 લોકો ઈજાગ્રસ્ત

(એજન્સી) છોટા ઉદેપુર | તા.14

છોટા ઉદેપુર જિલ્લાના પુનીયાવાંટ ગામ પાસે આજે ટ્રિપલ અકસ્માતની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલી કાર, ઈકો કાર અને બાઈક વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં એક યુવતીએ જીવ ગુમાવ્યો છે, જ્યારે અન્ય પાંચ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી અનુસાર, મુજબ, પુનીયાવાંટ ગામના મુખ્ય માર્ગ પર કાર, ઈકો કાર અને એક બાઈક વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર યુવતીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ દુર્ઘટનામાં અન્ય પાંચ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. જેમને છોટા ઉદેપુરની સિવિલ હોસ્પિટલ ખાતે વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અકસ્માત થતા જ આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી.અકસ્માત અંગે છોટા ઉદેપુર પોલીસને જાણ કરવામાં આવતા પોલીસનો કાફલો તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતક યુવતીના દેહને પીએમ અર્થે ખસેડી અકસ્માતનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.



### ઓલ ઈન્ડિયાનું પરિણામ ૩.૧૯ ટકા ઘટયું

## સીબીએસસી બોર્ડ ધો.12ના 400 વિદ્યાર્થીનું પરિણામ જાહેર

(એજન્સી) ભાવનગર | તા.14

ભાવનગર સહિત ઓલ ઈન્ડિયા લેવલે સીબીએસસી બોર્ડની પરીક્ષા યોજાઇ હતી જેનું આજે પરિણામ જાહેર થવા પામ્યું છે જેમાં ગત વર્ષે ૮૮.૩૯ ટકા સામે આ વર્ષે ૩.૧૯ ટકાના ઘટાડા સાથે ૮૫.૨૦ ટકા પરિણામ જાહેર થયું છે. ભાવનગરના ૪૦૦ વિદ્યાર્થીઓનું પણ પરિણામ આ સાથે જાહેર થયું છે. ભાવનગર શહેર-જિલ્લામાં સીબીએસસી બોર્ડની કુલ સાત સ્કૂલો કાર્યરત છે. જેમાં આ વર્ષે ૧૧ ફેબ્રુઆરીથી ૪ એપ્રિલ દરમિયાન લેવાયેલ ધો.૧૨ની પરીક્ષામાં કુલ ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે આજે આ તમામ વિદ્યાર્થીનું પરિણામ ઓનલાઈન જાહેર થયું છે. જો કે, સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભાવનગરનું પરિણામ પણ ૮૫ ટકા જેટલું સારૃ હોવાનું જણાયું છે. જ્યારે ઓલ ઈન્ડિયાનું પરિણામ જોઈએ તો ગત વર્ષે ૨૦૨૫માં ૮૮.૩૯ ટકા સામે આ વર્ષે ૮૫.૨૦ ટકા પરિણામ આવ્યું છે. જેમાં ૩.૧૯ ટકાનો ઘટાડો જોવા મળે છે.



# News Brief

## ડિફેન્સ ટેકનોલોજી કંપની એનડ્યુરિલનું વેલ્યુએશન ૬૧ અબજ ડોલર થયું

નવી દિલ્હી: સંરક્ષણ ક્ષેત્રની અગ્રણી ટેકનોલોજી કંપની એનડ્યુરિલ ઈન્ડસ્ટ્રીઝે તેના 'સીરીઝ એચ' ફંડિંગ રાઉન્ડમાં ૫ અબજ ડોલર (આશરે ૪૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ) નું માતબર ભંડોળ એકત્ર કરીને નવો ઈતિહાસ રચ્યો છે. આ રોકાણ સાથે જ કંપનીનું કુલ બજાર મૂલ્ય (વેલ્યુએશન) ૬૧ અબજ ડોલરની આસમાની સપાટીએ પહોંચી ગયું છે. આ ફંડિંગ રાઉન્ડનું નેતૃત્વ થ્રાઈવ કેપિટલ અને એન્ડ્રીસન હોરોવિટ્ઝ જેવી દિગ્ગજ રોકાણકાર કંપનીઓએ કર્યું છે. કંપની હવે તેના સંચાલનના નવમા વર્ષમાં પ્રવેશી રહી છે ત્યારે આ સિદ્ધિ તેને વૈશ્વિક સંરક્ષણ નકશા પર વધુ મજબૂત બનાવશે.એનડ્યુરિલ ઈન્ડસ્ટ્રીઝના સહ-સ્થાપક અને સીઈઓ બ્રાયન શિમ્ફે બુધવારે એક બ્લોગ પોસ્ટ દ્વારા રોકાણકારોને આ સફળતાની જાણકારી આપી હતી. વર્ષ ૨૦૧૭માં સ્થપાયેલી આ કંપનીએ છેલ્લા એક વર્ષમાં તેના વ્યવસાયમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. શિમ્ફે જણાવ્યું હતું કે, ૨૦૨૫માં કંપનીની આવક બમણી થઈને ૨.૨ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. આ સાથે જ કંપનીએ તેના કર્મચારીઓની સંખ્યામાં પણ બમણો વધારો કર્યો છે, જે તેની વધતી જતી કાર્યક્ષમતા અને ક્ષમતાનું પ્રતિક છે. કંપની હાલમાં માનવરહિત પ્લેટફોર્મ અને અદ્યતન મિસાઈલ ટેકનોલોજીના ક્ષેત્રમાં કામ કરી રહી છે. ઓક્ટોબર ૨૦૨૫માં કંપનીએ અમેરિકી વાયુસેના માટે તેના 'ફ્યુરી' પ્લેટફોર્મનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત, કંપની તેની 'બારાકુડા' મિસાઈલ સિસ્ટમનું પણ મોટાપાયે ઉત્પાદન કરવા માટે પરીક્ષણો કરી રહી છે. શિમ્ફના જણાવ્યા અનુસાર, સરકાર હવે માનવરહિત પ્લેટફોર્મના વિકાસ માટે એનડ્યુરિલને સૌથી વિશ્વાસપાત્ર ભાગીદાર તરીકે જોઈ રહી છે. કંપનીના અંડરસી (પાણીની અંદર) ડ્રોન કાર્યક્રમો પણ આંતરરાષ્ટ્રીય સ્તરે સફળ રહ્યા છે.

## ટીવીએસ મોટરે નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૪૭૨૭૦ કરોડની રેકોર્ડ આવક મેળવી

બેંગલુરુ: ભારતીય ઓટોમોબાઈલ ક્ષેત્રની અગ્રણી કંપની ટીવીએસ મોટર કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં તેની અત્યાર સુધીની સર્વોચ્ચ આવક અને નફો નોંધાવીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. કંપનીની વાર્ષિક આવક ૩૦ ટકાના ધરખમ ઉછાળા સાથે ૪૭,૨૭૦ કરોડ રૂપિયા રહી છે, જે ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૬,૨૫૧ કરોડ રૂપિયા હતી. માત્ર આવક જ નહીં, પરંતુ કંપનીના ઓપરેટિંગ પ્રોફિટ બિફોર ટેક્સ (PBT) માં પણ ૪૦ ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જે વધીને ૪,૯૭૫ કરોડ રૂપિયાના સ્તરે પહોંચ્યો છે.કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ૨૪ માર્ચ, ૨૦૨૬ના રોજ મળેલી બેઠકમાં શેરધારકો માટે પ્રતિ ઈક્વિટી શેર ૧૨ રૂપિયા (૧૨૦૦ ટકા) વચગાળાનું ડિવિડન્ડ જાહેર કર્યું છે. આ ડિવિડન્ડ પેટે કંપની કુલ ૫૭૦ કરોડ રૂપિયાની ચુકવણી કરશે. આ ઉપરાંત, કંપનીએ દરેક ઈક્વિટી શેર દીઠ ૧૦ રૂપિયાની ફેસ વેલ્યુ ધરાવતા ૪ બોનસ નોન-કન્વર્ટિબલ રિડીમેબલ પ્રેફરન્સ શેર (NCRPS) પણ ફાળવ્યા છે, જેની કુલ કિંમત ૧,૯૦૦ કરોડ રૂપિયા થાય છે અને તેની પાકતી મુદત ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. માર્ચ ૨૦૨૬ના અંતે પૂરા થયેલા વર્ષમાં ટીવીએસ મોટરના ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલરના કુલ વેચાણમાં ૨૪ ટકાનો વધારો નોંધાયો છે. કંપનીએ કુલ ૫૮.૮૯ લાખ યુનિટ્સનું વેચાણ કર્યું છે. મોટરસાઈકલ વેચાણમાં ૨૪ ટકા અને સ્કૂટર વેચાણમાં ૨૭ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. ખાસ કરીને થ્રી-વ્હીલર સેગમેન્ટમાં ૬૩ ટકાના ઉછાળા સાથે ૨.૧૯ લાખ યુનિટ્સનું વેચાણ થયું છે, જે કંપનીની મજબૂત બજાર પકડ દર્શાવે છે.

## આઈકેએસ હેલ્થે એઆઈ ક્ષેત્રની અગ્રણી કંપની એઆરએઆઈ સોલ્યુશન્સનું સંપાદન

મુંબઈ/ડલાસ:હેલ્થકેર ક્ષેત્રે કાર્યરત અગ્રણી કંપની આઈકેએસ હેલ્થે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત કરવા માટે એઆરએઆઈ સોલ્યુશન્સ (ARAI Solutions) નું સંપાદન કરવાની મહત્વની જાહેરાત કરી છે. આ વ્યૂહાત્મક જોડાણ દ્વારા આઈકેએસ હેલ્થ હવે વધુ કાર્યક્ષમ 'સ્મોલ લેન્ગ્વેજ મોડલ' વિકસાવવા અને સંપૂર્ણ એઆઈ ટેકનોલોજી સ્ટેક તૈયાર કરવા સજ્જ બની છે. આ ફેરફારથી તબીબી ક્ષેત્રે નિર્ણયો લેવાની પ્રક્રિયા વધુ ઝડપી અને સચોટ બનશે. આઈકેએસ હેલ્થ પાસે હાલમાં ઈએમઆર ઇન્ટિગ્રેશન, પ્લેટફોર્મ ઓર્કેસ્ટ્રેશન અને એઆઈ એપ્લિકેશનનું શક્તિશાળી માળખું છે. એઆરએઆઈ સોલ્યુશન્સના જોડાણથી તેમાં એક નવું 'નોલેજ લેયર' ઉમેરાશે. આ સાથે જ આઈકેએસ હેલ્થ અત્યારે વિશ્વની એકમાત્ર એવી કંપની બની ગઈ છે જેની પાસે દરેક સ્તરે પોતાની માલિકીની 'ડોમેન ઈન્ટેલિજન્સ' ઉપલબ્ધ છે. આ ટેકનોલોજી સંશોધન આધારિત બાયોમેડિકલ ગ્રાફ્સ પર કામ કરે છે, જે સીધી રીતે પ્લેટફોર્મ સાથે જોડાયેલા રહેશે. આ નવા જોડાણને કારણે અનેક ક્ષેત્રોમાં પ્લેટફોર્મનો વિકાસ ઝડપી બનશે અને થર્ડ પાર્ટી એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરની નિર્ભરતા ઘટશે. મુખ્યત્વે ઓટોનોમસ કોડિંગ, ક્લિનિકલ નિર્ણયો, ડિનાયલ પ્રિવેન્શન (નાણાકીય દાવાઓની અસ્વીકૃતિ રોકવી) અને પ્રિસિઝન મેડિસિન જેવા જટિલ કાર્યોમાં આ ટેકનોલોજી ક્રાંતિ લાવશે. આઈકેએસ હેલ્થના સ્થાપક અને સીઈઓ સચિન કે. ગુપ્તાએ જણાવ્યું હતું કે, "એઆરએઆઈનું ક્લિનિકલ જ્ઞાન અમારા એઆઈ મોડલને વધુ વિશ્વાસપાત્ર અને આર્થિક રીતે પરવડે તેવા બનાવશે." પરંપરાગત એઆઈ સિસ્ટમ્સ ઘણીવાર 'બ્લેક બોક્સ' જેવી હોય છે, જેમાં ગણતરી કેવી રીતે થઈ તે સમજવું મુશ્કેલ હોય છે. એઆરએઆઈ સોલ્યુશન્સની પદ્ધતિ આ સિસ્ટમને 'ગ્લાસ બોક્સ' માં ફેરવી નાખશે.

### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વિકાસ માટે યુપીઆઈ જેવું મોડેલ અપનાવશે ભારત

# ભારતના એઆઈ સપનાને સાકાર કરવા જાહેર ખાનગી ભાગીદારી જરૂરી

## ડિજિટલ સાર્વભૌમત્વ માટે સરકાર અને ખાનગી ક્ષેત્ર આવશે સાથે

(એજન્સી) નવી દિલ્હી | તા 14

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ના વૈશ્વિક નકશા પર ભારત હવે માત્ર એક ક્ષમતા ધરાવતો દેશ જ નહીં, પરંતુ એક મજબૂત નેતૃત્વ તરફ ડગ માંડી રહ્યું છે. ભારતના એઆઈ અભિયાનને વેગ આપવા અને તેને વ્યાપક સ્તરે સફળ બનાવવા માટે 'પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ' (પીપીપી) મોડેલ અનિવાર્ય હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે. એઆઈજઈન્ડિયાના તાજા અહેવાલ મુજબ, ઝડપી ઈનોવેશન અને ડિજિટલ સાર્વભૌમત્વ વચ્ચે સંતુલન જાળવવા માટે આ સહયોગી માળખું અત્યંત જરૂરી છે.ભારતની આ એઆઈ સફરનો બ્લુપ્રિન્ટ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) અને યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ) જેવી અગાઉની ડિજિટલ સફળતાઓ પર આધારિત છે. મીડિયા અહેવાલ મુજબ, આ સફળતા માત્ર સરકારી અંકુશ કે માત્ર ખાનગી ક્ષેત્રના વર્ચસ્વથી નથી મળી, પરંતુ જાહેર માળખાકીય સુવિધાઓ અને ખાનગી ઈનોવેશનના સમન્વયથી મળી છે. એઆઈજઈન્ડિયા સંસ્થા અત્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના લાભો દરેક નાગરિક સુધી પહોંચે તે માટે કાર્યરત છે.એક મહત્વની રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ દરમિયાન નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ રાકેશ કપૂરે જણાવ્યું હતું કે, સરકાર કે ખાનગી ક્ષેત્ર એકલા હાથે આ ધ્યેય હાંસલ કરી શકશે નહીં. ભારતને અત્યારે એક મજબૂત ફ્યુઝનની જરૂર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કોમ્પ્યુટ પાવર જેવા જટિલ એઆઈ સંસાધનોને એકત્રિત કરવા માટે આ જ મોડેલની હિમાયત કરી છે. સેમિકન્ડક્ટર્સ, ક્લાઉડ કેપેસિટી




અને સંશોધન માટે વિશાળ રોકાણની જરૂરિયાતને ધ્યાનમાં લેતા સરકાર આ દિશામાં સક્રિય બની છે.સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, એઆઈ ક્ષેત્રને સંપૂર્ણપણે બજારની શક્તિઓ પર છોડી દેવામાં પણ જોખમો રહેલા છે. જો ખાનગી ક્ષેત્રનું એકહથ્થુ શાસન વધે અથવા વિદેશી પ્લેટફોર્મ પર નિર્ભરતા વધે, તો દેશની ડિજિટલ સાર્વભૌમત્વ સામે જોખમ ઊભું થઈ શકે છે. કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ નોંધ્યું છે કે એઆઈનો ઉપયોગ જાહેર સેવા વિતરણ અને ફરિયાદ નિવારણ પ્રણાલીને મજબૂત કરવા માટે થવો જોઈએ, જે દિશામાં એનપીસીઆઈ અત્યારે કામ કરી રહ્યું છે.

આ ભાગીદારીમાં સરકાર પાયાની માળખાગત સુવિધાઓ અને સાર્વભૌમ કોમ્પ્યુટ ક્ષમતા વિકસાવવા માટે ભંડોળ આપશે. જ્યારે ખાનગી ક્ષેત્ર એમએસએમઈ અને નાગરિક સેવાઓ માટે નવા સાધનો બનાવશે. ત્રીજા સ્તંભ તરીકે શૈક્ષણિક સંસ્થાઓ પાયાના સંશોધન અને પ્રતિભા વિકાસમાં મદદ કરશે. જો ભારત યુપીઆઈ જેવું સહયોગી માળખું એઆઈમાં પણ સ્થાપી શકશે, તો તે માત્ર સ્પર્ધાત્મક જ નહીં પણ વિશ્વ માટે એક નવું ગવર્નન્સ મોડેલ પણ પૂરું પાડશે.

## વૈશ્વિક એઆઈ રેલી વચ્ચે ભારતીય શેરબજારમાં ઉછાળા સાથે શરૂઆત

નવી દિલ્હી: વૈશ્વિક બજારોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સાથે જોડાયેલા શેરોમાં જોવા મળેલી જબરદસ્ત તેજી અને એશિયન બજારોના હકારાત્મક સંકેતોને પગલે ગુરુવારે ભારતીય શેરબજારમાં મજબૂત શરૂઆત થઈ છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FPI) ની સતત વેચવાલી અને ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓ વચ્ચે પણ રોકાણકારોએ ઉત્સાહ દાખવ્યો છે. હાલમાં સમગ્ર વિશ્વની નજર અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે યોજાનારી સમિટ પર છે, જેમાં ટેરિફ અને ટેકનોલોજી ટ્રાન્સફર જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થવાની છે.શરૂઆતી કારોબારમાં બીએસઈ સેન્સેક્સ ૪૧૭.૫૫ પોઈન્ટ્સ અથવા ૦.૫૬ ટકા વધીને ૭૫,૦૨૬.૫૩ પોઈન્ટ્સની સપાટીએ પહોંચ્યો હતો. બીજી તરફ, એનએસઈ નિફ્ટી ૫૦ પણ ૧૧૭.૬૫ પોઈન્ટ્સ અથવા ૦.૫૦ ટકાના ઉછાળા સાથે ૨૩,૫૩૦.૨૫ પોઈન્ટ્સ પર ટ્રેડ થઈ રહ્યો હતો. અગાઉના સત્રમાં બજારે તેની સતત ઘટવાની પ્રક્રિયા રોકીને મામૂલી રિકવરી દર્શાવી હતી, જે ગતિ આજે પણ જળવાઈ રહી છે.

હકારાત્મક શરૂઆત છતાં વિદેશી રોકાણકારોની વેચવાલીને કારણે બજાર પર દબાણ રહી શકે છે. ટ્રમ્પ-શી સમિટમાં ટેરિફ, ટ્રેડ બેલેન્સ અને એક્સપોર્ટ કંટ્રોલ જેવા વિષયો કેન્દ્રસ્થાને રહેશે.

## પશ્ચિમ એશિયામાં યુદ્ધને પગલે ગલ્ફ બેંકો હવે ખાનગી લોન આપશે

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં ઈરાન સાથે ચાલી રહેલા સંઘર્ષની ઘેરી અસર હવે ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (જીસીસી) ના દેશોની બેંકિંગ પ્રણાલી પર જોવા મળી રહી છે. ફિચ રેટિંગ્સના તાજા અહેવાલ મુજબ, જો આ ભૌગોલિક અને રાજકીય તણાવ લાંબો સમય ચાલશે, તો ગલ્ફ વિસ્તારની બેંકો જાહેર બજારોમાંથી ભંડોળ મેળવવાને બદલે ખાનગી પ્લેસમેન્ટ અને સિન્ડિકેટેડ લોન તરફ વળે તેવી પ્રબળ શક્યતા છે. આર્થિક અનિશ્ચિતતાના માહોલમાં બેંકો હવે પોતાની નાણાકીય સુરક્ષા માટે વધુ સાવચેત બની રહી છે.

રેટિંગ એજન્સીએ ચેતવણી આપી છે કે જો વર્તમાન સંઘર્ષ અપેક્ષા કરતાં વધુ ગંભીર અથવા લાંબો બનશે, તો જીસીસી બેંકો માટે લિક્વિડિટી એટલે કે રોકડની સ્થિતિ વણસી શકે છે. જોકે, રાહતની વાત એ છે કે આ બેંકો પાસે અત્યારે મજબૂત લિક્વિડિટી બફર્સ ઉપલબ્ધ છે. પ્રાદેશિક સત્તાવાળાઓ દ્વારા મૂડી અને રોકડ સહાયની અપેક્ષાને કારણે તેમની ક્રેડિટ પ્રોફાઈલ સાથે સંકળાયેલા જોખમો ઘટવાની શક્યતા છે. વર્ષ ૨૦૨૬માં બોન્ડ જારી કરવાનું પ્રમાણ ૨૦૨૫ના વિક્રમી સ્તર કરતા ઓછું રહેવાનો અંદાજ છે. ભૂરાજકીય તણાવ હોવા છતાં, બજારમાં રોકાણકારોનો રસ જળવાઈ રહ્યો હોય તેવા સંકેતો મળી રહ્યા છે. મે મહિનાની શરૂઆતમાં અમીરાત એનબીડી બેંકના વ્યવહારમાં આ બાબત સ્પષ્ટપણે જોવા મળી હતી.

### ચેન્નાઈ સમગ્ર દેશમાં મોખરે રહ્યું

## ભારતની વેરહાઉસિંગ માંગમાં હાઈ એક્ટિવિટી ક્લસ્ટર્સનો એંસી ટકા હિસ્સો

નવી દિલ્હી: આગામી વર્ષોમાં ભારતની 'ગ્રેડ એ' ઔદ્યોગિક અને વેરહાઉસિંગ માંગ તથા પુરવઠામાં 'હાઈ-એક્ટિવિટી ક્લસ્ટર્સ' ૭૦ થી ૮૦ ટકા હિસ્સો ધરાવશે. ખાસ કરીને ચેન્નાઈ ત્રણ આવા મજબૂત ક્લસ્ટરો સાથે રાષ્ટ્રીય સ્તરે આ ક્ષેત્રમાં પ્રભુત્વ જમાવી રહ્યું છે. આ ક્લસ્ટરો ભારતના લોજિસ્ટિક્સ વિસ્તરણનું કેન્દ્રબિંદુ બની ગયા છે, જે એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. ભારતમાં રિયલ એસ્ટેટના વિવિધ પ્રકારોમાં ઔદ્યોગિક અને વેરહાઉસિંગ માર્કેટ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર અસેટ ક્લાસ તરીકે ઉભરી આવ્યું છે. અહેવાલ જણાવે છે કે અત્યારે ભારતમાં કુલ 'ગ્રેડ એ' સ્ટોક વધીને અંદાજે ૩૦ કરોડ ચોરસ ફૂટ સુધી પહોંચી ગયો છે. વર્ષ ૨૦૨૧ની સરખામણીએ આ આંકડો લગભગ બમણો થયો છે. આ વૃદ્ધિ મુખ્યત્વે દેશના ૧૩ મુખ્ય હાઈ-એક્ટિવિટી ક્લસ્ટરોમાં કેન્દ્રિત છે, જે કુલ ૪૦ ક્લસ્ટરોમાંથી સૌથી વધુ સક્રિય છે. આ ૧૩ ક્લસ્ટરો ૨૦૨૧ થી અત્યાર સુધીની ૭૫ ટકા માંગ અને પુરવઠાનું સંચાલન કરી રહ્યા છે.આ વ્યૂહાત્મક હબ ભારતના મુખ્ય વપરાશ કેન્દ્રોમાં વહેંચાયેલા છે. ચેન્નાઈમાં ત્રણ, દિલ્હી એનસીઆર, બેંગલુરુ અને પુણેમાં બબ્બે, જ્યારે મુંબઈ, કોલકાતા, અમદાવાદ અને હૈદરાબાદમાં એક-એક ક્લસ્ટર આવેલું છે. કોલિયર્સ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર વિજય ગણેશે જણાવ્યું હતું કે, લોજિસ્ટિક્સ પાર્ક અને ફ્રેટ કોરિડોરના વિકાસની સાથે ટેક્સટાઈલ, સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) જેવા ક્ષેત્ર-લક્ષી પ્રોત્સાહનો માંગમાં વધુ વધારો કરશે. માળખાગત સુવિધાઓ પર આધારિત આ વૃદ્ધિ ક્લસ્ટરોના વિકાસમાં પ્રાથમિક ભૂમિકા ભજવી રહી છે.

## એક્ટિવ ક્લોથિંગનું નવુ રિટેલ પ્લેટફોર્મ 'ન્યૂમો' લોન્ચ, ₹200-250 કરોડનું લક્ષ્ય

મોહાલી, પંજાબ : એક્ટિવ ક્લોથિંગ કંપની લિમિટેડ, (BSE - 541144) ભારતની અગ્રણી 'ડિઝાઈન-ટુ-શેલ્ફ' કંપનીએ રિટેલ સેગમેન્ટમાં તેના વ્યૂહાત્મક પ્રવેશની જાહેરાત કરી છે, જેમાં બોર્ડે "ન્યૂમો" બ્રાન્ડ નામ હેઠળ રિટેલ આઉટલેટ્સ શરૂ કરવાની મંજૂરી આપી છે. અગ્રણી ગ્લોબલ ફેશન બ્રાન્ડ્સ માટે અપેરલ્સમાં વિશેષતા ધરાવતી આ કંપનીએ 'ન્યૂમો' બ્રાન્ડ હેઠળ 5 આઉટલેટ્સ પહેલાથી જ શરૂ કરી દીધા છે અને આગામી 10 દિવસમાં 7 વધારાના આઉટલેટ્સ ખોલવાની યોજના ધરાવે છે. 'ન્યૂમો' એક મલ્ટી-બ્રાન્ડ રિટેલ પ્લેટફોર્મની તરીકે કામ કરશે, જેનો ઉદ્દેશ સમગ્ર ભારતમાં ઉભરતી વૃદ્ધિની તકોને હાંસલ કરવા પર રેહશે. આ ફોર્મેટમાં એક જ છત નીચે તમામ ઉંમરના લોકો માટે યુનિસેક્સ અપેરલ્સ ઉપલબ્ધ કરાવતા લવચીક રિટેલ મોડેલ્સનો સમાવેશ થશે, સાથે જ સ્થાનિક બજારની માંગ અને બદલાતી ગ્રાહક પસંદગીઓને અનુરૂપ તૈયાર કરાયેલ કેટેગરી સ્પેસિફિક સ્ટોર્સ પણ હશે.

આ પહેલથી કંપનીના લાંબા ગાળાના વિકાસ રોડમેપને મજબૂત બનાવવાની અપેક્ષા છે, જેમાં 'ન્યૂમો' આગામી ચાર વર્ષમાં આશરે 200-250 કરોડની વધારાની આવકનો લક્ષ્યાંક ધરાવે છે, જે બજારની પરિસ્થિતિઓ અને અમલીકરણ કામગીરીને આધીન છે. આ પહેલનો ઉદ્દેશ્ય એક એવી સુવ્યવસ્થિતિ અને વિસ્તાર-યોગ્ય રીટેલ ઈકોસિસ્ટમ તૈયાર કરવાનો છે, જે બદલાતા કન્ઝમ્પશન ટ્રેન્ડ્સ અને ઓછી સેવા ધરાવતા બજારોમાં સંગઠિત ફેશન રિટેલની વધતી માંગને અનુરૂપ હોય. કંપની માને છે કે આ વ્યૂહાત્મક વિસ્તરણ તેના બિઝનેસ મોડેલને વધુ વૈવિધ્યસભર બનાવશે, સાથે સાથે ઉભરતા વિકાસશીલ પ્રદેશોમાં તેની સીધી રિટેલ ઉપસ્થિતિને મજબૂત બનાવશે.

## ભારતે સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી ખાંડની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો

નવી દિલ્હી: ભારત સરકાર દ્વારા સ્થાનિક બજારમાં ખાંડની ઉપલબ્ધતા વધારવા અને ભાવને અંકુશમાં રાખવા માટે એક મોટો અને કડક નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે બુધવારે મોડી રાત્રે એક જાહેરનામું બહાર પાડીને ખાંડની નિકાસ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લાદી દીધો છે. આ પ્રતિબંધ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી અથવા આગામી આદેશ સુધી અમલમાં રહેશે. આ નિર્ણયથી આંતરરાષ્ટ્રીય બજારમાં ખાંડના પુરવઠા પર મોટી અસર પડવાની શક્યતા છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT) એ સ્પષ્ટ કર્યું છે કે કાચી ખાંડ, સફેદ ખાંડ અને રિફાઈન્ડ ખાંડ જેવી તમામ શ્રેણીઓને હવે 'પ્રતિબંધિત' (Restricted) યાદીમાંથી હટાવીને 'નિષેધ' (Prohibited) શ્રેણીમાં મૂકવામાં આવી છે. સરકારના આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી બે વર્ષ સુધી દેશમાં ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને તહેવારોની સિઝન પહેલા ખાંડના ભાવમાં થતા ઉછાળાને રોકવાનો છે. જો પ્રતિબંધની મુદત લંબાવવામાં નહીં આવે, તો સપ્ટેમ્બર ૨૦૨૬ પછી તે ફરીથી પ્રતિબંધિત શ્રેણીમાં પરત ફરશે.સમગ્ર નિકાસ પર રોક હોવા છતાં, સરકારે કેટલીક આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ અને અગાઉની યોજનાઓ માટે છૂટછાટ આપી છે. યુરોપિયન યુનિયન અને યુનાઈટેડ સ્ટેટ્સને સીએક્સએલ (CXL) અને ટીઆરક્યુ (TRQ) ક્વોટા હેઠળ મોકલવામાં આવતી ખાંડની નિકાસ ચાલુ રહેશે. આ ઉપરાંત, એડવાન્સ ઓથોરાઈઝેશન સ્કીમ (AAS) હેઠળની શિપમેન્ટ્સ પર પણ આ પ્રતિબંધ લાગુ પડશે નહીં. સરકારના જણાવ્યા અનુસાર, અન્ય દેશોની વિશિષ્ટ ખાદ્ય સુરક્ષા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, જે-તે દેશની સરકારની વિનંતી પર વિશેષ પરવાનગી આપવામાં આવી શકે છે.મંત્રાલયે એવા માલસામાન માટે સ્પષ્ટતા કરી છે જે અત્યારે નિકાસની પ્રક્રિયામાં છે. જે જહાજો પર લોડિંગની પ્રક્રિયા જાહેરનામું બહાર પડ્યા પહેલા શરૂ થઈ ગઈ હતી.

### ફંડો પાસેનું કેશ હોલ્ડિંગ વધી રૂપિયા બે લાખ કરોડની ઐતિહાસિક સપાટીએ

## ફંડો પાસેનું કેશ હોલ્ડિંગ વધી રૂપિયા બે લાખ કરોડ થયું

મુંબઈ: ભારતીય શેરબજારમાં એપ્રિલ માસ દરમિયાન જોવા મળેલી તેજી અને મજબૂત રિકવરી છતાં દેશના મ્યુચ્યુઅલ ફન્ડોએ એક અનોખો વ્યૂહ અપનાવ્યો છે. માર્ચ મહિનાની સરખામણીએ એપ્રિલમાં વૈશ્વિક સ્તરે ભૌગોલિક અને રાજકીય તણાવમાં ઘટાડો થતા બજાર ઉછળ્યું હતું, તેમ છતાં ફન્ડ હાઉસોએ પોતાના હાથમાં રોકડનું પ્રમાણ વધાર્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ફન્ડો પાસેની રોકડ હવે રૂપિયા બે લાખ કરોડની મનોવૈજ્ઞાનિક સપાટીની અત્યંત નજીક પહોંચી ગઈ છે, જે રોકાણકારો માટે સાવચેતીનો સંકેત ગણી શકાય.

આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો, માર્ચ મહિનામાં ફન્ડ હાઉસો પાસે સંયુક્ત રીતે રૂપિયા ૧.૮૬ લાખ કરોડની રોકડ હતી, જે એપ્રિલના અંતે વધીને રૂપિયા ૧.૯૯ લાખ કરોડ થઈ ગઈ છે. આ જ ગાળા દરમિયાન, મ્યુચ્યુઅલ ફન્ડોની એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) પણ રૂપિયા ૮૧.૯૨ લાખ કરોડની સર્વોચ્ચ અને વિક્રમી સપાટીએ નોંધાઈ હતી. બજારમાં લિક્વિડિટી વધવા છતાં ફન્ડ મેનેજરોએ નાણાંનું રોકાણ કરવાને બદલે તેને હાથ પર રાખવાનું મુનાસિબ માન્યું છે. એપ્રિલ મહિનામાં ભારતીય શેરબજારના બેન્ચમાર્ક સેન્સેક્સમાં સાત ટકા અને નિફ્ટીમાં ૭.૫૦ ટકાનો નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો. લાર્જ કેપ શેરોની સાથોસાથ મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ રોકાણકારોની લેવાલી નીકળી હતી. આમ છતાં, દેશમાં કાર્યરત કુલ ૫૩ ફન્ડ હાઉસોમાંથી અંદાજે ૫૫ ટકા એટલે કે ૩૦ જેટલા ફન્ડોએ પોતાના કેશ હોલ્ડિંગમાં વધારો કર્યો છે. એક રિસર્ચ રિપોર્ટ મુજબ, માત્ર ૨૩ ફન્ડોએ જ પોતાની પાસેની રોકડનું સ્તર ઘટાડીને બજારમાં રોકાણ કર્યું હતું.ફન્ડ હાઉસો દ્વારા અપનાવવામાં આવેલા આ વ્યૂહ પાછળનું મુખ્ય કારણ બજારનું ઊંચું વેલ્યુએશન માનવામાં આવે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ફન્ડ મેનેજરો અત્યારે આક્રમક ખરીદી કરવાને બદલે યોગ્ય તકની રાહ જોઈ રહ્યા છે. જ્યારે બજારમાં કોઈ મોટું કરેક્શન અથવા ઘટાડો આવે ત્યારે આ રોકડનો ઉપયોગ કરીને સારી ગુણવત્તાના શેરો સસ્તા ભાવે ખરીદવાનો તેમનો મનસૂબો છે.

### સાત કરોડ સભ્યો માટે પીએફ ક્લેમ પ્રક્રિયા હવે થશે ઓટોમેટિક

# પીએફ ધારકો માટે ઈપીએફઓ લાવ્યું ખુશખબર મળશે મોટો ફાયદો

## એટીએમ અને યુપીઆઈ દ્વારા પીએફના નાણાં સીધા ઉપાડવાની ક્રાંતિકારી સુવિધા

નવી દિલ્હી: ભારતના સાત કરોડથી વધુ પગારદાર કર્મચારીઓ માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન એટલે કે ઈપીએફઓ દ્વારા તેના કરોડો સભ્યો માટે ક્લેમ સેટલમેન્ટની જટિલ પ્રક્રિયાને વધુ સરળ, પારદર્શક અને અતિ ઝડપી બનાવવાની દિશામાં મોટું પગલું ભર્યું છે. અત્યાર સુધી જે કામગીરીમાં દિવસો લાગતા હતા, તે હવે ગણતરીના કલાકોમાં પૂર્ણ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. ખાસ કરીને ફાઈનલ પીએફ ફંડ સેટલમેન્ટને સંપૂર્ણપણે ઓટોમેટિક મોડ પર લઈ જવાની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે, જેનાથી નિવૃત્તિ કે નોકરી છોડ્યા બાદ નાણાં મેળવવાની પ્રતીક્ષાનો અંત આવશે.અત્યાર સુધીના નિયમો મુજબ, ઈપીએફઓ માત્ર પાંચ લાખ રૂપિયા સુધીના આંશિક ઉપાડ અથવા એડવાન્સ ક્લેમનું જ ઓટોમેટિક સેટલમેન્ટ કરતું હતું, જેમાં આશરે ત્રણ દિવસનો સમય લાગતો હતો. જોકે, હવે ટેકનોલોજીના માધ્યમથી આ મર્યાદા હટાવીને અંતિમ પીએફ સેટલમેન્ટને પણ આ પ્રક્રિયામાં આવરી લેવામાં આવશે. મીડિયા અહેવાલ અનુસાર, આ નવા ફેરફાર બાદ સભ્યોએ પોતાના હકના પૈસા મેળવવા માટે સરકારી કચેરીઓના ધક્કા ખાવા પડશે નહીં. આધુનિક સોફ્ટવેરની મદદથી ડેટા વેરિફિકેશન થતાની સાથે જ નાણાં સીધા સભ્યના લિંક થયેલા બેન્ક ખાતામાં જમા કરી દેવામાં આવશે.

ડિજિટલ ક્રાંતિના આ યુગમાં ઈપીએફઓ-૩.૦ અપગ્રેડ હેઠળ એક સીમાચિહ્નરૂપ ફેરફાર થવા જઈ રહ્યો છે. મે મહિનાના અંત સુધીમાં પીએફ ધારકોને એટીએમ અને યુપીઆઈ દ્વારા સીધા જ નાણાં ઉપાડવાની સુવિધા મળી શકે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ નવી સિસ્ટમ હેઠળ સભ્યોને ખાસ એટીએમ કાર્ડ પણ જારી કરવામાં આવી શકે છે. આ સુવિધાનો સૌથી મોટો ફાયદો એ થશે કે કટોકટીના સમયે સભ્યોએ કોઈપણ દસ્તાવેજી પ્રક્રિયા વગર ત્વરિત રોકડ મેળવી શકશે. આ પગલું પીએફ સભ્યોની નાણાકીય તરલતામાં મોટો વધારો કરશે. કર્મચારીઓ માટે સૌથી માથાના દુખાવા સમાન પ્રક્રિયા જૂની નોકરીમાંથી નવી નોકરીમાં પીએફ ટ્રાન્સફર કરવાની હોય છે.

### ભારતના ઘરોમાં વણવપરાયેલા પડેલા સોનાને સક્રિય કરવા

## કલ્યાણ જ્વેલર્સે "નેશન ફર્સ્ટ - ગોલ્ડ4ઈન્ડિયા પહેલ" રજૂ કરી

(એજન્સી) ત્રિશૂર | તા 14

કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા લિમિટેડે આજે 'નેશન ફર્સ્ટ - ગોલ્ડ4ઈન્ડિયા પહેલ' શરૂ કરવાની જાહેરાત કરી છે. આ એક વ્યૂહાત્મક માળખું છે જેનો ઉદ્દેશ્ય ઘરોમાં પડેલા વણવપરાયેલા સોનાના ભંડારને સક્રિય કરવાનો, સોનાની તરલતામાં વિશ્વાસને ઔપચારિક બનાવવાનો અને વધુ જવાબદાર વપરાશ પદ્ધતિઓને પ્રોત્સાહિત કરવાનો છે.આ પહેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ ભારતીયોને દેશના વિદેશી હૂંડિયામણના ભંડારને બચાવવામાં મદદ કરવા માટે સંયમ રાખવાની કરેલી અપીલના સીધા પ્રતિસાદરૂપે છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે 'નેશન ફર્સ્ટ - ગોલ્ડ4ઈન્ડિયા પહેલ' નાણાકીય વર્ષ દરમિયાન સોનાની આયાતમાં 5 ટનનો ઘટાડો કરવાનું લક્ષ્ય રાખશે. ભારત પાસે વિશ્વના સૌથી મોટા ખાનગી માલિકીના સોનાના ભંડારમાંનો એક ભંડાર છે, જેનો મોટો હિસ્સો બેંક લોકર્સ, ઘરની તિજોરીઓ, વારસામાં



મળેલાં દાગીના અને દાયકાઓથી એકઠા થયેલા વણવપરાયેલા ઘરેણાં તરીકે નિષ્ક્રિય પડ્યો છે. કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર ટી. એસ. કલ્યાણરામને જણાવ્યું કે: 'એક મજબૂત સ્થાનિક પુનઃસંચાલન પ્રણાલિ જ્વેલરી ક્ષેત્રમાં રોજગાર ટકાવી રાખી શકે છે અને રાજ્યોને સંગઠિત વેપાર સાથે જોડાયેલી GST આવક જાળવી રાખવામાં મદદ કરી શકે છે. 'નેશન ફર્સ્ટ - ગોલ્ડ4ઈન્ડિયા પહેલ' એ માત્ર એક પ્રમોશનલ ઝુંબેશ કરતાં ઘણું વધારે છે. આ પહેલ ગ્રાહકોમાં વર્તણૂકનું પરિવર્તન લાવવાનો પ્રયાસ કરશે–સોનાને માત્ર અનિશ્ચિત સમય માટે સાચવી રાખેલી સ્થિર સંપત્તિ તરીકે જોવાને બદલે, તેને દેશની અંદર સતત આર્થિક મૂલ્ય પેદા કરવા માટે સક્ષમ એવા પુનઃપ્રાપ્ય સ્થાનિક સંસાધન તરીકે ઓળખવામાં મદદ કરશે. જો આ નિષ્ક્રિય સોનાનો નાનો અંશ પણ જવાબદારીપૂર્વક ફરીથી ચલણમાં લાવી શકાય, તો ભારત ગ્રાહકોની આકાંક્ષાઓ અથવા સાંસ્કૃતિક પરંપરાઓને ખલેલ પહોંચાડ્યા વિના, આયાત કરેલા સોના પરની વધતી નિર્ભરતાને સંભવિતપણે ઘટાડી શકે છે.' 'નેશન ફર્સ્ટ - ગોલ્ડ4ઈન્ડિયા પહેલ' ના ચાર મુખ્ય સ્તંભો નીચે મુજબ હશે:1. જૂના સોનાના બદલાની પ્રોત્સાહક યોજના : સમગ્ર દેશમાં કલ્યાણ જ્વેલર્સના શો-રૂમ્સ પર ગ્રાહકોને આકર્ષક એક્સચેન્જ પ્રોગ્રામ્સ અને મૂલ્ય-આધારિત પ્રોત્સાહનો દ્વારા તેમના જૂના, વણવપરાયેલા, તૂટેલા અથવા જૂની ડિઝાઈનના ઘરેણાં બદલવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ પ્રોગ્રામ દ્વારા મેળવેલા સોનાને શુદ્ધ કરી, ફરીથી ડિઝાઈન કરી અને સ્થાનિક જ્વેલરી પ્રણાલિમાં પુનઃઉપયોગમાં લઈ શકાય છે, જેનાથી નવી આયાત કરવામાં આવતા સોનાની જરૂરિયાત ઘટશે. આ પ્રોગ્રામ ગ્રાહકોને તેમના નિષ્ક્રિય ઘરેણાંમાંથી મૂલ્ય મેળવવાની તક આપે છે અને સાથે જ પરિવારની માલિકીના સોનાના ભાવનાત્મક અને સાંસ્કૃતિક વારસાને પણ જાળવી રાખે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, વૈશાખ વદ-14

# મોદીની સલાહ પછી પણ કેન્દ્રીય મંત્રીનો લાંબો કાફલો

શોરની શિખામણ ઝાંપા સુધી. એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકોને પેટ્રોલ - ડીઝલનો વપરાશ ઘટાડવાની સલાહ આપી રહ્યા છે ત્યારે એમના જ કેન્દ્રીય મંત્રી વાહનોનો કાફલો વધારી રહ્યા છે. ગુરુગ્રામમાં કેન્દ્રીય મંત્રી રાવ ઈન્દ્રજીત સિંહનો લાંબો કાફલો ચર્ચાનો વિષય બન્યો છે. ગુરુગ્રામના મીની સચીવાલયની સામે મંત્રીની આગળ પાછળ ૧૦ મોટરો ચાલતી હતી. સામાન્ય માણસ વિચારી રહ્યો છે કે જ્યારે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને કારણે દેશ આર્થિક મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે ઈંધણની બચત કરવાને બદલે જનપ્રતિનિધિઓ જલસા કરી રહ્યા છે. જો મોટા હોદ્દા પર બેઠેલા લોકો સાદગી નહીં અપનાવે તો સામાન્ય માણસ પણ મોદીની વાત માનશે નહીં. ફક્ત ઈન્દ્રજીત સિંહ જ નહીં કેન્દ્રના બીજા કેટલાક મંત્રીઓ પણ એમનો કાફલો ઘટાડવા તૈયાર નથી. તામિલનાડુ વિધાનસભામાં ટીવીકેના પ્રમુખ થલપતિ વિજયએ ફ્લોર ટેસ્ટમાં બહુમતિ સાબિત કરી દીધી છે. તેઓ પોતાના સાથી પક્ષોને એક રાખવામાં સફળ થયા છે. એમણે એઆઈએડીએમકેના બે ટુકડા પણ કરી નાખ્યા છે. વિજયની સરકારને એઆઈએડીએમકેના ૨૫ ધારાસભ્યોએ ટેકો આપ્યો હતો. આ કારણે એઆઈએડીએમકેના પ્રમુખ પલાની સ્વામીને મોટો ફટકો પડ્યો છે. એમની પાસે હવે ૨૨ ધારાસભ્યો બચ્યા છે. વિધાનસભામાં ૧૪૪નો આંકડો પસાર કરવા માટે વિજયએ એઆઈએડીએમકેના બળવાખોર નેતા સીવી શનગુમન સાથે ડીલ કરી હતી. સરકારમાં એમને ભાગીદારી પણ મળશે. એવી ધારણા છે કે એઆઈએડીએમકેના ૫-૬ ધારાસભ્યોને મંત્રી બનાવવાનો મોકો મળી શકે છે. શક્તિ પરીક્ષામાં વિધાનસભામાં વિજયના પક્ષ ટીવીકેને ૧૦૬, કોંગ્રેસના ૫, સીપીઆઈના ૨, સીપીએમના ૨, આયુએમએલના ૨ ધારાસભ્યોનો ટેકો મળ્યો હતો. એઆઈએડીએમકેના ૨૨ ધારાસભ્યોએ સમર્થનનો વિરોધ કર્યો હતો. સુપ્રિમ કોર્ટના કોલેજિયમે એક અગત્યનો નિર્ણય લઈને કલકત્તા હાઈકોર્ટમાં નવ નવા જજોની નિમણૂકને મંજૂરી આપી છે. ન્યાયતંત્રમાં ઝડપી ન્યાય મળતો થાય એ માટે આ નિર્ણય અગત્યનો ગણવામાં આવે છે. કોલેજિયમમાં ૧૧ અને ૧૨ મેએ મળેલી બેઠકમાં આ નિર્ણય લીધો હતો. કમિટીના અધ્યક્ષ તરીકે સીજેઆઈ હતા. કોલેજિયમએ ઈન્દ્રનિલ રોય, આર્યક દત, અતાનુ રૂપ બેનર્જી, સત્યદિપ્તમાન ડે, પાર્થ પ્રતિમ રોય, સુદીપ દેબ, અનુજ સિંહ, અર્જુન રાય મુખર્જી, રીશાદ મેદોરાના નામો હાઈકોર્ટના જજ તરીકે મંજૂર કર્યા છે. હાઈકોર્ટના જજોની નિમણૂક માટે એક ખાસ પ્રક્રિયા છે. આ પ્રક્રિયાને મેમોરેન્ડમ ઓફ પ્રોસીજર (ઓએમપી) કહેવામાં આવે છે. આ પ્રક્રિયાનો ઉદ્દેશ એવો છે કે જેથી અનુભવી અને યોગ્ય ઉમેદવાર પસંદ કરવામાં આવે. સૌથી પહેલા સંબંધીત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ દ્વારા જજોની નિમણૂકનો પ્રસ્તાવ તૈયાર કરવામાં આવે છે. ત્યાર પછી આ પ્રસ્તાવ મુખ્યમંત્રી અને રાજ્યપાલના માધ્યમ દ્વારા આગળ મોકલવામાં આવે છે. સમાજવાદી પક્ષના પ્રમુખ અખિલેશ યાદવના સાવકા ભાઈ અને મુલાયમ સિંહ યાદવના નાના પુત્ર પ્રતિક યાદવનું ફક્ત ૩૮ વર્ષની ઉંમરે અચાનક મૃત્યુ થયું છે. પ્રતિકનું મૃત્યુ થયું એ પહેલા રાજકારણમાં પણ બહુ ઓછાને ખબર હતી કે અખિલેશ યાદવને નાનો ભાઈ પણ છે. પ્રતિક યાદવને રાજકારણમાં આવવાને બદલે બાંધકામ વ્યવસાય અને ફિટનેસ વ્યવસાયમાં રહેવાનું પસંદ કર્યું. એમણે લંડનથી એમબીએની ડીગ્રી મેળવી હતી. ભાઈના મૃત્યુ પછી અખિલેશ યાદવે એક નિવેદન આપ્યું છે. આ નિવેદનમાં એમને બિઝનેસમાં નુકસાન સાથે જોડેલી વાત કરી છે. અખિલેશ યાદવના નિવેદન પછી એવી ચર્ચા થઈ રહી છે કે શું બિઝનેસમાં થયેલા નુકસાનને કારણે પ્રતિક યાદવ ડિપ્રેશનનો ભોગ બન્યા હતા? અખિલેશે કહ્યું હતું કે, 'પ્રતિક પોતાની તબિયત માટે ખૂબ જાગૃત હતો અને પોતાના બિઝનેસમાં વ્યસ્ત રહેતો હતો. કોઈક વખત બિઝનેસમાં નુકસાન થતા વ્યક્તિ માનસીક રીતે હેરાન થઈ જાય છે.'મધ્યપ્રદેશના વકીલ સુદીપ સિંહ સૈનીએ એવું નિવેદન આપ્યું હતું કે, કોર્ટ ફક્ત એવા આરોપીઓને જ જામીન આપે છે કે જેમણે સિનિયર વકીલો રોક્યા હોય. જૂનિયર વકીલ રોકનાર આરોપીને ભાગ્યે જ જામીન મળે છે. આ નિવેદન પછી હાઈકોર્ટની આખી વાત ગઈ હતી. સુદીપ સિંહ સૈની છઠ્ઠી માર્ચે બેંચ સમક્ષ રજૂ થયા હતા અને આવશ્યક વસ્તુના કાયદા હેઠળ પોતાના ક્લાયન્ટ માટે જામીન માગ્યા હતા. એ વખતે એમણે નિવેદન કર્યું હતું કે ફક્ત સિનિયર વકીલના ક્લાયન્ટોને જ જામીન આપવામાં આવે છે. કોર્ટને વકીલની આ વાત અપમાનજનક લાગી હતી.

## ભરૂચમાં વોટર ATM બન્યા 'શોભાના ગાંઠિયા'

મલેક યસદાની | ભરૂચ

ભરૂચ નગરપાલિકા દ્વારા શહેરના નાગરિકો અને રાહગીરોને શુદ્ધ અને ઠંડુ પીવાનું પાણી મળી રહે તેવા ઉમદા હેતુથી લાખો રૂપિયાના ખર્ચે વોટર ATM (વોટર વેન્ડિંગ મશીન) સ્થાપિત કરવામાં આવ્યા હતા. પરંતુ, પાલિકાના સત્તાધીશોની ઘોર બેદરકારી અને મેન્ટેનન્સના અભાવે આ પ્રોજેક્ટ અત્યારે સદંતર નિષ્ફળ સાબિત થઈ રહ્યો છે. કરોડોના ખર્ચે વિકસાવવામાં આવેલી આ સુવિધા અત્યારે માત્ર 'શોભાના ગાંઠિયા' સમાન બની ગઈ છે, જેના કારણે કરદાતાઓના નાણાંનો વ્યય થતો હોવાની બૂમ ઉઠી છે.શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા બાયપાસ ચોકડી અને મહંમદપુરા જેવા મુખ્ય વિસ્તારોમાં મુકવામાં આવેલા વોટર ATM મશીનો હાલમાં અત્યંત બિસ્માર હાલતમાં છે. સ્થળ પરની તપાસમાં જાણવા મળ્યું છે કે આ મશીનોમાં નળ પણ નથી અને પાણીનો પુરવઠો પણ બંધ છે. મશીનોની આસપાસ જાળવણી ન થતા ધૂળના થર જામી ગયા છે અને ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. બીજી તરફ, સિફા વિસ્તારમાં આવેલા મશીનની સ્થિતિ વધુ ખરાબ છે; ત્યાં પાણી તો આવે છે.

# કેશોદમાં ગૌસેવક જેરામભાઈ ઉસદડિયાનું 'વડીલ વંદના' અંતર્ગત સન્માન

નરેન્દ્ર દવે જૂનાગઢ

સમાજ માટે પોતાની જિંદગી સમર્પિત કરનારા વડીલો એ સમાજની જીવંત મૂડી છે. કેશોદમાં આવા જ એક કર્મઠ અને પરોપકારી વડીલનું સન્માન કરીને નવી પેઢી માટે સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. શ્રીમતી મધુબેન ડી. દેવાણી પ્રતિભા પ્રતિષ્ઠાન સંચાલિત 'કર્મશીલ ગ્રુપ' દ્વારા આયોજિત 'વડીલ વંદના' કાર્યક્રમમાં વર્ષોથી ગૌસેવામાં રત એવા જેરામભાઈ ઉસદડિયાનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેશોદની વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.કેશોદના ગોપી ગૌસેવા ટ્રસ્ટના માર્ગદર્શક તરીકે કાર્યરત જેરામભાઈ ઉસદડિયા છેલ્લા ઘણા દાયકાઓથી ગૌમાતાની સેવામાં કાર્યરત છે. ૮૭ વર્ષની વયે પણ તેમની સેવાની ધગશ જરાય ઓછી થઈ નથી. વડીલ વંદના કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ જેરામભાઈને શાલ ઓઢાડી, શ્રીફળ, મોમેન્ટો અને ઉપરણા અર્પણ કરી તેમનું ભાવભર્યું સન્માન કર્યું હતું. સન્માનના પ્રત્યુત્તરમાં વડીલ ગૌસેવકની આંખોમાં હર્ષના આંસુ જોવા મળ્યા હતા અને તેમણે સૌને આશીર્વાદ પાઠવ્યા હતા. કર્મશીલ ગ્રુપના ડી.ડી. દેવાણીએ આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, જે વડીલોએ પોતાનું આખું જીવન નિઃસ્વાર્થભાવે ગૌસેવા અને સમાજ ઉપયોગી કાર્યોમાં ખર્ચ્યું હોય, તેમનું સન્માન કરવું એ આપણા સૌની પવિત્ર ફરજ છે. સમાજ, પર્યાવરણ અને આર્થિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર વ્યક્તિઓને જ્યારે જાહેરમાં સન્માનિત કરવામાં આવે છે, ત્યારે સમાજના અન્ય લોકોને પણ સેવાની નવી ઊર્જા અને પ્રેરણા પ્રાપ્ત થાય છે.

### ફ્રેન્ડ્સ ઓફ કેટલ સેવા દ્વારા ગૌશાળામાં ગૌસેવા

# મનીષભાઈ ગરેજાએ ગોળના ડબ્બાનું દાન આપ્યું

નરેન્દ્ર દવે | જૂનાગઢ

નરસિંહ મહેતાની નગરી જૂનાગઢમાં જીવદયા અને ગૌસેવાની પરંપરા આજે પણ એટલી જ જીવંત છે. શહેરને સ્વચ્છ રાખવા અને રસ્તાઓ પર રખડતા ગૌવંશને આશ્રય આપવા માટે મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ગૌશાળામાં સેવાભાવી નાગરિકોનો સહયોગ સતત મળી રહ્યો છે. તાજેતરમાં 'ફ્રેન્ડ્સ ઓફ કેટલ' ના સૂત્રને સાર્થક કરતા એક દાતા દ્વારા ગૌવંશ માટે પૌષ્ટિક આહારનું દાન આપીને માનવતા અને ગૌપ્રેમનું સુંદર ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. આ પહેલથી ગૌશાળામાં રહેતા સેંકડો ગૌવંશને સીધો લાભ મળશે.જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ગૌશાળામાં હાલમાં ૪૭૭ જેટલા ગૌવંશનો નિભાવ કરવામાં આવી રહ્યો છે. આ પવિત્ર કાર્યમાં સહભાગી થતા શહેરના અગ્રણી શ્રી મનીષભાઈ ગરેજા દ્વારા તા. ૧૪ મે ૨૦૨૬ના રોજ વિશેષ સેવા પૂરી પાડવામાં આવી હતી. તેમણે ગૌવંશના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ગૌશાળામાં ત્રણ મોટા ગોળના ડબ્બાનું દાન અર્પણ કર્યું હતું. ગૌસેવાના આ કાર્યમાં તેમનો આ સહયોગ અન્ય નાગરિકો માટે પણ પ્રેરણારૂપ બની રહ્યો છે. ગોળ એ ગૌવંશ માટે અત્યંત ગુણકારી માનવામાં આવે છે, જે તેમની શારીરિક ક્ષમતા અને પોષણમાં મદદરૂપ થાય છે.એક તરફ ગૌસેવા કરવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ શહેરમાં જાહેર માર્ગો પર ઘાસચારો નાખવાની પ્રવૃત્તિ સામે વહીવટી તંત્ર ચિંતિત છે.

# સાસણ ગિરમાં એશિયાટિક લાયન સંરક્ષણ અંગેની ઐતિહાસિક પ્રિ-ઈવેન્ટનો આરંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગુજરાતની શાન અને એશિયાટિક લાયનનું એકમાત્ર નિવાસસ્થાન ગણાતા સાસણ ગિર ખાતે આજે એક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રિ-ઈવેન્ટનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમથી 'ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ' (IBCA) સમિટ-2026ની પ્રથમ પ્રિ-ઈવેન્ટનો શુભારંભ કરાવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી' ના મંત્રને સાકાર કરવાના હેતુથી યોજાયેલી આ સમિટ વન્યજીવ સંરક્ષણના ક્ષેત્રમાં ભારતનું વૈશ્વિક વિઝન સ્પષ્ટ કરે છે. આ પ્રસંગે કેન્દ્રીય વન પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને રાજ્યના વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા સાસણ ખાતે પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાતમાં સિંહોના સંરક્ષણ માટે લેવાયેલા પ્રો-એક્ટિવ પગલાંને કારણે સિંહોની વસ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. વર્ષ 1991માં જ્યાં સિંહોની સંખ્યા માત્ર 284 હતી, તે વધીને આજે 891 સુધી પહોંચી છે. એટલું જ નહીં, સિંહોના વિચરણનો વિસ્તાર પણ માત્ર ત્રણ જિલ્લાથી વધીને હવે 11 જિલ્લાઓ સુધી વિસ્તર્યો છે. પોરબંદરના બરડા અભયારણ્યમાં પણ 24 જેટલા સિંહોએ કુદરતી રીતે વસવાટ શરૂ કર્યો છે, જે એશિયાટિક લાયનનું નવું સરનામું બન્યું છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ઈકોલોજી સાથે ઈમોશન જોડીને પર્યાવરણ જાળવણીનો અભિગમ ગુજરાતમાં સફળતાપૂર્વક ચરિતાર્થ થયો છે.આ પ્રોજેક્ટ માત્ર સિંહ સંવર્ધન જ નહીં, પરંતુ 'બૃહદ ગીર' ના સર્વાંગી વિકાસ અને સ્થાનિક લોકોના આર્થિક-સામાજિક ઉત્થાન માટે પણ અત્યંત ઉપયોગી સાબિત થશે.

# રસ્તાની દુર્દશા અને રાયમા કરીમની વેદના : ભારે વાહનોથી નવનિર્મિત માર્ગને મોટું નુકસાન

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના મહત્વના ગણાતા દેશલપર-હાજીપીર માર્ગના નિર્માણ અને તેની સુરક્ષાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. કરોડો રૂપિયાના ખર્ચે જે માર્ગ તૈયાર થઈ રહ્યો છે, તે કેટલાક બેજવાબદાર વાહન ચાલકોની ભૂલને કારણે લોકાર્પણ પહેલા જ બરબાદ થઈ રહ્યો છે. સરકારી જાહેરનામાના ખુલ્લેઆમ ઉલ્લંઘનને કારણે સરકારી તિજોરી પર બોજ વધી રહ્યો છે અને ગ્રામ્ય પ્રજાની સુખાકારી જોખમાઈ રહી છે. આ પરિસ્થિતિમાં ઐયર ગામના એક જાગૃત પુત્રએ ઉઠાવેલો અવાજ અત્યારે સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.નખત્રાણાના માર્ગ અને મકાન વિભાગ દ્વારા દેશલપરથી હાજીપીર સુધીના ૩૨ કિલોમીટરના રસ્તાનું સુધારકામ હાલ પ્રગતિમાં છે. આ માર્ગની ગુણવત્તા જળવાઈ રહે તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ભારે વાહનોના પ્રવેશ પર સખત પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. તેમ છતાં, રાત્રિના અંધકારનો લાભ લઈને અનેક ભારે ટ્રકો અને ટ્રેલરો આ પ્રતિબંધિત માર્ગ પરથી પસાર થઈ રહ્યા છે. નવો બનેલો રસ્તો હજુ પૂરેપૂરો સેટ થયો ન હોવાથી, આ વાહનોના વજનથી રસ્તામાં ખાડા પડવા અને ડામર ઉખડી જવાની સમસ્યા શરૂ થઈ ગઈ છે, જેનાથી તંત્રની મહેનત પાણીમાં જતી દેખાઈ રહી છે.ઐયર ગામના વતની રાયમા કરીમ આમદભાઈએ આ મુદ્દે પોતાની અને ગામની વ્યથા ઠાલવતા જણાવ્યું છે કે, "સાહેબ, આ રસ્તો અમારા માટે માત્ર માટી અને ડામરનો ટુકડો નથી, પણ અમારી જીવાદોરી છે."

# ચાણસ્માના ભાટસર ગામે પિતાજીની 34મી પૂણ્યતિથિ નિમિતે પ્રજાપતિ પરિવાર દ્વારા મુગલ માતાજીનો હવન યોજાયો

નિતીન ઠાકર ચાણસ્મા



ચાણસ્મા તાલુકાના ભાટસર ગામે ભાટસર ગ્રામ પંચાયતના મહિલા સરપંચ જશુમતીબેન મનહરભાઈ પ્રજાપતિ પરિવાર દ્વારા જશુમતીબેન પ્રજાપતિ ના સસરા અને તેમના પતિ મનહરભાઈ પ્રજાપતિના પિતાજી રૂગનાથભાઈ જોઈતારામભાઈ ની 34 મી પૂર્ણ તિથિ નિમિતે લોક દેવી મુગલ માતાજી ના નવચંડી યજ્ઞ નું આયોજન કરી પિતાજીને ધાર્મિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી ઉત્તમ પિતૃ ભક્તિ કરી હતી આ પ્રસંગે હવનના યજમાન દ્વારા સમસ્ત ગામ સમૂહ ભોજન પ્રસાદનું આયોજન કરાયું હતું જ્યારે. મનહરભાઈ પ્રજાપતિના બંન્ને દિકરાઓ સર્વશ્રી હિરેનભાઈ પ્રજાપતિ અને વિપુલભાઈ પ્રજાપતિ સપત્નિક બિરાજ માન થઈ ધન્યતા અનુભવી હતી જ્યારે પાટણ પંથકના ના વિદ્વાન પંડીત અશોકભાઈ શાસ્ત્રી (ચવેલીવાળા) દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સંગીતમય શૈલીમાં. યજ્ઞવિધિ સંમ્પન્ન કરાવાઈ હતી. જ્યારે .હવનના યજમાન મનહરભાઈ પ્રજાપતિના પરિવારજનો સ્નેહીજનો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહી યજ્ઞનારાયણ ભગવાનના દર્શન ધન્યતા અનુભવી હતી.

# સલીમભાઈ જીએજાએ કિરો ડુંગર વિસ્તારમાં પ્રકૃતિ અને પક્ષીઓના સંરક્ષણ માટે કરી અપીલ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



કચ્છની પ્રસિદ્ધ છારી ઢંઢ રામસર સાઈટ નજીક આવેલું કિરો ડુંગર છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. કુદરતી સૌંદર્ય અને વૈવિધ્યસભર પક્ષીજીવન માટે ઓળખાતું આ સ્થળ દર વર્ષે મોટી સંખ્યામાં આવતા કુંજ પક્ષીઓના આરામસ્થાન તરીકે પ્રસિદ્ધ છે. જેના કારણે આ વિસ્તાર પ્રકૃતિપ્રેમીઓ, પક્ષી નિરીક્ષકો અને ફોટોગ્રાફરો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. તાજેતરમાં સ્થાનિકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ડુંગરના ભાગોડે NTPC સાથે સંકળાયેલ સોલાર પ્રોજેક્ટ શરૂ થવાનો છે. આ ચર્ચાએ સ્થાનિકો અને પક્ષીપ્રેમીઓમાં ચિંતા ઊભી કરી છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક વિડિઓમાં કુંજ પક્ષીઓની પુકાર લોકોને ભાવુક બનાવી રહી છે.

નખત્રાણા તાલુકા પંચાયત સદસ્ય શ્રી સલીમભાઈ મુસાભાઈ જીએજાએ જણાવ્યું હતું કે, "વિકાસના કાર્યો જરૂરી છે, પરંતુ તેની સાથે કુદરતી પર્યાવરણ અને પક્ષીઓના વસવાટનું સંરક્ષણ પણ એટલું જ જરૂરી છે. કિરો ડુંગર અને આસપાસનો વિસ્તાર પર્યાવરણની દ્રષ્ટિએ ખૂબ જ સંવેદનશીલ છે.

# જુનાગઢના રાયજીબાગમા અધિક માસ નિમિત્તે શ્રીમદ્ ભાગવત કથા તથા હનુમાન ચરિત્ર કથાનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જુનાગઢના રાયજીબાગમા અધિક માસ નિમિત્તે શ્રીમદ્ ભાગવત કથા તથા હનુમાન ચરિત્ર કથાનું આયોજન કરવામાં આવ્યું છે, સનાતનીઓનુ કહેવુ છે કે અધિક માસમાં કરેલું સત્કર્મ પુણ્ય અધિક ફળ આપે છે, આથી અધિક માસ દરમ્યાન તારીખ 17- 5 -26 થી 15- 6 -26 સુધી શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ખાતે દરરોજ સવારે ગોરમાનું પૂજન થશે અને 1000 તુલસી પત્ર સમન્વિત શ્રી લક્ષ્મીનારાયણ નું પૂજન થશે ઉપરાંતમા દરરોજ સાંજે 5 થી 7 લક્ષ્મીનારાયણ મહિલા મંડળ દ્વારા સત્સંગ થશે, અને તારીખ 30-5-26ને શનિવારે વ્રતની પૂનમના દિવસે સાંજે પાંચ થી સાત સમુહ સત્યનારાયણ ભગવાનની કથા થશે તેમજ તારીખ 31-5-26એ ભરવાની પૂનમે રવિવારે મંદિરમાં વિષ્ણુ યજ્ઞ યોજાશે, તથા તા.૪ થી ૬ જૂને સાંજે 4:00 થી 07:00 શ્રી હનુમાન ચરિત્ર કથા યોજાશે, તદ્ઉપરાંત તા.8- 6-26 થી 14-06-26 સુધી સાંજે 4:00 થી 7 શ્રીમદ્ ભાગવત કથા નું રસપાન થશે જેના વક્તા તરીકે શાસ્ત્રીશ્રી હાર્દિકભાઈ પુરોહિત બિરાજમાન થશે, તારીખ 15-6-26ને અમાસના દિવસે શ્રી લક્ષ્મીનારાયણ મહિલા મંડળ દ્વારા સમૂહ મંડળ પૂજા રાખવામાં આવી છે, આ આ કથાના વક્તા તરીકે શાસ્ત્રીશ્રી હાર્દિકભાઈ પુરોહિત બિરાજમાન થશે તેમલક્ષ્મીનારાયણ મંદિર, રાયજીબાગ, જુનાગઢના વહિવટકર્તાશ્રી જયકિશનભાઈ દેવાણી, જીતુભાઈ ટાંક, મનીષભાઈ વડનાગરા, તથા હેમાંશુભાઈ કારીયા એ જણાવ્યું છે, અને આ દરેક ધાર્મિક કાર્યક્રમો નો લાભ લેવા માટે પધારવા સૌને હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

# રાજકીય વ્યસ્તતા વચ્ચે પણ કચ્છના ધાર્મિક કાર્યક્રમોમાં જોડાઈ રહ્યા છે ધારાસભ્ય પી.એમ. જાડેજા

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)





અબડાસા વિસ્તારના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા રાજકીય વ્યસ્તતા વચ્ચે પણ સતત ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યક્રમોમાં સક્રિય ઉપસ્થિતિ નોંધાવી રહ્યા છે. કચ્છના વિવિધ વિસ્તારોમાં યોજાતા ભક્તિમય કાર્યક્રમોમાં તેમની હાજરીને કારણે લોકોમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં નખત્રાણા તાલુકાના વડવા ગામે આવેલ આઈ શ્રી ઠોકવારી વાંડોલ ધામ - વડવા ભોપા સ્થાને આયોજિત પવિત્ર શ્રી શિવમહાપુરાણ કથામાં ધારાસભ્ય પી.એમ. જાડેજાએ હાજરી આપી હતી. અહીં તેમણે પૂજ્ય શ્રી ગિરિબાપુના મુખેથી શિવકથાનું પાવન શ્રવણ કરી ભગવાન મહાદેવના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આ ઉપરાંત ભુજના વલદાસનગર ખાતે સ્વ. શ્રી અનિરુદ્ધસિંહજી દિલાવરસિંહજી ચુડાસમા (દાજી બાપુ) પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહમાં પણ ધારાસભ્યશ્રીએ ઉપસ્થિત રહી કથાનું શ્રવણ કર્યું હતું. આ પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ મેળવી સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સદભાવના માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યક્રમો સમાજમાં સકારાત્મકતા, સંસ્કાર અને એકતાની ભાવના મજબૂત બનાવે છે. સંતો-મહંતોના આશીર્વાદથી સમાજમાં સુખાકારી અને ભાઈચારાનો સંદેશ પ્રસરે છે. બંને કાર્યક્રમોમાં સંતો, મહંતો, આગેવાનો અને મોટી સંખ્યામાં ભાવિકોએ હાજરી આપી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

## રવાપરમાં શોર્ટ સર્કિટથી ભીષણ આગ: મોટી દુર્ઘટના ટળી

મહેશ એલ. સોની | નખત્રાણા

નખત્રાણા તાલુકાના રવાપર ગામે આજે અચાનક લાગેલી આગને કારણે રહેણાંક વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. પવનના જોર વચ્ચે વીજ વાયરોના ઘર્ષણથી સર્જાયેલા શોર્ટ સર્કિટને કારણે દલિત વાસ વિસ્તારમાં આગ ફાટી નીકળી હતી. જોકે, ગ્રામ પંચાયત, સ્થાનિક આગેવાનો અને માતાનામઢ GMDCના સંકલિત પ્રયાસોને પરિણામે આગ પર ઝડપથી કાબુ મેળવી લેવાયો હતો, જેના કારણે એક મોટી જાનહાની અને માલહાનીની દુર્ઘટના ટળી ગઈ હતી.

ઘટનાની વિગત મુજબ, રવાપર ગામે દલિત વાસમાં આવેલા વાછરા દાદાના મંદિર પાસે ભારે પવન ફૂંકાવાને કારણે વીજ વાયરો એકબીજા સાથે અથડાયા હતા. આ ઘર્ષણથી પેદા થયેલા તણખાઓને કારણે નજીકના રહેણાંક વિસ્તારમાં આવેલી ઝાડીઓ અને ઉકરડામાં આગ લાગી હતી.

# તાલુકા પંચાયત સદસ્ય રિદ્ધિબેન નાયાણીની સતર્કતાથી વિથોણમાં આગની ઘટના સમયે તાત્કાલિક કામગીરી

### ફાયર સુવિધાના અભાવે પાનધ્રોથી પહોંચ્યું ફાયર ફાઈટર, સ્થાનિકોના સહકારથી આગ કાબૂમાં

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



નખત્રાણા તાલુકાના વિથોણ મુકામે ચાવડકા રોડ ઉપર આવેલા કોલી વાસ વિસ્તારમાં આજે ભર બપોરે અંદાજે અઢી વાગ્યાના સમયે અચાનક આગ લાગવાની ઘટના સર્જાતા વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં જ તાલુકા પંચાયત સદસ્ય રિદ્ધિબેન શાંતિલાલ નાયાણી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આગ વધુ ફેલાય નહીં અને કોઈ જાનહાનિ ન થાય તે માટે સ્થાનિક લોકોને સચેત કરવામાં આવ્યા હતા તેમજ ઈમરજન્સી સેવા ૧૧૨ પર કોલ કરીને ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

નખત્રાણા તાલુકામાં અગ્નિશામક વિભાગની પૂરતી સુવિધા ઉપલબ્ધ ન હોવાના કારણે ફાયર ફાઈટરની ટીમ છેક પાનધ્રોથી ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યારબાદ આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરાઈ હતી અને ભારે જહેમત બાદ આગને નિયંત્રણમાં લેવામાં સફળતા મળી હતી.

આ બનાવ દરમિયાન તાલુકા પંચાયત સદસ્ય દિનેશભાઈ રૂડાણી, ગામના સરપંચશ્રી, તલાટી કમ મંત્રી તેમજ અંદાજે પચાસ જેટલા સ્થાનિક લોકોએ સહકાર આપી બચાવ કામગીરીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

આ ઘટનાએ નખત્રાણા તાલુકામાં કાયમી અગ્નિશામક સુવિધાની જરૂરિયાત ફરી એકવાર ઉજાગર કરી છે.

# ઘડુલી આરોગ્ય કેન્દ્રમાં સફળ પ્રસૂતિ, માતા-બાળકી સ્વસ્થ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)




ઘડુલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય સેવાઓનો વધુ એક સફળ કિસ્સો સામે આવ્યો છે. તા. 13 મે 2026ના રોજ રાત્રે અંદાજે 10 વાગ્યે આરોગ્ય કેન્દ્ર ખાતે નોર્મલ વેજાઈનલ ડિલિવરી દ્વારા સ્વસ્થ બાળકીનો જન્મ થયો હતો. માતાની આ બીજી પ્રસૂતિ હોવાનું જાણવા મળ્યું છે. નવજાત બાળકીનું વજન 3.400 કિલોગ્રામ નોંધાયું હતું. જન્મ બાદ આરોગ્ય વિભાગની માર્ગદર્શિકા મુજબ જરૂરી બર્થ વેક્સિન ડોઝ પણ આપવામાં આવ્યા હતા. સમગ્ર પ્રસૂતિ પ્રક્રિયા દરમિયાન તબીબી ટીમ દ્વારા સાવચેતીપૂર્વક કામગીરી કરવામાં આવી હતી. આરોગ્ય કેન્દ્રના સ્ટાફ દ્વારા માતા અને નવજાત બાળકીની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. હાલ બંનેની તબિયત સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે. સફળ પ્રસૂતિ બાદ પરિવારજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા મળતી સમયસર અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ લોકો માટે આશીર્વાદરૂપ બની રહી છે. ઘડુલી PHCની ટીમની કામગીરીને સ્થાનિક લોકો દ્વારા પ્રશંસા મળી રહી છે.

# ભીરડીયારામાં સતત વીજ સમસ્યા યથાવત, ગ્રામજનોમાં રોષ – ધારાસભ્યએ આપી ખાતરી

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



ભુજ તાલુકાના ભીરડીયારા ગામમાં છેલ્લા અંદાજે 15 દિવસથી જીબી લાઈન સંબંધિત સમસ્યાઓ સતત વધી રહી છે, જેના કારણે ગામલોકો ભારે પરેશાન બની ગયા છે. ગરમીના કપરા સમયમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. પૂર્વ સરપંચ દેવાભાઈ મારવાડા તથા સરપંચ ખાન મામદ રાયસીએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે ગામમાં સ્થિતિ એવી બની ગઈ છે કે "બે કલાક લાઈટ હોય તો બે કલાક બંધ રહે છે." ગ્રામજનો દ્વારા જવાબદાર અધિકારીઓને ફોન કરવામાં આવે છે, પરંતુ ઘણીવાર ફોન ઉપાડવામાં આવતો નથી અથવા મોબાઈલ સ્વિચ ઓફ આવે છે, જેના કારણે લોકોમાં ભારે નારાજગી ફેલાઈ છે. ભીરડીયારા ગામ આ વિસ્તારનું મુખ્ય મથક હોવાથી અહીં આવેલી હોટલો, દુકાનો તેમજ માવા, ઠંડા પીણા અને આઈસ્ક્રીમના વેપારીઓને ભારે નુકસાન સહન કરવું પડી રહ્યું છે. સતત વીજ ખલેલને કારણે કૂલિંગ સાધનો બંધ થઈ જતા માલસામાન બગડવાની ભીતિ ઉભી થઈ છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ જીબીની વીજ લાઈનો ઘણી જૂની થઈ ગઈ છે. અનેક વખત રજૂઆત કરવા છતાં આજદિન સુધી લાઈનો બદલવાની કામગીરી હાથ ધરવામાં આવી નથી. ઉપરાંત વારંવાર લાઈટ જવાનું ચોક્કસ કારણ પણ વિભાગ દ્વારા જણાવવામાં આવતું નથી.

# કેશોદના ડૉ. રાજેશ સાંગાણીએ દુબઈની પ્રતિષ્ઠિત DHA પરીક્ષા પાસ કરી

નરેન્દ્ર દવે | જૂનાગઢ

કેશોદના તબીબી ક્ષેત્રમાં આજે ખુશી અને ગૌરવની લહેર જોવા મળી રહી છે. શહેરના જાણીતા તબીબ ડૉ. રાજેશ સાંગાણીએ આંતરરાષ્ટ્રીય સ્તરે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે દુબઈ હેલ્થ ઓથોરિટી (DHA) દ્વારા લેવામાં આવતી અત્યંત કઠિન અને પ્રતિષ્ઠિત પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે. આ સફળતા સાથે હવે તેઓ દુબઈમાં એમ.ડી. ફિઝીશ્યન તરીકે સ્વતંત્ર પ્રેક્ટિસ કરવા તેમજ પોતાની હોસ્પિટલ સ્થાપવા માટે લાયક ઠર્યા છે. તેમની આ ઉપલબ્ધિથી કેશોદ શહેર સહિત સમગ્ર રઘુવંશી સમાજનું નામ વિશ્વ સ્તરે રોશન થયું છે.દુબઈમાં તબીબી સેવાઓ આપવા માટે 'દુબઈ હેલ્થ ઓથોરિટી'ની પરીક્ષા પાસ કરવી અનિવાર્ય હોય છે, જેને વિશ્વની સૌથી મુશ્કેલ તબીબી પરીક્ષાઓમાંની એક માનવામાં આવે છે.

# નખત્રાણા હોસ્પિટલમાં માનવતા, આરોગ્ય અને પર્યાવરણનો સુંદર સમન્વય

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



નખત્રાણા સામુહિક સરકારી હોસ્પિટલ ખાતે જીવ વાત્સલ્ય ટીમ દ્વારા પ્રશંસનીય સેવાકીય કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. હોસ્પિટલ પરિસરમાં પક્ષીઓ માટે અંદાજે 40 માળા તથા 10 પાણીના કુંડાઓ મૂકવામાં આવ્યા હતા, જેથી ઉનાળાની કડક ગરમીમાં પક્ષીઓને આશ્રય અને પાણી મળી રહે.

આ સમગ્ર કામગીરીમાં રમેશભાઈ તેમજ હોસ્પિટલના અન્ય સ્ટાફે ભારે મહેનત કરીને હોસ્પિટલ પરિસરમાં વિવિધ સ્થળોએ માળાઓ લગાવ્યા હતા. હોસ્પિટલ જેવી જાહેર જગ્યાએ જીવદયા અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી દર્શાવતું આ કાર્ય લોકોમાં પ્રશંસાનું કેન્દ્ર બન્યું છે.

આ પહેલ દ્વારા માત્ર પક્ષીઓની સંભાળ જ નહીં, પરંતુ માનવતા, આરોગ્ય અને પર્યાવરણ વચ્ચેનો સુંદર સમન્વય પણ જોવા મળ્યો હતો. હોસ્પિટલમાં આવતા દર્દીઓ અને મુલાકાતીઓમાં પણ આ કામગીરીએ સકારાત્મક સંદેશ ફેલાવ્યો હતો.

જીવ વાત્સલ્ય ટીમ દ્વારા જણાવાયું હતું કે આગામી સમયમાં પણ આવી સેવાભાવી પ્રવૃત્તિઓ ચાલુ રાખવામાં આવશે.

# સાસણ ગિરમાં IBCA પ્રિ-સમિટ: સિંહ સંરક્ષણના વૈશ્વિક મોડેલની ગુંજ

નરેન્દ્ર દવે | જૂનાગઢ

ગુજરાતની શાન અને એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન સાસણ ગીર ખાતે આજે 'ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ' (IBCA) સમિટ-2026ના પૂર્વાર્ધરૂપે 'સિંહ' પ્રજાતિ સ્પોટલાઈટ ઈવેન્ટનો ભવ્ય પ્રારંભ થયો છે. કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું હતું, જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા અધ્યક્ષતા કરી હતી. આ પ્રસંગે ગુજરાતના વન મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા અને શ્રી પ્રવીણ માલી સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગીર એ વિશ્વ માટે એક ઉત્તમ ઉદાહરણ છે કે કેવી રીતે પર્યાવરણીય અભિગમ સાથે આર્થિક પ્રગતિ અને વન્યજીવ સંરક્ષણ સાથે ચાલી શકે છે. તેમણે સિંહોની વસ્તીમાં થયેલા વધારા માટે સ્થાનિક સમુદાયની ભાગીદારી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વસુધૈવ કુટુંબકમ'ના વિઝનને શ્રેય આપ્યો હતો. મુખ્યમંત્રીએ બરડા વન્યજીવ અભયારણ્યને સિંહોના બીજા ઘર તરીકે વિકસાવવાની પ્રતિબદ્ધતા પણ દોહરાવી હતી. કેન્દ્રીય મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે મહત્વની જાહેરાત કરતા જણાવ્યું કે, આગામી ૧-૨ જૂન, ૨૦૨૬ ના રોજ નવી દિલ્હીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં પ્રથમ IBCA સમિટ યોજાશે.

# મોરઝર ખાતે "શ્રી રામકથા"નું ભવ્ય આયોજન સંતશ્રી પૂંજલદાદા અખાડા ખાતે 17 થી 25 મે સુધી ધાર્મિક મહોત્સવ યોજાશે

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના મોરઝર ગામે સંતશ્રી પૂંજલદાદા અખાડા ખાતે "શ્રી રામકથા"ના ભવ્ય આયોજનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ધાર્મિક મહોત્સવ આગામી તા. 17/05/2026 રવિવારથી શરૂ થઈ તા. 25/05/2026 સોમવાર સુધી યોજાશે. આ કાર્યક્રમ દરમિયાન સંતશ્રી પૂંજલદાદા નૂતન મંદિર દશાબ્દી મહોત્સવ અંતર્ગત શ્રી રામકથાનું વક્તવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહી ધાર્મિક લાભ મેળવે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. આ પ્રસંગે પરમ પૂજ્ય સહગુરુ શ્રી વેલજીગણ કાપડી તથા દિલીપગણ ગુરુશ્રી વેલજીગણ કાપડીની ઉપસ્થિતિ કાર્યક્રમને વિશેષ ભવ્યતા આપશે. સાથે જ વક્તાશ્રી તરીકે શ્રીમતી 1008 માં શ્રી કંકેશ્વરીદેવીજી ઉપસ્થિત રહી શ્રી રામકથાનું રસપાન કરાવશે.




આયોજક મંડળ દ્વારા સમગ્ર કચ્છ સહિત આસપાસના વિસ્તારોના ભાવિકોને આ પવિત્ર કથામાં હાજરી આપી ધર્મલાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કાર્યક્રમનું સ્થળ સંતશ્રી પૂંજલદાદા અખાડા, મોરઝર તા. નખત્રાણા ખાતે રાખવામાં આવ્યું છે. વધુ માહિતી માટે સંપર્ક નંબર 9426683375 જાહેર કરવામાં આવ્યો છે.

# ચૂંટણી સમયના દારૂના કેસમાં વડોદરાના કોંગ્રેસ કોર્પોરેટર આશિષ જોષીની ધરપકડ

કમલેશ પટેલ | સંખેડા

વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર 15 ના કોંગ્રેસના કોર્પોરેટર આશિષ જોષીની પ્રોહિબિશનના ગુનામાં અમદાવાદથી ધરપકડ કરવામાં આવતા વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના રાજકારણમાં ભારે ચર્ચાઓ જાગી છે. અમદાવાદ પોલીસે ધરપકડની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ, આજે ટ્રાન્સફર વોરંટના આધારે તેમને સંખેડા લાવવામાં આવ્યા છે. આ હાઈપ્રોફાઈલ ધરપકડને પગલે સંખેડા પોલીસ મથક ખાતે વડોદરા શહેર અને જિલ્લાના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉમટી પડતા વાતાવરણમાં ઉત્તેજના જોવા મળી રહી છે.શું છે સમગ્ર મામલો? ઘટનાની વિગતો મુજબ, છોટાઉદેપુર જિલ્લાના સંખેડામાં અગાઉની ચૂંટણીઓ દરમિયાન દારૂની હેરાફેરી અને વિતરણ અંગે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ ગંભીર ગુનાની તપાસમાં વડોદરાના કોર્પોરેટર આશિષ જોષીનું નામ ખૂલતા તેઓ લાંબા સમયથી પોલીસ ચોપડે વોન્ટેડ હતા. અમદાવાદની રામોલ પોલીસે બાતમીના આધારે તેમની અટકાયત કરી હતી, જે બાદ કાયદેસરની પ્રક્રિયા હાથ ધરી તેમને સંખેડા પોલીસને સોંપવામાં આવ્યા છે. પોલીસ મથકે નેતાઓની જમાવટ અને કડક સુરક્ષા આશિષ જોષીને સંખેડા લાવવામાં આવતાની સાથે જ વડોદરા શહેર અને જિલ્લાના કોંગ્રેસના અગ્રણીઓ તેમજ કાર્યકર્તાઓ વાયુવેગે સંખેડા પોલીસ મથકે પહોંચ્યા હતા.

વસ્તીગણતરીના કામથી મુક્તિની માગ

# સરની કામગીરીમાં બાંહેધરી છતાં વસ્તી ગણતરીનું કામ સોપાતાં શિક્ષકો વિફર્યા

(એજન્સી) વાપી | તા. 14

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં શિક્ષક બીએલઓમાં હાલ ભારે રોષ છે. આ પ્રાથમિક શાળાના શિક્ષકોને મતદારયાદી સુધારણા (સર)ની કામગીરી વખતે આગામી વસ્તીગણતરીમાંથી મુક્તિની તંત્રએ બાંહધરી આપી હતી આમ છતાં તાજેતરમા ફરી શિક્ષક બીએલઓને વસ્તી ગણતરીની કામગીરીના ઓર્ડર કરાયા છે.

બુધવારે આ શિક્ષકો વાપી મનપા કચેરીમાં પહોંચી વસ્તી ગણતરીના ઓર્ડર કેન્સલ કરવાની માગ કરી હતી. શિક્ષકો વસ્તી ગણતરીનું કામ સોપંતા વિવાદ આગામી દિવસોમા વકરે તેવી સંભાવના છે.



વાપી મનપા વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષકોએ બુધવારે મનપા કચેરીમા આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, વાપી મહાનગરપાલિકા વિસ્તાર અંતગર્ત આવતાં તમામ બીએલઓએ સરની કામગીરી 4 મહિના સુધી કરી છે. અને આ કામગીરી કર્યા બાદ દરેક બીએલઓને વસ્તી ગણતરીની કામગીરીમાંથી મુક્તિ આપવાની બાંહેધરી આપેલ હોવા છતાં વસ્તી ગણતરીમાં ફરીથી ઓર્ડર કરવામાં આવેલ છે. જે ઓર્ડર કેન્સલ કરવા માંગ કરી છે. 40થી વધુ શિક્ષકોએ લેખિતમા માગ કરી છે.

ગત માર્ચ-2026ના માસમાં જ બીએલઓ-સેક્ટર ઓફિસર દ્વારા SIR-2026ની કામગીરી ઝુંબેશ રૂપે સફળતા પુર્વક પૂર્ણ કરી છે વધુમાં હાલમાં DSEની કામગીરી પણ ચાલુમાં છે તેમજ સતત મતદારયાદી સુધારણા કાર્યક્રમની કામગીરી ચાલુ રહેતી હોવાથી બીએલઓ તેમજ સેક્ટર ઓફિસરને વસ્તી ગણતરીની કામગીરીમાંથી મુક્તી આપવા આપના તાબાની તમામ કચેરીઓને જાણ કરી અન્ય કર્મચારીઓના હુકમ કરી અત્રે જાણ કરવા માગ કરી છે.

હવે વાપી વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષકોને વસ્તી ગણતરીની કામગીરીના ઓર્ડર રદ્દ થશે કે પછી કામગીરી કરવી પડશે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# બોરતલાવ પંથકના ગામોમાં ૨૦ દિવસ બાદ ખેતીવાડી વીજળી પુનઃ શરૂ

કમલેશ પટેલ | સંખેડા

ઉનાળાની આકરી ગરમીમાં જ્યારે ખેતીના પાકને પાણીની સૌથી વધુ જરૂર હોય છે, ત્યારે સંખેડા તાલુકાના બોરતલાવ પંથકના અનેક ગામોમાં છેલ્લા ૨૦ દિવસથી ખેતીવાડી વીજળી ગુલ રહેતા ખેડૂતો પાયમાલ થવાની કગાર પર પહોંચ્યા હતા. જોકે, આ પ્રશ્ને સ્થાનિક જનપ્રતિનિધિની સક્રિયતાને કારણે માત્ર ૨૪ કલાકમાં જ કૂવાની વીજ લાઈનો શરૂ કરી દેવામાં આવતા ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો છે.૨૦ દિવસથી ખેડૂતોની હાલાકી માલપુર, દામાપુરા, ઘોડા, ગેડીયા, બોરતલાવ અને પ્રતાપપરા જેવા ગામોમાં છેલ્લા ૨૦ દિવસથી કૂવાની વીજળી મળતી ન હતી. એક તરફ આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે, ત્યારે બીજી તરફ કપાસ જેવા ઉભા પાકને સમયસર પાણી ન મળતા પાક સુકાવા લાગ્યો હતો. ખેડૂતો દ્વારા વારંવારની રજૂઆતો છતાં કોઈ ઉકેલ આવતો ન હોવાથી ખેતીમાં મોટા નુકસાનની ભીતિ સેવાઈ રહી હતી.જનપ્રતિનિધિની ત્વરિત કાર્યવાહી આ ગંભીર પરિસ્થિતિ અંગે પ્રતાપપરા અને માલપુર ગામના લોકોએ બોરતલાવ તાલુકા પંચાયતના નવનિર્વાચિત ભાજપના ઉમેદવાર ભાવિકાબેન વિશાલકુમાર પટેલનું ધ્યાન દોર્યું હતું. ખેડૂતોની વ્યથા સાંભળીને ભાવિકાબેને તુરંત જ વીજ વિભાગના હેલ્પર અને સંબંધિત અધિકારીઓનો સંપર્ક સાધ્યો હતો. તેમની રજૂઆતના પગલે તંત્ર સફાળું જાગ્યું હતું.

# નર્મદા જિલ્લા ભાજપમાં ભડકો: પરાજયની જવાબદારી બાદ પ્રમુખના રાજીનામાની માંગ

સત્યવાલંબ બારોટ | રાજપીપલા

નર્મદા જિલ્લામાં તાજેતરમાં યોજાયેલી પંચાયત ચૂંટણીઓમાં ભાજપના કારમાં પરાજય બાદ સંગઠનમાં ભડકો થયો છે. એક તરફ જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવે પરાજયની નૈતિક જવાબદારી સ્વીકારી છે, ત્યારે બીજી તરફ ભાજપના જ પૂર્વ પ્રદેશ મંત્રી દિનેશ તડવીએ આક્ષેપોનો મારો ચલાવી પ્રમુખના રાજીનામાની માંગ સાથે સંગઠનને જડમૂળથી બદલવાની માંગ કરી છે.જિલ્લા પ્રમુખનો એકતા અને મનોમંથનનો સૂર સાંસદ મનસુખ વસાવાએ કાર્યકરો સાથે બેઠક કરી હારનું મનોમંથન કર્યા બાદ જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવે પરાજયની જવાબદારી સ્વીકારતા કાર્યકરોને એક સંદેશ પાઠવ્યો છે. તેમણે જણાવ્યું કે, હાર-જીત એ લોકશાહીનો ભાગ છે. આગામી સમયમાં બૂથ સ્તરથી લઈ જિલ્લા સ્તર સુધી સંગઠનને મજબૂત કરી વિકાસ કાર્યોને વેગ અપાશે. જોકે, તેમણે આડકતરી રીતે એકતા અને સંગઠન શક્તિ પર ભાર મૂકી ડેમેજ કંટ્રોલનો પ્રયાસ કર્યો છે.

પૂર્વ પ્રદેશ મંત્રી દિનેશ તડવીના આકરા પ્રહાર નીલ રાવના નિવેદન સામે નરેન્દ્ર મોદી સાથે કામ કરી ચૂકેલા પૂર્વ પ્રદેશ મંત્રી દિનેશ તડવીએ આકરા પ્રત્યાઘાત આપ્યા છે. તેમણે જણાવ્યું કે, આવી ખોટી માફી માંગવાનો કોઈ અર્થ નથી. દિનેશ તડવીએ સીધા આક્ષેપો કરતા કહ્યું કે:

જિલ્લા સંગઠને કોઈ કામ કર્યું જ નથી, ટિકિટ ફાળવણીથી લઈ તમામ પ્રક્રિયામાં ખામી હતી.જવાબદારી સોંપનારા નેતાઓએ માત્ર AC ચેમ્બરમાં બેસીને મોબાઈલ જ ટીચ્યા છે. જો પરાજયની જવાબદારી સ્વીકારતા હોય તો રાજીનામું આપવું પણ જવાબદારી જ છે. ફરી સાથે મળીને કામ કરવાની વાતો એ જૂના અને વફાદાર કાર્યકરોને છેતરવા જેવી બાબત છે. નવા સંગઠનની માંગ દિનેશ તડવીએ પ્રદેશ નેતાગીરી સમક્ષ માંગ કરી છે કે, જેમણે પાર્ટી માટે જીવન ખપાવી દીધું હોય તેવા પાયાના કાર્યકરોને નર્મદા જિલ્લાનું સુકાન સોંપવામાં આવે. લાયકાત વિનાના લોકોના કારણે પાર્ટી અને કાર્યકરોને જે નુકસાન થયું છે તે અટકાવવા માટે નવું સંગઠન રચવું અનિવાર્ય છે.સાંસદ મનસુખ વસાવા બાદ હવે પૂર્વ પ્રદેશ મંત્રીએ પણ સંગઠન સામે બાંયો ચડાવતા નર્મદા ભાજપમાં આગામી દિવસોમાં મોટા ફેરફારો થાય તેવી શક્યતા નકારી શકાતી નથી.

# ડાંગના માલેગામમાં સેવાનો મહાકુંભ ઉમટ્યો : અનસંગ હીરોઝ એવોર્ડ્સ એનાયત

સુશીલ પવાર | ડાંગ પ્રકૃતિના ખોળે વસેલા ડાંગ જિલ્લાના માલેગામ ખાતે તાજેતરમાં માનવતા અને નિસ્વાર્થ સેવાના અનોખા સંગમ સમાન 'અનસંગ એવરીડે હીરોઝ એવોર્ડ્સ' સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ડુંગરો ટેન્ટ સિટીના આહલાદક વાતાવરણમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સમાજ પ્રત્યે પોતાની જવાબદારી સમજીને કોઈપણ પ્રસિદ્ધિ વગર રાત-દિવસ એક કરનારા પાયાના કાર્યકરોને આદરપૂર્વક બિરદાવવામાં આવ્યા હતા. આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય છેવાડાના માનવી માટે કાર્યરત અદ્રશ્ય રત્નોની કામગીરીને જગત સમક્ષ લાવવાનો હતો.ગુરુદેવના જન્મોત્સવની વિશેષ ઉજવણી મીડિયા અહેવાલ મુજબ, આ પ્રેરણાદાયી સમારોહ ગુરુદેવ રવિશંકર મહારાજના 70મા જન્મદિવસ અને આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના 45 વર્ષના ભવ્ય સેવાયજ્ઞની ઉજવણીના ભાગરૂપે આયોજિત કરાયો હતો. ડાંગની ગિરિમાળાઓમાં આધ્યાત્મિક અને સામાજિક ચેતના જગાડવાના આ પ્રયાસને સ્થાનિક લોકોએ ઉમળકાભેર વધાવી લીધો હતો. આ અવસરે શિક્ષણ, આરોગ્ય અને સામાજિક ઉત્થાન જેવા મહત્ત્વના ક્ષેત્રોમાં પાયાની કામગીરી કરનારા કર્મયોગીઓને મંચ પર સ્થાન આપવામાં આવ્યું હતું.સેવાના સાધકોનું વિશેષ સન્માન આ એવોર્ડ સમારોહમાં આહવા તાલુકાના ચિરાપાડા ગામના નીતિનભાઈ રામદાસભાઈ રાઉતને 'યુથ લીડરશિપ એવોર્ડ'થી નવાજવામાં આવ્યા હતા. નીતિનભાઈ છેલ્લા ઘણા સમયથી યુવાનો અને મહિલા સશક્તિકરણ માટે પાયાનું કાર્ય કરી રહ્યા છે.

# મહીસાગરમાં આર્ટ ઓફ લિવિંગની માનવતા : નિશુલ્ક છાશ વિતરણનો સેવા યજ્ઞ યોજાયો

જગદીશ ત્રિવેદી મહીસાગર

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે માનવતાના અનોખા દર્શન થયા છે. પૂજ્ય શ્રી રવિશંકરજીના જન્મદિવસના પાવન અવસરે આર્ટ ઓફ લિવિંગ પરિવાર દ્વારા લુણાવાડા એસટી બસ સ્ટેન્ડ ખાતે નિશુલ્ક છાશ વિતરણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ઉનાળાના ધોમધખતા તાપ અને અસહ્ય ગરમીના ઉકળાટ વચ્ચે મુસાફરો અને સ્થાનિક જનતાને ટાઢક પહોંચાડવાના શુભ આશય સાથે હાથ ધરાયેલા આ સેવાયજ્ઞએ લોકોના દિલ જીતી લીધા હતા. કાળઝાળ ગરમીમાં સેવાનું અમૃત અત્યારે જ્યારે આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે અને શરીરને દઝાડે તેવી ગરમી પડી રહી છે, ત્યારે એસટી સ્ટેન્ડ જેવા જાહેર સ્થળે મુસાફરોની હાલત કફોડી બનતી હોય છે. મીડિયા અહેવાલ મુજબ, આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંસ્થાના સ્વયંસેવકો દ્વારા સેંકડો મુસાફરો, શ્રમજીવીઓ, છૂટક મજૂરી કરનારા ગરીબ લોકો તેમજ સ્થાનિક રહીશોને ઠંડી છાશનું વિતરણ કરી ગરમીમાં મોટી રાહત પૂરી પાડવામાં આવી હતી. મુસાફરો માટે આ છાશ ઉનાળાની લૂ સામે રક્ષણ આપનારું અમૃત સાબિત થઈ હતી.એસટી કર્મચારીઓ અને જનતાનો ઉત્સાહ આ સેવાકીય પ્રવૃત્તિમાં માત્ર સામાન્ય નાગરિકો જ નહીં, પરંતુ લુણાવાડા એસટી ડેપોમાં ફરજ બજાવતા કર્મચારીઓએ પણ હોંશભેર લાભ લીધો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, લુણાવાડા એસટી ડેપો મેનેજર જાગૃતિબેન ગણાવાએ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહીને સંસ્થાના પ્રયાસોને બિરદાવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અનેક સ્થાનિક દાતાઓએ પોતાનો ઉદાર હાથે સહયોગ આપ્યો હતો, જેના કારણે સેવાનો આ પ્રવાહ અવિરત ચાલુ રહ્યો હતો.ગુરુદેવના માર્ગદર્શન હેઠળ જનસેવા ઉલ્લેખનીય છે કે, પૂજ્ય શ્રી રવિશંકરજીના માર્ગદર્શન હેઠળ આર્ટ ઓફ લિવિંગ સંસ્થા માત્ર આધ્યાત્મિકતા જ નહીં, પરંતુ શિક્ષણ, પર્યાવરણ જાગૃતિ અને માનવ કલ્યાણના અનેકવિધ પ્રકલ્પો ચલાવી રહી છે. લુણાવાડામાં આયોજિત આ કાર્યક્રમ તે જ સેવા પરંપરાની એક કડી સમાન છે. ધોમધખતા તાપમાં કોઈ તરસ્યાને ટાઢક આપવી એ જ સાચી ઈશ્વર ભક્તિ છે તેવો સંદેશ આ કાર્યક્રમ દ્વારા વહેતો કરવામાં આવ્યો હતો.

## બાલાસિનોરમાં કાછિયા પટેલ સમાજની પધરામણી : વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ વિતરણ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે સમસ્ત શ્રી કાછિયા સમાજ પંચ અને બાલાસિનોર કાછિયા પટેલ સમાજ ટ્રસ્ટ દ્વારા શિક્ષણ અને સામાજિક ઉત્થાનના હેતુસર એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાછિયા સમાજ પંચની વાડીમાં આયોજિત આ સમારોહમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, જરૂરિયાતમંદ બાળકોને નોટબુક સહાય અને સમાજની વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ અને સમાજ સેવાના ત્રિવેણી સંગમ જેવો માહોલ સર્જાયો હતો.પાટોત્સવ અને વિદ્યાદાનનો મહિમા મીડિયા અહેવાલ મુજબ, આ વિશેષ કાર્યક્રમ પ્રાચીન કુળદેવી શ્રી સમરી માતાના ચોથા વાર્ષિક પાટોત્સવના પાવન ઉપલક્ષમાં યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા બાલાસિનોર કેળવણી મંડળના ઉપપ્રમુખ સુધીરભાઈ ધારિયા (રંગુનવાળા)એ શિક્ષણ પ્રત્યે પોતાની કટિબદ્ધતા દર્શાવતા રૂ. ૭૫,૦૦૦નું માતબર દાન વિદ્યા વિકાસ અર્થે અર્પણ કર્યું હતું. તેમની આ ઉમદા કામગીરીને સમગ્ર સમાજે હોંશભેર વધાવી લીધી હતી.

# ...જ્યારે માણસ નું સર્જન ધરા પર થયું ને ત્યારે માણસ એકલો હતો...

જ્યારે માણસ નું સર્જન ધરા પર થયું ને ત્યારે માણસ એકલો હતો એટલે કંટાળી ને તપસ્યા દ્વારા ભગવાન પાસે પરિવાર માંગ્યો ને એમાં સુંદર પત્ની નો સાથ ગિફ્ટ સ્વરૂપે માંગ્યો. ભગવાન એ સહેજ સ્મિત કરતા માણસ ને પૂછ્યું પણ હતું કે ગિફ્ટ માં જન્મતા ની સાથે પરિવાર સારી વાત છે પણ "પત્ની" કેમ? ત્યારે માણસ એ શરમાઈ ને કીધું કે તમારા સુખ એ સુખ ને માણસ ના સુખ પાણી ની માફક વહી જાય અમને પણ થાય કે નોકરી ધંધે થી આવીએ ત્યારે દરવાજે પત્ની રાહ માં ઊભી હોય ને આંગણે બાળકો રમતા હોય.ભગવાન એ માણસ ની અમૂલ્ય ગિફ્ટ માટેની જીદ જોતા તથાસ્તુ બોલી ને અદશ્ય થઈ ગયા.લાખો કાળથી અમૂલ્ય ગિફ્ટ નો હક અધિકાર પ્રાપ્ત કર્યા બાદ ધરા પરનો કાળા માથા નો માનવી અગંત માં પત્ની પીડિત જાહેર કર્યા બાદ કાન પકડીને જાહેર માં પત્ની ની માફી માગતો થઈ ગયો છે.અમારી જય મંગલ સોસાયટી માં જ્યાર થી મોદીજી એ ટીવી પર આવીને સોના ની ખરીદી ઓછી કરો અને પેટ્રોલ ઓછું વાપરોની જાહેરાત કરી છે ત્યાર થી પત્ની જગત માં અફરા તફરી મચી ગઈ છે.જય મગલ સોસાયટી નું પટેલ પરિવાર ના પટલાણી કમળા દેવી એ ઢોલક જેવો અવાજ એ પતિ ને સવાર ના ચાર વાગ્યા માં જગાડતા કીધું કે ઊઠો હાલો,જલદી બધા ઊઠે એ પહેલાં પેટ્રોલ અને સોના ચાંદી નો સ્ટોક કરી નાખીએ. મોદીજી નું ભલુ પૂછવું કોરોના કાળ ની જેમ લોક ડાઉન કરી દેશે તો.પટેલ ભાઈ એ ખંધુ હસતા કહ્યું કે વેવલી, છાની માની ઊંઘી જા ને મને પણ ઊંઘવા દે અત્યારે તો આખું ગામ ઊંઘતું હશે બોલીને એ પડખું ફરીને ઊંઘી ગયા. કમળા બેન ના મનમાં ફફડાટ હતો કે જો સોનુ મૂદલ મળતુ બંધ થઈ જશે તોતો..મારા છોકરા ના લગ્ન માં વહુ ને પચાસ તોલા આપવાના સ્વપ્ના વિખરાઈ જશે તો.મોટાભાભી એ પચીસ તોલા સોનું આપ્યું એમાં તો એનું અભિમાન મોઢાં માં સમાતું નહતું. ભાભી એ પચીસ આપ્યું તો આપણે પચાસ આપવાનું.. નક્કી.. નક્કી..એટલે સો વાર નક્કી..બોલતા બોલતા એ પણ ગાઢ નિંદ્રા માં પોઢી ગયા.ઉઠતાવેંત કમળા બેન એ રાત ની જીદ "સોનુ ખરીદવું" તાજી કરતા બાથરૂમ ના દરવાજા આગળ આવીને મોટેથી બોલ્યા!!પટેલ..ઓ..પટેલ,શું કલાક થી બાથરૂમ માં કરો છો? મોબાઈલ જોતા હો તો જુવો આજ નો સોના નો ભાવ કેટલો છે? પટેલ ભાઈ એ બાથરૂમ માંથી પ્રત્યુતર ન આપતા કમળા બેન ગુસ્સા માં બરાડી ને બોલ્યા કે સાંભળો છો જલદી બહાર નીકળવું છે કે પછી ગબ્બર ને સાદ પાડું. ચુડેલ સાસુ ના નામની ધમકી મળતા જ પટેલ ભાઈ ધીમા સુરમાં બોલ્યા કે વહાલી,તું કહેતી હોય તો અત્યારે જે હાલત માં છું એ જ હાલત માં નીકળું.. બોલ છે મજૂર.... કમળા બેન એ સહેજ શરમાઈ ને કીધું નાં બાપલા ના કાન માં લટકતા વાળ નો પણ સફાયો કરીને જલ્દી નીકળજો.કાલ જ પેલી વાયડી મને કહેતી હતી કે પટેલ ભાઈ એટલે પટેલ ભાઈ એને જોતાજ હસવું આવી જાય છે સસલા જેવા કાન માં પણ લટકતા વાળ..બોલી ને તમારી ઠેકડી ઉડાડતી હતી.થોડીવાર પહેલા ગેલેરી માંથી તમારા મિત્ર શાહ ભાઈને સોના ના વેપારી કિરીટભાઈ ને ભાવ પૂછતા સાંભળ્યા હતા.હાલ જ એ એની પત્ની સાથે મોટું ૨૫ લિટર નું કેન લઈને પેટ્રોલ પંપ ગયા છે. એણે મને તમારા વિશે પૂછ્યું હતું પણ પટેલ બાથરૂમ ને સ્પા સમજી ને તૈયાર થાય છે એવું ન કહેવાય.ટીવી પર મોદીજી ના ભાષણ "બહેનો ભાઈઓ ગોલ્ડ ઓછું ખરીદો અને પેટ્રોલ ઓછું વાપરો" બાદ કમળા બેન ની ચિંતા માં વધારો થયો હતો. પટેલ ભાઈના શરીર પરના દાગીના ની ગણતરી કરતા ત્રીસ તોલા તો થતું હતું એમ તો એના બેંક ના લોકર માં પણ સાંઈઠ સીતેર તોલા તો હતું પણ લઈ રાખ્યું તો ખરાબ થઈ જવાનું નથી કદાચ ભવિષ્ય માં સોનુ મળશે જ નહી તોમોન્ટુડા ના લગ્ન નું તો હેમખેમ બધું થઈ જશે પણ એના દીકરા ના દિકરા ના લગ્ન માટે તો અત્યારથી લઈને સાચવી રાખવું પડશે. ડાઈનિંગ ટેબલ ની ચેર પર બેઠા બેઠ પટેલ ભાઈ મનપસંદ નાસ્તા નો આનંદ માણવા માં વ્યસ્ત હતા ત્યાં એણે પત્ની કમળા ને બ્લેક ડ્રેસ માં સજી ધજી ને એના તરફ આવતા જોઈ. વરસો બાદ પત્ની ના ખૂબ સુરત ચહેરા ને ફેશનેબલ કપડા માં સજ્જ જોતાજ ખુશ થઈ ને એણે પત્ની ને પૂછ્યું કે પાર્ટી ક્યાં જવા તૈયાર થઈ છે? ત્યારે પટેલ ભાઈ ની સામુ ગોઠવતા કમળા બેન બોલ્યા કે સોના ની ખરીદી કરવા જવાનું છે ને એટલે.તમને તો ભવિષ્ય ની ચિંતા ની કંઈ પડી નથી પણ મને તો પડી છે. મારે એક જ દીકરો મોન્ટુડો છે એના લગ્ન માં તમારી અબજોપતિ બેન અને વાત વાતમાં દેખાડા કરતી ભાભી ની સામે કંઈક તો આપણી ઈજ્જત રાખવી પડશે ને. બેસતા વર્ષે નણંદબાં ને ઘરે ભાઈબીજ નિમિતે જવાનું થયું ત્યારે મને હીરા નો સેટ માં જોઈને એની સાસુ ના કડવા બોલ મારે સાંભળવા પડ્યા હતા..તમારી બહેન કોકિલા નું સાસરું કરોડપતિ છે એની સાસુ કપડા અન ઘરેણાં ની નોંધ લેતી હોય છે.બેસતા વર્ષે પહેરેલ લગડી પટ્ટા ની 20000 ની સાડી જોઈને એની સાસુ બોલી હતી કે આ વર્ષ પટેલનો ધંધો મોળો લાગે છે ત્યારે તો બૈરી ના કપડા લઘરવઘર છે.કોકિલા બેનની ડોશીની આંખ 80વર્ષેય ચકાચક છે. ખબર છે પટેલ મારા પ્યૉર અમેરિકન ડાયમંડ ના પાંચ લાખ ના સેટ ને અસલી નકલી માં સરખાવતા કોકિલા બેન ના સાસુ બોલ્યા હતા કે આજકાલ દેખાડા કરવા માટે બધા ડુપ્લીકેટ હીરાના સેટ ને અસલી બોલી ને બધાને ઉલ્લુ બનાવે છે પણ જન્મ્યા ત્યાર થી અત્યાર સુધી સાચું ખાધું અને સાચું પહેર્યું છે એટલે એંશી વર્ષે પણ આંખ સાચું ખોટું પારખી શકે છે.કોકિલા બેન ના સાસુ મારા હીરા ના સેટ સામુ જોઈને ઝીણી આંખ કરીને બોલ્યા હતા કે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ગાભા લાવી લાગે છે ક્યારેક તો એક ની એક બેન ને ભાઈબીજ નિમિતે સોનુ આપવાનું રાખો. નણંદ નું સાસરું છે ને પટેલ એટલે ચૂપચાપ કોકિલા બેનની સાસુની અસખલિત વાણી સાંભળ્યા કરું છું...પણ મારા મોન્ટુડા ના લગ્ન માં એ એનું ભૂખ્યા સિંહ જીવું મોઢું ખોલી ને બોલશે તો મને ફાવશે નહી સમજી ગયા.... આજ ના આજ સોનુ ખરીદવું પડશે. એટલું નક્કી....જ્યારે પૃથ્વી પર માનવ સૃષ્ટિનું સર્જન થયું ત્યારે એકલતાથી કંટાળેલા માનવીએ ઈશ્વર પાસે પરિવાર અને સુંદર પત્નીનો સાથ ભેટ સ્વરૂપે માંગ્યો હતો. માનવીની જીદ સામે ઝૂકીને ભગવાને 'તથાસ્તુ' તો કહ્યું, પણ આજે હજારો વર્ષો બાદ એ જ કાળા માથાનો માનવી અંગત જીવનમાં 'પત્ની પીડિત' બનીને જાહેરમાં માફી માંગતો જોવા મળે છે. લેખિકા રૂપાલી દવે આ લેખ દ્વારા વર્તમાન સમયમાં સોનાની ખરીદી અને પેટ્રોલના વપરાશ અંગે ઊભી થયેલી સામાજિક માનસિકતા પર કટાક્ષમય પ્રકાશ પાડે છે.તાજેતરમાં જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટેલિવિઝન પર આવીને સોનાની ખરીદી ઘટાડવા અને પેટ્રોલનો કરકસરભર્યો ઉપયોગ કરવા અપીલ કરી, ત્યારથી જાણે ગૃહિણીઓના જગતમાં ભૂકંપ આવ્યો છે. લેખ મુજબ, જય મંગલ સોસાયટીમાં રહેતા પટેલ પરિવારમાં પણ આની અસર જોવા મળી. પટલાણી કમળા દેવીએ સવારના ચાર વાગ્યાથી જ પોતાના પતિને જગાડીને પેટ્રોલ અને સોનાનો સ્ટોક કરી લેવા દબાણ કર્યું. લોકડાઉન જેવી સ્થિતિ ફરી ન સર્જાય તેવો ફફડાટ તેમના મનમાં ઘર કરી ગયો હતો.કમળા બેનના મનમાં સોના પ્રત્યેનો મોહ માત્ર રોકાણ પૂરતો નથી, પણ સામાજિક દેખાડો અને ઈર્ષ્યા સાથે જોડાયેલો છે. પોતાના પુત્ર મોન્ટુડાના લગ્નમાં વહુને પચાસ તોલા સોનું આપવાનું તેમનું સ્વપ્ન છે, જેથી તેઓ પોતાની જેઠાણીના ૨૫ તોલાના અભિમાનને તોડી શકે. મીડિયા અહેવાલ મુજબ, મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગમાં આજે પણ સોનાના દાગીનાને પ્રતિષ્ઠાનું પ્રતીક માનવામાં આવે છે. કમળા બેનના કિસ્સામાં પણ નણંદ અને દેરાણી-જેઠાણી વચ્ચે ચાલતી 'ચઢિયાતા દેખાવાની' સ્પર્ધા સ્પષ્ટ જણાઈ આવે છે.



પંચાત રસ
- રુપાલી દવે

પટેલ ભાઈ અને કમળા બેન વચ્ચેના સંવાદોમાં રમૂજ સાથે કટાક્ષ પીરસવામાં આવ્યો છે. બાથરૂમમાં સ્પા જેવી સુવિધા માણતા પટેલ ભાઈને જ્યારે તેમની પત્ની 'ગબ્બર' એટલે કે સાસુના નામે ધમકાવે છે, ત્યારે જ તેઓ બહાર આવે છે. પડોશી શાહ ભાઈ જ્યારે ૨૫ લિટરના કેન લઈને પેટ્રોલ ભરાવવા જાય છે, ત્યારે કમળા બેનની અધીરાઈ પરાકાષ્ઠાએ પહોંચે છે. સ્ત્રીઓ માટે સોનું એ માત્ર ધાતુ નથી, પણ ભવિષ્યની સુરક્ષા અને સામાજિક મોભો સાચવવાનું હથિયાર છે.

લેખમાં કમળા બેનની નણંદ કોકિલા બેનના સાસુના પાત્ર દ્વારા સમાજની કડવી વાસ્તવિકતા રજૂ થઈ છે. ૮૦ વર્ષની ઉંમરે પણ જેમની આંખો 'ચકાચક' છે તેવી ડોશીમા, બીજાના પહેરવેશમાં ખામી શોધવામાં માહિર છે. હીરાના પાંચ લાખના સેટને 'ડુપ્લીકેટ' કહીને ઉતારી પાડતી સાસુ અને સોનાના લગડી પટ્ટાને બદલે 'ગાભા' જેવા કપડાં પહેરવાના ટોણાં કમળા બેનને અંદરથી હચમચાવી મૂકે છે. આ પ્રકારની સામાજિક માનસિકતા જ મધ્યમ વર્ગના માણસને દેખાડાની આંધળી દોટમાં મૂકી દે છે.

ડાઈનિંગ ટેબલ પર નાસ્તો કરતા પટેલ ભાઈ જ્યારે પોતાની પત્નીને બ્લેક ડ્રેસમાં સજ્જ જુએ છે, ત્યારે તેમને લાગે છે કે કોઈ પાર્ટીમાં જવાનું હશે. પરંતુ કમળા બેન તો ભવિષ્યની ચિંતામાં 'સોનું ખરીદવા' જવા મક્કમ હોય છે. તેમના મતે, મોન્ટુડાના લગ્નમાં અબજોપતિ નણંદ અને દેખાડો કરતી ભાભી સામે ટકી રહેવા માટે સોનાના દાગીના જ એકમાત્ર રસ્તો છે. આ લેખ સમાજમાં વ્યાપ્ત દેખાડાની સંસ્કૃતિ અને સરકારી અપીલ સામે લોકોની વ્યક્તિગત માનસિકતા કેવી રીતે પ્રતિક્રિયા આપે છે તેનું સચોટ અને હાસ્યસભર ચિત્ર રજૂ કરે છે.

# કાનમાં આલિયાની ફેશનનો જલવો!

## આઇસ-બ્લુ ગાઉનથી લઈને ઇન્ડો-વેસ્ટર્ન સાડી સુધીની તમામ તસવીરો જુઓ, સલમાનની રૂમર્ડ GF ગુજ્જુ એક્ટર સાથે પહોંચી



(એજન્સી) મુંબઇ | તા 14

આલિયા ભટ્ટ બુધવારે સાંજે કાન ફિલ્મ ફેસ્ટિવલમાં આઈસ બ્લુ ગાઉનમાં રેડ કાર્પેટ પર જોવા મળી. ફિલ્મ 'એ વુમન્સ લાઈફ' (La Vie D'Une Femme) ના પ્રીમિયર દરમિયાન તેનો 'સિન્ડ્રેલા' અવતાર જોવા મળ્યો. રેડ કાર્પેટ પર આવવાના થોડા કલાકો પહેલા, આલિયાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લોરિયલ પેરિસને ટેગ કરતા તેના લુકની તસવીરો અને વીડિયો શેર કર્યા.

વિશ્વનો સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલ અને કલ્ચરલ ઈવેન્ટ કાન 12 મેથી શરૂ થયો છે. આ ફેસ્ટિવલ 23 મે સુધી ફ્રાન્સના ફ્રેન્ચ રિવેરામાં યોજાશે. કાનમાંથી આલિયાના અત્યાર સુધીમાં 5 લુક સામે આવ્યા છે.

વાસ્તવમાં યૂલિયા વંતૂરની ફિલ્મ 'એકોઝ ઓફ અસ'નું કાનમાં સ્ક્રીનિંગ થવાનું હતું. તેથી તે તેના કૉ-એક્ટર દીપક તિજોરી અને ફિલ્મના ડિરેક્ટર જોય રાજન સાથે ફિલ્મ ફેસ્ટિવલમાં પહોંચી હતી. આ દરમિયાન તેણે પાપારાઝીને મનમૂકીને પોઝ આપ્યા હતા. સાથે જ તેણે કેમેરા સામે ફ્લાઈંગ કિસ આપી હતી અને હાથેથી હાર્ટનો સિમ્બોલ બનાવ્યો હતો.

આલિયા ભટ્ટ અને યુલિયા વંતૂર ઉપરાંત ભારતમાંથી ઉર્વશી રૌતેલા, ઐશ્વર્યા રાય, મૌની રોય, અદિતિ રાવ હૈદરી અને અહેસાસ ચન્ના કાનના રેડ કાર્પેટ પર પહોંચશે. એક્ટ્રેસ તારા સુતારિયા પણ કાન રેડ કાર્પેટ પર ડેબ્યૂ કરવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જનતાને ઓછામાં ઓછું પ્રવાસ કરવા અને ઓછું તેલ-બળતણ વાપરવા અપીલ કરી છે. આ જ કારણ હતું કે મહારાષ્ટ્રનો સાંસ્કૃતિક વિભાગ હવે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લઈ રહ્યો નથી. મહારાષ્ટ્રના સાંસ્કૃતિક કાર્ય મંત્રી આશિષ શેલારે જણાવ્યું કે પીએમ મોદીની અપીલ પછી વિભાગનું પ્રતિનિધિમંડળ હવે કાન નહીં જાય. તેમણે કહ્યું કે વિભાગમાં વાહનોનો ઉપયોગ ઓછો કરવામાં આવશે અને જરૂરી બેઠકોને વર્ચ્યુઅલ માધ્યમથી આયોજિત કરવામાં આવશે.









## અલ્લુ અર્જુનની ફિલ્મમાં પૂજા હેગડેની એન્ટ્રીની સંભાવના...



મુંબઇ: અલ્લુ અર્જુનની ફિલ્મ 'એએ૨૩'માં પૂજા હેગડેની એન્ટ્રી થાય તેવી શક્યતા છે. લોકેશ કનગરાજ આ ફિલ્મ બનાવી રહ્યો છે. અલ્લુ અર્જુન અને પૂજા હેગડે અગાઉ બે ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યાં છે. જો પૂજાની એન્ટ્રી ફાઈનલ થાય તો બંનેની આ ત્રીજી ફિલ્મ સાથે હશે. જોકે, લોકેશ કનગરાજ કે ફિલ્મના કોઈ કલાકારે હજુ સુધી કાસ્ટિંગ બાબતે સત્તાવાર રીતે કશું જણાવ્યું નથી. લોકેશ કનગરાજ હાલ ફિલ્મની સ્ક્રિપ્ટ ફાઈનલ કરી રહ્યો છે અને તે વહેલી તકે શૂટિંગ શરુ કરશે.

## નો એન્ટ્રી ટુમાં દિલજીતે છોડેલી ભૂમિકા માટે શાહિદને ઓફર

મુંબઇ: બોની કપૂર દ્વારા બનાવવામાં આવી રહેલી 'નો એન્ટ્રી ટુ' ફિલ્મમાં દિલજીત દોસાંજે છોડેલી ભૂમિકા માટે હવે શાહિદ કપૂરને ઓફર કરવામાં આવી હોવાનું કહેવાય છે.

દિલજીતે અગાઉ તેને શરુઆતમા સંભળાવાયેલી વાર્તામાં બાદમાં અનેક ફેરફારો કરાયા હોવાના મુદ્દે ફિલ્મ છોડી દીધી હતી. વચ્ચે થોડા સમય માટે એવી પણ અટકળો હતી કે વરુણ ધવને પણ આ ફિલ્મ છોડી દીધી છે.

મૂળ ફિલ્મ 'નો એન્ટ્રી'માં સલમાન ખાન, અનિલ કપૂર અને ફરદીન ખાનની ત્રિપુટી હતી. તે પછી બોની કપૂરે અનીસ બાઝમીને ડિરેક્ટર તરીકે લઈ નવા કલાકારો સાથે 'નો એન્ટ્રી ટુ'નો પ્રોજેક્ટ શરુ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે અગાઉ અનીસ બાઝમી શાહિદ કપૂરને લઈ 'રામ ઔર શ્યામ' ફિલ્મ બનાવવાનો હતો પરંતુ કોઈ કારણોસર એ પ્રોજેક્ટ શક્ય બન્યો ન હતો.



## ભગવાન શિવના રોલમાં જોવા મળશે રણવીર સિંહ

### અમિષ ત્રિપાઠીના પુસ્તક 'ધ ઈમોર્ટલ્સ ઓફ મેલુહા'ના રાઇટ્સ ખરીદ્યા



મુંબઈ | બોલિવૂડ એક્ટર રણવીર સિંહ પોતાના કરિયરના વધુ એક મોટા પ્રોજેક્ટની તૈયારીમાં છે. રિપોર્ટ્સ અનુસાર તેણે પોતાના પ્રોડક્શન બેનર 'મા કસમ ફિલ્મ' હેઠળ અમિશ ત્રિપાઠીની લોકપ્રિય પુસ્તક 'ધ ઈમોર્ટલ્સ ઓફ મેલુહા'ના ફિલ્મી રાઈટ્સ મેળવી લીધા છે.

આ સ્ટોરીને એક ભવ્ય ટ્રાયોલોજીના રૂપમાં મોટા પાયે બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે રણવીરે બિરલા સ્ટુડિયોઝ સાથે ભાગીદારી પણ કરી છે. હાલમાં ફિલ્મનું લેખન કાર્ય શરૂઆતના તબક્કામાં છે અને સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું છે. મેકર્સ પહેલા વાર્તા અને વિઝનને સંપૂર્ણપણે તૈયાર કર્યા પછી ડિરેક્ટર અને બાકીની ટીમને ફાઈનલ કરશે.

સૌથી ખાસ વાત એ છે કે સમાચારો અનુસાર, રણવીર આ ટ્રાયોલોજીમાં ભગવાન શિવનો રોલ ભજવતા જોવા મળી શકે છે. જોકે, અન્ય મુખ્ય પાત્રો માટે કાસ્ટિંગ હજુ નક્કી થયું નથી. આ પ્રોજેક્ટના રાઈટ્સ મેળવવા માટે રણવીરે મોટી રકમ ખર્ચી છે, જોકે, તેની પુષ્ટિ હજુ કરવામાં આવી નથી. 'ધુરંધર'ની સફળતા પછી આ પ્રોજેક્ટ રણવીરના કરિયરનું સૌથી મોટું પગલું માનવામાં આવી રહ્યું છે. ઉપરાંત, રણવીર સિંહ પાસે અન્ય ફિલ્મો પણ છે. તે માર્ચ 2027માં આદિત્ય ધરની આગામી ફિલ્મનું શૂટિંગ શરૂ કરી શકે છે.



## 'બિગ બોસ' ફેમ મંદાના કરીમીએ 16 વર્ષ પછી ભારત છોડ્યું

### ઈરાની એક્ટ્રેસે કહ્યું, 'હવે અહીં ઘર જેવું લાગતું નથી'; પહેલા કહ્યું હતું, 'ભારતે મને દગો આપ્યો છે'

(એજન્સી) મુંબઇ | તા 14

'બિગ બોસ 9' અને 'લોકઅપ' ફેમ એક્ટ્રેસ મંદાના કરીમીએ આખરે ભારત છોડી દીધું છે. 16 વર્ષ સુધી ભારતમાં રહ્યા પછી, તેણે એક ભાવનાત્મક વીડિયો શેર કરીને દેશને અલવિદા કહ્યું.

મંદાનાએ ભારતને પોતાનું 'બીજું ઘર' ગણાવ્યું હતું, પરંતુ છેલ્લા કેટલાક સમયથી તે પોતાની સુરક્ષા અને સ્પષ્ટવક્તાને કારણે સતત વિવાદો અને હેડલાઈન્સમાં રહી હતી.

એરપોર્ટ પરથી શેર કર્યો ભાવનાત્મક વીડિયો મંદાનાએ ઈન્સ્ટાગ્રામ પર 'આસ્ક મી એનીથિંગ' સેશન દરમિયાન ચાહકોને આ સમાચાર આપ્યા. એક ચાહકે તેને પૂછ્યું હતું કે, શું તેણે મુંબઈ કાયમ માટે છોડી દીધું છે? તેના જવાબમાં મંદાનાએ એરપોર્ટ પરથી એક વીડિયો પોસ્ટ કર્યો.

તેણે કહ્યું, 'મેં ક્યારેય વિચાર્યું પણ નહોતું કે, હું આવું કહી શકીશ, પણ અલવિદા ભારત. આ મુશ્કેલ થવાનું છે. લગભગ 16 વર્ષ અહીં વિતાવ્યા પછી હું મારા બીજા ઘરને પાછળ છોડી રહી છું. હવે એક નવી શરૂઆત તરફ આગળ વધી રહી છું, નવો દેશ, નવું ઘર, બધું જ નવું.'

એક્ટ્રેસે ભારત છોડવાનું મુખ્ય કારણ પોતાની સુરક્ષાને જણાવ્યું છે. આ પહેલા 'બોલિવૂડ હંગામા' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ)ને આપેલા ઈન્ટરવ્યુમાં મંદાનાએ પોતાનું દર્દ શેર કરતા કહ્યું કે, 'છેલ્લા બે મહિનામાં મને મુંબઈમાં ખૂબ એકલતા અનુભવાઈ. ઈરાનના પક્ષમાં બોલવા અને વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેવાને કારણે મેં મારા ઘણા જૂના મિત્રો ગુમાવી દીધા.'

'મને એવું લાગી રહ્યું છે કે ભારતે એક રીતે મને દગો આપ્યો છે.' તેણે એ પણ સ્પષ્ટ કર્યું કે, તે ઈરાન પણ પાછી જઈ શકતી નથી, કારણ કે ત્યાં તેના પર 10 વર્ષ પહેલાં જ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

ખામેનેઈના મૃત્યુ પર ઉજવણી અને વિવાદ મંદાના કરીમી છેલ્લા દિવસોમાં ત્યારે ચર્ચામાં આવી હતી, જ્યારે તેણે ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈના મૃત્યુ પર ખુશી વ્યક્ત કરી હતી. તેણે દાવો કર્યો હતો કે, ખામેનેઈએ ઈરાનના લોકો પર ખૂબ અત્યાચાર કર્યા છે. મંદાનાએ નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, તેને પોતાના એક્ટિવિઝમ માટે ભારતમાં કોઈનો સપોર્ટ મળ્યો નથી. મંદાના કરીમીનો જન્મ તેહરાનમાં થયો હતો. તે 2010માં પહેલીવાર મોડેલિંગ માટે ભારત આવી હતી અને 2013થી મુંબઈમાં જ સ્થાયી થઈ ગઈ. તેણે 'ક્યા કૂલ હૈં હમ 3', 'મૈં ઔર ચાર્લ્સ' અને 'ભાગ જોની' જેવી ફિલ્મોમાં કામ કર્યું. આ ઉપરાંત 'બિગ બોસ' અને 'લોકઅપ' જેવા રિયાલિટી શોઝથી તેને ઓળખ મળી.

### 'કાંટા લગા' ગર્લના પતિ પરાગે ચર્ચાઓ પર કહ્યું, 'જો આવું ઈન્જેક્શન હોત, તો રતન ટાટા જીવતા હોત'

## યુવાન દેખાવાની લ્હાયે શેફાલી જરીવાલાનો જીવ લીધો...?

(એજન્સી) મુંબઇ | તા 14

'કાંટા લગા' ગીત ફેમ એક્ટ્રેસ શેફાલી જરીવાલાનું 27 જૂન 2025ના રોજ નિધન થયું. ત્યારબાદ સોશિયલ મીડિયા પર દાવો કરવામાં આવી રહ્યો છે કે, સુંદરતા માટે લીધેલા ઈન્જેક્શનના કારણે એક્ટ્રેસનું મોત નિપજ્યું છે. હવે આ અંગે તેના પતિ અને એક્ટર પરાગ ત્યાગીએ પ્રતિક્રિયા આપી છે.

શેફાલી જરીવાલાનો જન્મ 1982માં ગુજરાતી પરિવારમાં થયો હતો. તેણે આણંદની સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો.

'ફિલ્મીજ્ઞાન' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ) સાથેની વાતચીતમાં પરાગ ત્યાગીએ કહ્યું, 'અમે લોકો બિલકુલ નોર્મલ ભોજન કરતા હતા. નૂડલ્સથી લઈને આઈસ્ક્રીમ સુધી બધું જ ખાતા હતા. શેફાલી પણ અઠવાડિયામાં એક-બે વાર આઈસ્ક્રીમ ખાતી હતી. ઘરમાં દાળ, શાક, રોટલી અને કાર્બોહાઈડ્રેટવાળી વસ્તુઓ બધી બનતી હતી. બસ પ્રોટીન થોડું વધારે રહેતું હતું.'

પરાગે વધુમાં કહ્યું, 'તે પોતાની આખી લાઈફમાં આ સમયે સૌથી વધુ ફિટ હતી.' તેણે ઈન્જેક્શન સંબંધિત દાવાઓ પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું, 'મને નથી ખબર કે કોણ અમારા ઘરમાં આવીને જોઈ ગયું છે કે કોણે આ બધું કહી દીધું?'

ગોરા થવાના ઈન્જેક્શનની ચર્ચાઓ પર પરાગે કહ્યું, 'તેને (શેફાલી) વધુ ગોરા થવાની શું જરૂર હતી? તે નેચરલ બ્યુટી હતી.' જ્યારે, યુવાન દેખાડતા ઈન્જેક્શનની વાત પર તેણે કહ્યું, 'જો યુવાન થવાના ઈન્જેક્શન આવતા હોય, તો મને પણ કહી દેજો. તમે પણ લઈ લેજો, તમારા માતા-પિતાને પણ અપાવી દેજો.'

તેણે આગળ કહ્યું, 'જો એવું કોઈ ઈન્જેક્શન હોત, જે માણસને હંમેશા યુવાન રાખત, તો કદાચ રતન ટાટા જી આજે જીવતા હોત.'

અફવાઓ પર નારાજગી વ્યક્ત કરતા પરાગે કહ્યું, 'મિત્રો, કૃપા કરીને દેખાડા પર ન જાઓ, તમારી બુદ્ધિનો ઉપયોગ કરો. આજે વોટ્સએપ યુનિવર્સિટી અને સોશિયલ મીડિયા પર લોકો કંઈ પણ વાંચી લે છે, પરંતુ તેના વિશે રિસર્ચ કરતા નથી. નેગેટિવ વસ્તુઓ લોકોને ખૂબ જ ઝડપથી વેચાય છે.' તેણે લોકોને અપીલ કરતા કહ્યું, 'બસ હું બધાને વિનંતી કરવા માંગીશ, આવું ન કરો.'

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

# સિનિયર ઓપન રેન્કિંગ કુસ્તી વિજેતા ઈતિશાની આક્રમક રમત

● નંદિની નગર કુસ્તી ચેમ્પિયનશિપ પરિણામો, ઈતિશા ચૌધરી અને નિશુ સુવર્ણ ચંદ્રક



(એજન્સી) નંદિની નગર । તા. 14

ઉત્તર પ્રદેશના નંદિની નગર મહાવિદ્યાલય કેમ્પસ ખાતે રમાઈ રહેલી સિનિયર ઓપન રેન્કિંગ કુસ્તી સ્પર્ધામાં મહિલા પહેલવાનોએ પોતાના દાવપેચથી સૌને મંત્રમુગ્ધ કરી દીધા છે. હરિયાણા અને ઉત્તર પ્રદેશની મહિલા પહેલવાનો વચ્ચેના આ જંગમાં અનેક નવા ચહેરાઓ ચેમ્પિયન બનીને ઉભરી આવ્યા છે. ખાસ કરીને ૭૬ કિલોગ્રામ અને ૫૩ કિલોગ્રામ વજન વર્ગમાં જોવા મળેલી ફાઈનલ મેચોએ દર્શકોના શ્વાસ અધ્ધર કરી દીધા હતા.

૭૬ કિલોગ્રામ વજન વર્ગની ફાઈનલમાં ઉત્તર પ્રદેશની યુવા પહેલવાન ઈતિશા ચૌધરીએ હરિયાણાની અનુભવી પૂજા સામે ઐતિહાસિક વિજય મેળવ્યો છે. અત્યંત રસાકસી ભરેલા આ મુકાબલામાં ઈતિશાએ શરૂઆતમાં એક પોઈન્ટની લીડ લીધી હતી, જેની સામે પૂજાએ સ્કોર સરભર કરીને દબાણ વધાર્યું હતું. જોકે, ઈતિશાએ ફરીથી બે પોઈન્ટ મેળવી લીડ હસ્તગત કરી અને પોતાના લોખંડી સંરક્ષણ (Defense) ના જોરે પૂજાને હરાવી સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો હતો.

વર્લ્ડ અન્ડર-૨૩ બ્રોન્ઝ મેડલિસ્ટ નિશુએ ૫૩ કિલોગ્રામ વજન વર્ગમાં હિમાંશીને ૯-૩થી પછાડીને તાજ જીત્યો છે. બીજી તરફ, ૫૭ કિલોગ્રામ વજન વર્ગમાં જ્યાં વિનેશ ફોગાટની ગેરહાજરી ચર્ચાનો વિષય હતી, ત્યાં અન્ડર-૨૦ સિલ્વર મેડલિસ્ટ રીનાએ બાજી મારી હતી. રીનાએ કાજલ ચૌધરી સામે ૧૦-૨ના વિશાળ અંતરથી એકતરફી વિજય મેળવી સુવર્ણ સફળતા હાંસલ કરી હતી.

# નીરજ ચોપરા મનુ ભાકર વિદેશ તાલીમ મંજૂરી મિશન ઑલિમ્પિકનો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

ભારતના ગૌરવ સમાન એથ્લેટ્સ નીરજ ચોપરા, મનુ ભાકર અને ગુલવીર સિંહ માટે આગામી ૨૦૨૬ની કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સની તૈયારીઓ હવે વેગ પકડશે. મિશન ઓલિમ્પિક સેલ (MOC) એ તેની ૧૭૩મી બેઠકમાં આ ત્રણેય દિગ્ગજ ખેલાડીઓના વિદેશમાં તાલીમ લેવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ નિર્ણયથી ભારતીય ખેલી જગતમાં ખુશીની લહેર છે, કારણ કે આ તાલીમ કેમ્પ ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે ફરીથી સુવર્ણ સફળતા અપાવવામાં મદદરૂપ થશે.

બે વખતના ઓલિમ્પિક મેડલિસ્ટ નીરજ ચોપરા હાલમાં તુર્કીમાં પીઠની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યા છે. તેઓ ૨૫ મેથી ૧૦ જુલાઈ સુધી સ્વિટ્ઝરલેન્ડના બીએન ખાતેના ઓલિમ્પિક ટ્રેનિંગ સેન્ટરમાં ૪૭ દિવસનો સખત તાલીમ કેમ્પ કરશે. મીડિયા અહેવાલ મુજબ, આ કેમ્પ માટેનો સંપૂર્ણ ખર્ચ, જેમાં મુસાફરી, રહેઠાણ અને ફિઝિયોથેરાપિસ્ટનો સમાવેશ થાય છે, તે સરકાર દ્વારા ઉઠાવવામાં આવશે. નીરજ ૨૦૨૬માં ગ્લાસગો ખાતે યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ અને જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં પોતાના ટાઈટલ જાળવી રાખવા માટે અત્યારથી જ પરસેવો પાડશે.

શૂટિંગ સ્ટાર મનુ ભાકર ઈટાલીના લુકા ખાતે તાલીમ લેવા જશે. તેમની સાથે કોચ જસપાલ રાણા અને ફિઝિયોથેરાપિસ્ટ પણ જોડાશે. મનુ ૨૦૨૬ની એશિયન ગેમ્સમાં ૧૦ મીટર એર પિસ્તોલ અને ૨૫ મીટર પિસ્તોલ ઈવેન્ટમાં ભારતની મુખ્ય આશા છે. બીજી તરફ, લાંબી દોડના ખેલાડી ગુલવીર સિંહ અમેરિકામાં તાલીમ લેશે અને લોસ એન્જલસ તથા નેશવિલની પ્રતિષ્ઠિત સ્પર્ધાઓમાં ભાગ લેશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ખેલ મંત્રાલયે આ તમામ ખેલાડીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બજેટને તુરંત મંજૂરી આપી છે.



# વિરાટ કોહલી IPL ૯મી સદી સાથે બેંગલુરુની શાનદાર જીત

## કિંગ કોહલીના 14 હજાર ટી20 રન પૂર્ણ, આરસીબી વિરુદ્ધ કેકેઆર રોમાંચક મેચ



(એજન્સી) બેંગલુરુ । તા. 14

આઈપીએલ ૨૦૨૬ની સિઝનમાં ક્રિકેટના મેદાન પર રવિવારે એક નવો ઈતિહાસ રચાયો છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) વચ્ચે રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં 'કિંગ' વિરાટ કોહલીએ પોતાની બેટિંગના તેજથી ચિન્નાસ્વામી સ્ટેડિયમને ઝળહળાવી દીધું હતું. કોહલીએ આઈપીએલ કરિયરની ૯મી સદી ફટકારીને માત્ર પોતાની ટીમને જીત જ નથી અપાવી, પરંતુ વિશ્વ ક્રિકેટમાં પોતાનું વર્ચસ્વ ફરી એકવાર સાબિત કર્યું છે. કોહલીની ૧૦૫ રનની અણનમ ઈનિંગની મદદથી આરસીબીએ કોલકાતાને ૬ વિકેટે હરાવીને પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાન કબજે કરી લીધું છે.

આ મેચ વિરાટ કોહલી માટે રેકોર્ડબ્રેક સાબિત થઈ છે. પોતાની આ શાનદાર સદી દરમિયાન કોહલી ટી૨૦ ક્રિકેટમાં ૧૪ હજાર રનનો આંકડો પાર કરનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બની ગયો છે. તેણે વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ ક્રિસ ગેલનો રેકોર્ડ તોડીને સૌથી ઓછી ઈનિંગ્સમાં આ આંકડો હાંસલ કરવાની સિદ્ધિ મેળવી છે. આ ઉપરાંત, વિરાટ હવે આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ મેચ રમનાર ખેલાડી તરીકે પણ ઉભરી આવ્યો છે. મેદાન પરની તેની સ્ફૂર્તિ અને રન બનાવવાની ભૂખ જોઈને લાગે છે કે કિંગ કોહલી હજુ ઘણા નવા શિખરો સર કરશે.

### 'એક દિવસ બધું જ પૂરું થઈ જશે' – કોહલી ભાવુક થયાં

મેચ જીતાડ્યા બાદ જ્યારે વિરાટ કોહલી એવોર્ડ લેવા આવ્યો, ત્યારે તેના ચહેરા પર જીતના આનંદ સાથે એક અલગ જ ગંભીરતા જોવા મળી હતી. પોતાની ઈનિંગ અને ભવિષ્ય વિશે વાત કરતા કોહલી થોડો ઈમોશનલ જણાયો હતો. તેણે હૃદયસ્પર્શી રીતે કહ્યું હતું કે, "મને ક્રિકેટ સાથે સાચો પ્રેમ છે અને મેદાન પર સર્વશ્રેષ્ઠ ખેલાડીઓ સામે રમવું એ મારા માટે ગર્વની વાત છે. પરંતુ હું વાસ્તવિકતા જાણું છું કે એક દિવસ આ બધું જ પૂરું થઈ જશે. તેથી, હું અત્યારે મેદાન પર વિતાવેલી પ્રત્યેક ક્ષણને મન ભરીને જીવવા માંગુ છું." કોહલીના આ નિવેદને સોશિયલ મીડિયા પર ચાહકોના દિલ જીતી લીધા છે.

### મેચનો રોમાંચ: આરસીબીનો દબદબો

મેચની વાત કરીએ તો, પ્રથમ બેટિંગ કરતા કોલકાતા નાઈટ રાઈડર્સની શરૂઆત સારી રહી હતી. યુવા ખેલાડી અંગક્રિશ રઘુવંશીના ૭૧ રન અને રિંકુ સિંહના આક્રમક ૪૯ રનની મદદથી કેકેઆરએ ૧૯૨ રનનો મજબૂત સ્કોર ઊભો કર્યો હતો. ૧૯૩ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી આરસીબીની શરૂઆત મધ્યમ રહી હતી, પરંતુ વિરાટ કોહલીએ એક છેડો સાચવી રાખ્યો હતો. કોહલીએ ૬૦ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૩ ગગનચુંબી છગ્ગાની મદદથી ૧૦૫ રન ફટકાર્યા હતા. દેવદત્ત પડિક્કલ (૩૭ રન) સાથેની તેની ૯૨ રનની ભાગીદારીએ જીતનો પાયો નાખ્યો હતો.

### પોઈન્ટ ટેબલમાં RCBની બાદશાહત

આ જીત સાથે આરસીબી હવે ૧૨ મેચમાં ૧૬ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને પહોંચી ગઈ છે, જે પ્લે-ઓફ માટેની તેમની દાવેદારીને વધુ મજબૂત બનાવે છે.

# એન્ડ્રુ ફ્લિન્ટોફ સિડની ઠંડર કોચ તરીકે બિગ બેશમાં એન્ટ્રી લેશે



(એજન્સી) લંડન/સિડની । તા. 14

ઈંગ્લેન્ડ ક્રિકેટના પૂર્વ દિગ્ગજ ઓલરાઉન્ડર એન્ડ્રુ ફ્લિન્ટોફ હવે કોચિંગની દુનિયામાં એક નવી અને મોટી ઈનિંગની શરૂઆત કરવા જઈ રહ્યા છે. ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત ટ્વેન્ટી-૨૦ લીગ 'બિગ બેશ લીગ' (BBL) માં સિડની ઠંડર ફ્રેન્ચાઈઝીએ ફ્લિન્ટોફને તેમના નવા હેડ કોચ તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લીધો છે. ફ્લિન્ટોફ માટે આ પ્રથમ વિદેશી ફ્રેન્ચાઈઝી કોચિંગ ભૂમિકા હશે, જે તેમના વધતા જતા કોચિંગ કરિયરમાં એક મહત્વનો માઈલસ્ટોન સાબિત થશે. સિડની ઠંડર મેનેજમેન્ટ ટૂંક સમયમાં જ આ નિમણૂકની સત્તાવાર જાહેરાત કરશે તેવી પ્રબળ શક્યતા છે.

### ટ્રેવર બેલિસના સ્થાને ફ્લિન્ટોફની એન્ટ્રી

સિડની ઠંડરની ટીમ છેલ્લા કેટલાક સમયથી કોચની શોધમાં હતી. પાંચ સીઝન સુધી ટીમ સાથે જોડાયેલા રહેલા અનુભવી કોચ ટ્રેવર બેલિસના વિદાય બાદ ખાલી પડેલી જગ્યા માટે ફ્લિન્ટોફ સૌથી મજબૂત દાવેદાર તરીકે ઉભરી આવ્યા છે. બેલિસના માર્ગદર્શન હેઠળ ટીમે ૨૦૨૪-૨૫માં ફાઈનલ સુધીની સફર ખેડી હતી, પરંતુ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૫-૨૬માં ટીમ પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે રહી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મેનેજમેન્ટ એક એવા 'વર્લ્ડ ક્લાસ' કોચની શોધમાં હતું જે ટીમના પ્રદર્શનમાં નવી ઉર્જા ભરી શકે અને ફ્લિન્ટોફ આ જરૂરિયાતમાં બરાબર બેસે છે.

એન્ડ્રુ ફ્લિન્ટોફે છેલ્લા એક વર્ષમાં ઈંગ્લેન્ડ લાયન્સના કોચ તરીકે શાનદાર કામગીરી કરી છે. તેમણે ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન પણ લાયન્સ ટીમનું નેતૃત્વ કર્યું હતું. આ સિવાય, તેઓ 'ધ હન્ડ્રેડ'માં નોર્ધન સુપરચાર્જર્સ સાથે બે સીઝન સુધી જોડાયેલા રહ્યા હતા, જ્યાં ટીમે અનુક્રમે ચોથું અને ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, ફ્લિન્ટોફને કોચિંગમાં લાવવાનો શ્રેય નોર્ધન સુપરચાર્જર્સના પૂર્વ ડિરેક્ટર માર્કસ નોર્થને જાય છે, જેમણે ફ્લિન્ટોફને આ ક્ષેત્રમાં આવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

સિડની ઠંડરના હેડ કોચ તરીકે ફ્લિન્ટોફ સામે સૌથી પહેલો અને મોટો પડકાર ટીમના કેપ્ટન ડેવિડ વોર્નરનો હશે. વોર્નર પર એપ્રિલ મહિનામાં 'ડ્રિંક-ડ્રાઈવિંગ' નો આરોપ લાગ્યો છે અને ૨૪ જૂને તેમને કોર્ટમાં હાજર થવાનું છે.

### શેડ્યુલિંગનો પેચ અને ECB નો સહકાર

આ નવી નિમણૂક સાથે એક નાનો અવરોધ પણ સામે આવી રહ્યો છે. ડિસેમ્બરમાં જ્યારે બિગ બેશ લીગ શરૂ થશે, ત્યારે જ ઈંગ્લેન્ડ લાયન્સની ટીમ દક્ષિણ આફ્રિકાના પ્રવાસે જવાની છે. જોકે, ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) ફ્લિન્ટોફને સિડની ઠંડર સાથે વહેલા જોડાવા માટે મંજૂરી આપવા તૈયાર હોવાનું મનાય છે. આ નિર્ણય સૂચવે છે કે ECB પણ ફ્લિન્ટોફના આંતરરાષ્ટ્રીય કોચિંગ એક્સપોઝરને સમર્થન આપી રહ્યું છે.

# લિયોનેલ મેસી ઈન્ટર મિયામી શાનદાર જીત ગોલની વર્ષા



(એજન્સી) સિનસિનાટી । તા. 14

અમેરિકાની પ્રતિષ્ઠિત મેજર લીગ સોકર (MLS) માં લિયોનેલ મેસીના જાદુઈ પ્રદર્શનથી ઈન્ટર મિયામીએ એફસી સિનસિનાટી સામે ૫-૩ થી ધમાકેદાર વિજય મેળવ્યો છે. આ જીત સાથે જ ઈન્ટર મિયામી પોઈન્ટ ટેબલ પર બીજા સ્થાને પહોંચી ગઈ છે. મેસીની કેપ્ટનશીપ હેઠળ ટીમની બહારના મેદાન (Away) પર સતત સાતમી જીત છે, જે એક નવો વિક્રમ સ્થાપિત કરે છે. વર્તમાન સીઝનમાં મિયામીએ ૧૩ મેચમાં ૨૫ પોઈન્ટ્સ મેળવીને ટેબલ ટોપર નેશવિલ પર દબાણ વધાર્યું છે.

મેચની શરૂઆતથી જ મેસી આક્રમક મૂડમાં જોવા મળ્યો હતો. તેણે ૨૪મી મિનિટે પ્રથમ ગોલ કરીને ટીમને લીડ અપાવી હતી. જોકે, સિનસિનાટીએ વળતો પ્રહાર કરતા ૪૧મી અને ૪૯મી મિનિટે ગોલ કરી મિયામીને બેકફૂટ પર ધકેલી દીધું હતું. મેસીએ ૫૫મી મિનિટે પોતાનો બીજો ગોલ કરીને સ્કોર ૨-૨ થી સરભર કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, ૨૦૨૩માં ક્લબ ડેબ્યૂ કર્યા પછી મેસીની આ ૨૧મી એવી મેચ છે જેમાં તેણે એકથી વધુ ગોલ કર્યા હોય, જે એમએલએસના ઈતિહાસમાં સર્વોચ્ચ છે.

એક તબક્કે સિનસિનાટી ૩-૨ થી આગળ હતું, પરંતુ ઈન્ટર મિયામીએ હાર માની નહોતી. સબસ્ટિટ્યુટ ખેલાડી માટિયો સિલ્વેટ્ટીએ ૭૯મી મિનિટે અને જર્મન બર્ટેરામે ૮૪મી મિનિટે ગોલ કરીને મિયામીને વિજયી લીડ અપાવી હતી. ૮૯મી મિનિટે મેસીનો શોટ ગોલપોસ્ટ સાથે અથડાઈને સિનસિનાટીના ગોલકીપર દ્વારા સ્વયં ગોલ (Own Goal) માં ફેરવાતા મિયામીનો સ્કોર ૫-૩ થયો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૨૦૨૩ પછી આ પ્રથમ એવી મેચ છે જેમાં સિનસિનાટીએ ૭૫ મિનિટ સુધી લીડ જાળવી રાખવા છતાં હારનો સામનો કરવો પડ્યો હોય.

ઈન્ટર મિયામીના કોચ ગિલેર્મો હોયોસે જીત બાદ ઉત્સાહ વ્યક્ત કરતા જણાવ્યું કે, "મેસી વિશે વાત કરવી એ હંમેશા આશ્ચર્યજનક હોય છે. તે મેદાન પર જેટલો મહાન ખેલાડી છે, તેટલો જ વિનમ્ર વ્યક્તિ છે."

મેસી અત્યાર સુધીમાં ૧૨ ગોલ સાથે લીગના ટોચના સ્કોરર્સમાં બીજા સ્થાને છે. આ શાનદાર ફોર્મને જોતા આગામી મેચોમાં ઈન્ટર મિયામી ટાઈટલ જીતવા માટે પ્રબળ દાવેદાર માનવામાં આવી રહી છે.

# ભારતીય મહિલા હોકી ટીમ ઓસ્ટ્રેલિયા પ્રવાસ નેશન્સ કપની તૈયારી

## નેશન્સ કપ જૂન તૈયારી અને ડ્રેગ ફ્લિક ક્લિનિક



(એજન્સી)બેંગલુરુ । તા. 14

ભારતીય મહિલા રાષ્ટ્રીય હોકી ટીમ જૂન મહિનામાં યોજાનારા પ્રતિષ્ઠિત એફઆઈએચ (FIH) હોકી નેશન્સ કપ પૂર્વે પોતાની સજ્જતા ચકાસવા માટે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જશે. ૨૧ મે થી ૩ જૂન દરમિયાન યોજાનારો આ પ્રવાસ ભારતીય ટીમ માટે અત્યંત મહત્વનો સાબિત થશે, કારણ કે ત્યારબાદ ટીમ સીધી ન્યુઝીલેન્ડના ઓકલેન્ડ ખાતે ૧૫ થી ૨૧ જૂન દરમિયાન રમાનારા નેશન્સ કપમાં ભાગ લેશે. ભારતીય ટીમ હાલમાં બેંગલુરુ સ્થિત સાઈ (SAI) સેન્ટરમાં સખત તાલીમ લઈ રહી છે.

ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાના પર્થ હોકી સ્ટેડિયમ ખાતે ૨૬ મે થી ૩૦ મે દરમિયાન કુલ ચાર મેચો રમશે. શિડ્યુલ મુજબ પ્રથમ બે મેચ ૨૬ અને ૨૭ મે ના રોજ ભારતીય સમય અનુસાર સાંજે ૫:૦૦ વાગ્યે શરૂ થશે, જ્યારે અંતિમ બે મેચ ૨૯ અને ૩૦ મે ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે રમાશે. મીડિયા અહેવાલ મુજબ, આ મેચો દ્વારા ચીફ કોચ શોર્ડ મરીને ખેલાડીઓની પ્રગતિનું આકલન કરશે અને નેશન્સ કપ માટે શ્રેષ્ઠ પ્લેઈંગ ઈલેવન તૈયાર કરશે.

આ પ્રવાસની સૌથી મોટી વિશેષતા એ છે કે ભારતીય ખેલાડીઓ ડચ હોકી દિગ્ગજ તાકે તાકેમાના માર્ગદર્શન હેઠળ ડ્રેગ-ફ્લિકની ખાસ તાલીમ લેશે. આ તાલીમ ક્લિનિક ૨૬ મે થી ૨૧ જૂન સુધી પર્થ અને ઓકલેન્ડ એમ બંને સ્થળે ચાલશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટીમની પેનલ્ટી કોર્નર કન્વર્ઝન રેટમાં સુધારો કરવા માટે આ ક્લિનિક અત્યંત નિર્ણાયક સાબિત થશે. તાકેમાની હાજરીથી ભારતીય ડ્રેગ-ફ્લિકર્સને વિશ્વ સ્તરીય ટેકનિક શીખવા મળશે.

**અમેરિકા એકેડમી // વૈશ્વિક ક્રિકેટ નેટવર્કનો વિસ્તાર, સીએટલ થન્ડરબોલ્ટ્સ સાથે ભાગીદારી**

# દિલ્હી કેપિટલ્સ ક્રિકેટ એકેડમી અમેરિકા ના સીએટલમાં પાંખો ફેલાવશે

(એજન્સી) સીએટલ [યુએસ] । તા. 14

આઈપીએલની દિગ્ગજ ફ્રેન્ચાઈઝી દિલ્હી કેપિટલ્સ હવે ભારતની સીમાઓ ઓળંગીને અમેરિકાના મેદાન પર પોતાની ધાક જમાવવા તૈયાર છે. પોતાની આંતરરાષ્ટ્રીય વૃદ્ધિને જાળવી રાખતા 'દિલ્હી કેપિટલ્સ ક્રિકેટ એકેડમી' એ યુનાઈટેડ સ્ટેટ્સના સીએટલમાં નવા કેન્દ્રની સ્થાપના સાથે પોતાની વૈશ્વિક હાજરીનો વિસ્તાર કર્યો છે. આ એકેડમી દિલ્હી કેપિટલ્સના પ્રસ્થાપિત કોચિંગ અભ્યાસક્રમ અને ટેકનિકલ માળખાને અનુસરશે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ખેલાડીઓને વ્યવસ્થિત તાલીમ, કામગીરીનું નિરીક્ષણ અને લાંબા ગાળાનો વિકાસ પૂરો પાડવાનો છે.



સીએટલમાં સ્થિત આ નવી એકેડમી 'સીએટલ થન્ડરબોલ્ટ્સ એકેડમી' સાથે મળીને કામ કરશે. નોંધનીય છે કે ૨૦૨૧માં સ્થપાયેલું આ સંગઠન અમેરિકામાં એક પ્રતિષ્ઠિત નામ બની ગયું છે. ૨૦૨૨માં માઈનોર લીગ ક્રિકેટ ચેમ્પિયનશિપ જીતનારી સીએટલ થન્ડરબોલ્ટ્સ અત્યારે ૨૦૦થી વધુ યુવા ક્રિકેટરોને તાલીમ આપી રહી છે. આ સંસ્થા પાસે પેસિફિક નોર્થવેસ્ટ ક્ષેત્રમાં ટર્ફ વિકેટ સહિત છ અદ્યતન ક્રિકેટ મેદાનો છે, જે નિયમિત તાલીમ અને સ્પર્ધાઓ માટે મજબૂત પાયો પૂરો પાડે છે.

દિલ્હી કેપિટલ્સના સીઈઓ સુનીલ ગુપ્તાએ આ વિકાસ અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "અમેરિકામાં અમારી એકેડમી નેટવર્કનો વિસ્તાર એ એક મજબૂત અને ટકાઉ વૈશ્વિક વિકાસ ઈકોસિસ્ટમ બનાવવાની દિશામાં મહત્વનું પગલું છે. અમારું ધ્યાન યુવા ક્રિકેટરોને ઉચ્ચ સ્તરે સ્પર્ધા કરવા માટે તૈયાર કરવા અને શ્રેષ્ઠ કોચિંગ પદ્ધતિઓ શેર કરવા પર છે." આ ભાગીદારી હેઠળ ખેલાડીઓ અને કોચને તાલીમ શિબિરો, એક્સપોઝરની તકો અને દિલ્હી કેપિટલ્સના ગ્લોબલ એકેડમી નેટવર્કમાં જ્ઞાનના આદાન-પ્રદાનની તક મળશે.

સીએટલ થન્ડરબોલ્ટ્સ એકેડમીના સહ-માલિક ફણી ચિતનેનીએ જણાવ્યું હતું કે આ જોડાણથી યુએસમાં ક્રિકેટના ઝડપથી વિકસતા બજારમાં દિલ્હી કેપિટલ્સને મજબૂત સ્થાન મળશે. વળી, વિજય બેનીવાલે ઉમેર્યું કે સીએટલના ગ્રાસરૂટ લેવલથી શરૂઆત કરનાર ખેલાડી હવે એકેડમીના કાર્યક્રમો દ્વારા વ્યવસાયિક ક્રિકેટના સ્તર સુધી પહોંચી શકશે. આ ભાગીદારીથી સ્થાનિક ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય ધોરણોનું કોચિંગ, ફિટનેસ ફોકસ અને મેન્ટરશિપ મળી રહેશે.

આ નવા કેન્દ્રના ઉમેરા સાથે દિલ્હી કેપિટલ્સે ભારત અને વિદેશમાં પોતાની પકડ વધુ મજબૂત કરી છે.

**જોરાવર સિંહ સંધુ એનઆરએઆઈ રિવ્યુ અરજી**

# એશિયન ગેમ્સ 2026 શૂટિંગ ટીમ વિવાદ જોરાવર સિંહ બહાર



(એજન્સી) નવી દિલ્હી । તા. 14

જાપાનના આઈચી-નાગોયા ખાતે યોજાનારી આગામી એશિયન ગેમ્સ ૨૦૨૬ માટે જાહેર કરવામાં આવેલી ભારતીય શૂટિંગ ટીમમાં એક મોટો વિવાદ સર્જાયો છે. એશિયાના નંબર ૧ અને વિશ્વના છઠ્ઠા ક્રમાંકિત ટ્રેપ શૂટર જોરાવર સિંહ સંધુની ટીમમાંથી બાદબાકી કરવામાં આવી છે. આ નિર્ણયથી રમતજગતમાં આશ્ચર્ય ફેલાયું છે, કારણ કે જોરાવર સિંહે ગત વર્ષે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીતીને ભારતનું નામ રોશન કર્યું હતું.

૪૭ વર્ષીય દિગ્ગજ શૂટર જોરાવર સિંહ આંતરરાષ્ટ્રીય સ્તરે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યા હોવા છતાં, નેશનલ ચેમ્પિયનશિપ અને ઘરેલું સિલેક્શન ટ્રાયલ્સમાં તેમનો દેખાવ ધાર્યા મુજબનો રહ્યો નહોતો. મીડિયા અહેવાલ મુજબ, સતત આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટોમાં વ્યસ્ત હોવાને કારણે તેઓ ઘરેલું સર્કિટ પર પોતાનું ફોર્મ જાળવી શક્યા નહોતા. નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (NRAI) એ સ્પષ્ટ કર્યું છે કે તેઓ પોતાની પસંદગી પ્રક્રિયામાં કોઈ પણ ખેલાડીના ચહેરાને બદલે માત્ર આંકડા અને નીતિ-નિયમોને જ મહત્વ આપશે. જોરાવર સિંહે એનઆરએઆઈને વિનંતી કરી છે કે તેઓ પોતાના નિર્ણય પર પુનર્વિચાર કરે. તેમણે ધ્યાન દોર્યું છે કે છેલ્લા છ મહિનામાં આંતરરાષ્ટ્રીય સ્તરે તેમનો સ્કોર અન્ય કોઈ પણ ભારતીય ટ્રેપ શૂટર કરતા ચડિયાતો રહ્યો છે. તાજેતરમાં કઝાકિસ્તાનના અલ્માટી ખાતે યોજાયેલા વર્લ્ડ કપમાં 'ઝીરો' શૂટર તરીકે ભાગ લેવા છતાં તેમણે ૧૧૯નો સ્કોર નોંધાવ્યો હતો, જે ભારતીય ટુકડીમાં સૌથી વધુ હતો. સરખામણી કરીએ તો, ટીમમાં પસંદ થયેલા અન્ય શૂટરોનો સ્કોર જોરાવર કરતા ઓછો રહ્યો છે.

## ભારતની શાંતિ પહેલ પર ઈરાનનો ભરોસો, UAE સાથે વિવાદ અને હોર્મુઝ સ્ટ્રેટ

# ઈરાન ભારત બ્રિક્સ બેઠક પૂર્વે UAEની હરકતથી ભડક્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

ભારતની અધ્યક્ષતામાં યોજાનારી બ્રિક્સ (BRICS) દેશોના વિદેશ મંત્રીઓની બેઠક પૂર્વે પશ્ચિમ એશિયાનું રાજકારણ ગરમાયું છે. ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝિમ ગરીબાબાદીએ નવી દિલ્હીમાં એક અત્યંત સ્ફોટક નિવેદન આપીને યુનાઈટેડ આરબ એમિરેટ્સ (UAE) પર ગંભીર આરોપો લગાવ્યા છે. ગરીબાબાદીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે બ્રિક્સના જ એક સભ્ય દેશના અડિયલ વલણને કારણે પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવા માટે 'આમ સહમતિ' સધાઈ રહી નથી. આ નિવેદને રશિયા, ભારત અને ચીન જેવા દેશોના બનેલા આ શક્તિશાળી જૂથમાં આંતરિક વિખવાદના સંકેતો આપ્યા છે.

ઈરાનના મંત્રીએ કોઈનું નામ લીધા વિના સીધો સંકેત આપ્યો કે યુનાઈટેડ આરબ એમિરેટ્સ બ્રિક્સ સમૂહમાં ઈરાનની નિંદા કરવા પર ભાર મૂકી રહ્યું છે. તેમણે ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે કેટલાક આરબ દેશોએ જ અમેરિકાને ઈરાન પર હુમલો કરવા માટે પોતાના સૈન્ય મથકો વાપરવાની મંજૂરી આપી છે. મીડિયા અહેવાલ મુજબ, ઈરાનનું માનવું છે કે જો બ્રિક્સના સભ્યો અંદરોઅંદર વિભાજિત દેખાશે, તો તેનાથી પશ્ચિમી દેશોને ફાયદો થશે. ગરીબાબાદીએ ઉમેર્યું હતું કે, "અમે ઈચ્છીએ છીએ કે ભારતની બ્રિક્સ અધ્યક્ષતા સફળ થાય, પરંતુ આ માટે સભ્યોમાં એકતા હોવી અનિવાર્ય છે."

પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે ઈરાને ભારતની ભૂમિકાની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. ઈરાન મુજબ, ભારત એકમાત્ર એવો દેશ છે જે નિષ્પક્ષ રહીને શાંતિનું સમર્થન કરી શકે છે. ગરીબાબાદીએ જણાવ્યું હતું કે જો ભારત પશ્ચિમ એશિયામાં સ્થિરતા લાવવા માટે કોઈ પણ પ્રકારની મધ્યસ્થી અથવા શાંતિ પહેલ કરશે, તો ઈરાન તેને હોંશભેર સ્વીકારશે. ભારતની વધતી જતી આંતરરાષ્ટ્રીય વિશ્વસનીયતા જ આ વિવાદને ઉકેલવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે છે.



વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્ત્વના ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' મામલે ઈરાને મોટી જાહેરાત કરી છે. દુનિયાના ૨૦% તેલ અને ગેસનો પુરવઠો આ માર્ગેથી પસાર થાય છે. ઈરાને જણાવ્યું કે તે ઓમાન સાથે મળીને વેપારી જહાજો માટે એક નવી 'સર્વિસ અને પેમેન્ટ' સિસ્ટમ બનાવી રહ્યું છે. આ નવી પ્રણાલી હેઠળ જહાજના કદ અને માલના વજન મુજબ ફી (ટોલ) લેવામાં આવશે, જેની બદલે ઈરાન તેમને સુરક્ષિત રસ્તો આપશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઈરાને સદ્ભાવનાના ભાગરૂપે કેટલાક ભારતીય જહાજોને પસાર થવાની મંજૂરી પણ આપી દીધી છે, જે ભારત માટે મોટી રાહત છે.

ભારત અને ઈરાન વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોનો મુખ્ય આધાર ગણાતા ચાબહાર બંદર પ્રોજેક્ટ અંગે પણ ઈરાને સ્પષ્ટ વલણ અપનાવ્યું છે. ગરીબાબાદીએ કહ્યું કે ઈરાન આ પ્રોજેક્ટ પૂર્ણ કરવા કટિબદ્ધ છે, પરંતુ હવે એ ભારત પર નિર્ભર છે કે તે અમેરિકન પ્રતિબંધોના દબાણ વચ્ચે આ કામને કેટલી ઝડપથી આગળ ધપાવે છે. અમેરિકા અને ઈરાન વચ્ચે પાકિસ્તાન દ્વારા કરવામાં આવતી મધ્યસ્થી પર ઈરાને કટાક્ષ કરતા કહ્યું કે પાકિસ્તાન માત્ર એક 'સુવિધા આપનાર' છે, વાસ્તવિક શાંતિ માટે અમેરિકાએ પોતાની નાકાબંધી હટાવવી પડશે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરની અધ્યક્ષતામાં યોજાઈ રહેલી આ બેઠકમાં રશિયા અને ઈરાનના વિદેશ મંત્રીઓની હાજરી સૂચક છે.

## પીએમ મોદી અને રશિયાની અતૂટ દોસ્તી

# ભારત રશિયા ઊર્જા કરાર પશ્ચિમી દેશોના દબાણ સામે ઢાલ બનશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 14

વિશ્વ જ્યારે જૂથબંધીના સમીકરણોમાં અટવાયેલું છે, ત્યારે ભારત અને રશિયાની વર્ષો જૂની મિત્રતાએ ફરી એકવાર વૈશ્વિક મંચ પર પોતાનો દબદબો સાબિત કર્યો છે. બ્રિક્સ (BRICS) ની મહત્વની બેઠક પૂર્વે રશિયાએ ભારતને ઈંધણ અને ઊર્જા ક્ષેત્રે 'ક્યારેય ન તૂટનારું વચન' આપ્યું છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે દિલ્હીના પ્રવાસ પહેલા સ્પષ્ટ કર્યું છે કે પશ્ચિમી દેશો ગમે તેટલા પ્રતિબંધો લાદે કે દબાણ લાવે, રશિયા ભારતને મળતા ઓઈલ અને ગેસના પુરવઠામાં એક ટકાનો પણ ઘટાડો થવા દેશે નહીં. આ જાહેરાતથી એવા દેશોના પેટમાં તેલ રેડાયું છે જેઓ ભારત અને રશિયાના સંબંધોમાં તિરાડ પાડવા ઈચ્છતા હતા.

સર્ગેઈ લાવરોવે પોતાના નિવેદનમાં ભાવુક અને મક્કમ સૂરે જણાવ્યું હતું કે, 'હિન્દી-રશિયન ભાઈ-ભાઈ' નો નારો દાયકાઓ પહેલા જેટલો પ્રસ્તુત હતો, તેનાથી પણ વધુ આજે છે. રશિયાના ખૂણેખૂણામાં ભારતીય સંસ્કૃતિ અને ભારત પ્રત્યે અગાધ પ્રેમ છે. લાવરોવે પીએમ મોદીની નેતૃત્વ શક્તિની પ્રશંસા કરતા તેમને વિશ્વના સૌથી કાર્યશીલ અને દીર્ઘદ્રષ્ટા નેતા ગણાવ્યા હતા. તેમણે ઉમેર્યું કે ભારત જે રીતે આર્થિક અને સંરક્ષણ મોરચે 'સુપર પાવર' બની રહ્યું છે, તેમાં રશિયા હંમેશા એક મજબૂત ખડકની જેમ ભારતની પડખે ઊભું રહેશે. પીએમ મોદીની વ્યૂહરચનાના કારણે જ આજે ભારત કોઈ પણ વૈશ્વિક દબાણ સામે ઝૂક્યા વગર પોતાના હિતોનું રક્ષણ કરી રહ્યું છે.

વૈશ્વિક બજારમાં ઈંધણના ભાવમાં આવતા ઉતાર-ચઢાવ અને ઊર્જા સંકટ વચ્ચે રશિયાએ ભારતને મોટી રાહત આપી છે. લાવરોવે ખાતરી આપી છે કે રશિયા ભારતને મળતા કાચા તેલ, કુદરતી ગેસ અને કોલસાના પુરવઠાને પ્રાથમિકતા આપશે. આ માત્ર એક વેપારી કરાર નથી, પરંતુ બે દેશો વચ્ચેના અતૂટ વિશ્વાસનું પરિણામ છે. તમિલનાડુમાં નિર્માણાધીન કુડનકુલમ પરમાણુ પાવર પ્લાન્ટ વિશે વાત કરતા તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત થઈ જશે. આ પ્લાન્ટ ભારતની ભવિષ્યની વીજળીની જરૂરિયાતો પૂરી કરવામાં કરોડરજ્જુ સમાન સાબિત થશે.

રશિયાના વિદેશ મંત્રીએ પશ્ચિમી દેશોની 'બંધ બારણે' ચાલતી કૂટનીતિ પર આકરા પ્રહારો કર્યા હતા. લાવરોવે કહ્યું કે કેટલાક દેશો પોતાના સ્વાર્થ માટે દુનિયા પર પોતાના નિયમો થોપવા માંગે છે.

આ દેશો ભારત અને રશિયા વચ્ચે ગેરસમજ પેદા કરવાના અનેક પ્રયાસો કરી રહ્યા છે, પરંતુ ભારતની સમજદારી અને રશિયાની વફાદારી સામે આ તમામ ષડયંત્રો નિષ્ફળ ગયા છે. મીડિયા અહેવાલ મુજબ, આગામી બ્રિક્સ સમિટમાં બંને દેશો વચ્ચે કેટલાક એવા સંરક્ષણ અને આર્થિક કરારો થઈ શકે છે જે પશ્ચિમી દેશોના એકાધિકારને સીધો પડકાર ફેંકશે.

### બ્રિક્સ બેઠક અને વૈશ્વિક રાજનીતિનું નવું કેન્દ્ર

દિલ્હીમાં યોજાનારી બ્રિક્સની આ બેઠક પર આખા વિશ્વની નજર છે. રશિયા માને છે કે પશ્ચિમી દેશોની દખલગીરી વગર એક નવું મલ્ટિપોલર વર્લ્ડ ઓર્ડર ઊભું થઈ રહ્યું છે, જેમાં ભારત અને રશિયા મુખ્ય ભૂમિકામાં હશે. સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ, આ બેઠકમાં ડોલરના બદલે સ્થાનિક ચલણમાં વેપાર કરવા અંગે પણ ગંભીર ચર્ચા થઈ શકે છે. જો આવું થશે, તો તે ભારત અને રશિયાના આર્થિક સંબંધોમાં એક ક્રાંતિકારી પગલું હશે. લાવરોવના મતે, ભારત હવે કોઈના દબાણમાં નિર્ણય લેતું નથી, પરંતુ પીએમ મોદીના નેતૃત્વમાં પોતાની શરતો પર દુનિયા સાથે વાત કરે છે.

## ન્યૂઝ બ્રીફ

### પાકિસ્તાનમાં મોંઘવારી અને અંતિમ ક્રિયા ખર્ચ સામાન્ય માણસની શક્તિ બહાર



રાવલપિંડી | પાકિસ્તાનમાં આર્થિક કટોકટી અને ફુગાવો હવે એટલી હદે વકરી ગયા છે કે સામાન્ય માણસ માટે જીવવું તો ઠીક, પરંતુ સન્માનજનક રીતે મરવું પણ અત્યંત મુશ્કેલ બની ગયું છે. પાડોશી દેશમાં પાયાની જરૂરિયાતોના ભાવ આસમાને પહોંચતા હવે અંતિમ સંસ્કાર જેવી પવિત્ર વિધિઓનું પણ ક્રૂર વ્યાપારીકરણ થઈ ગયું છે. ગરીબ પરિવારો પોતાના સ્વજનની વિદાય ટાણે શોક મનાવવાને બદલે દફનવિધિના આકરા ખર્ચને પહોંચી વળવા માટે વ્યાજખોરોના ચુંગાલમાં ફસાઈ રહ્યા છે અને દેવાદાર બની રહ્યા છે. રાવલપિંડી અને તેની આસપાસના વિસ્તારોમાં વર્ષોથી ચાલી આવતી સામાજિક સહકારની પ્રથા હવે લોહીચૂસ વ્યવસાયમાં ફેરવાઈ ગઈ છે. અગાઉના સમયમાં સ્થાનિક યુવાનો અને પડોશીઓ સ્વેચ્છાએ કબર ખોદવા અને અન્ય વ્યવસ્થાઓમાં મદદરૂપ થતા હતા, પરંતુ હવે કબ્રસ્તાન વહીવટકર્તાઓએ આ પ્રક્રિયા પર કડક નિયમો લાદી દીધા છે. મોટાભાગના કબ્રસ્તાનોમાં 'જગ્યા નથી' ના બોર્ડ મારી દેવામાં આવ્યા છે, જેના કારણે મજબૂર પરિવારો પાસેથી જગ્યાના નામે મોટી રકમ વસૂલવામાં આવી રહી છે.

### બ્રિટન રાજકીય સંકટ કીર સ્ટારમર રાજીનામું તલવાર લટકી



લંડન | વિશ્વની જૂની લોકશાહીઓમાંની એક એવા બ્રિટનમાં ફરી એકવાર રાજકીય ભૂકંપના સંકેતો મળી રહ્યા છે. વડાપ્રધાન કીર સ્ટારમરના નેતૃત્વ સામે તેમની જ પાર્ટીના સભ્યોએ બળવો પોકારતા સત્તાનું સિંહાસન ડગમગવા લાગ્યું છે. તાજેતરની સ્થાનિક ચૂંટણીઓમાં લેબર પાર્ટીના કારમા પરાજય બાદ હવે પક્ષમાં 'નેતૃત્વ પરિવર્તન'ની માંગણીએ જોર પકડ્યું છે. આગામી ૪૮ કલાક સ્ટારમર માટે અગ્નિપરીક્ષા સમાન માનવામાં આવી રહ્યા છે, કારણ કે બળવાખોર જૂથ હવે ખુલ્લેઆમ મેદાનમાં આવ્યું છે. બ્રિટિશ રાજકારણના આંતરિક વર્તુળો અને મીડિયા અહેવાલ મુજબ, હેલ્થ સેક્રેટરી વેસ સ્ટ્રીટિંગ હવે વડાપ્રધાન પદના પ્રબળ દાવેદાર તરીકે ઉભરી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સ્ટ્રીટિંગને ૮૧ જેટલા લેબર સાંસદોનું સમર્થન મળવાની શક્યતા છે. બુધવારે સવારે ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે તેમની ટૂંકી મુલાકાતે રાજકીય અટકળોને વધુ તેજ બનાવી છે. જો સ્ટ્રીટિંગ રાજીનામું આપીને નેતૃત્વ માટે દાવો રજૂ કરે છે, તો સ્ટારમર સરકાર પત્તાના મહેલની જેમ પડી ભાંગી શકે છે.

## વન ચાઈના પોલિસી અને યુદ્ધનો ખતરો

# ચીન અમેરિકા તાઈવાન વિવાદ હવે ભીષણ યુદ્ધના ઉંબરે પહોંચ્યો, શી જિનપિંગની ટ્રમ્પને ખુલ્લી ચેતવણી

(એજન્સી) બેઈજિંગ । તા. 14

વિશ્વની બે મહાસત્તાઓ વચ્ચેનો ગજગ્રાહ હવે નિર્ણાયક તબક્કે પહોંચ્યો છે. બેઈજિંગમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન ચીની રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે આક્રમક વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું છે કે જો તાઈવાન મામલે કોઈ પણ પ્રકારની ભૂલ કરવામાં આવી, તો બંને દેશો સીધા સૈન્ય સંઘર્ષમાં ઉતરી શકે છે. આ બેઠક બાદ વૈશ્વિક રાજનીતિમાં ખળભળાટ મચી ગયો છે, કારણ કે જિનપિંગે સંબંધોને અત્યાર સુધીના સૌથી ખતરનાક વળાંક પર હોવાનું જાહેર કર્યું છે.

### સમિટમાં જિનપિંગનું રૌદ્ર સ્વરૂપ

ચીની રાજધાનીમાં આયોજિત આ મહત્વપૂર્ણ સમિટમાં શી જિનપિંગે કોઈ પણ પ્રકારની આડકતરી વાત કર્યા વગર સીધો પ્રહાર કર્યો હતો. સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ, તેમણે તાઈવાન મુદ્દાને ચીન અને અમેરિકા વચ્ચેના સંબંધોની રેડ લાઈન ગણાવી હતી. જિનપિંગે જણાવ્યું હતું કે તાઈવાન એ ચીનનો આંતરિક મામલો છે અને વન ચાઈના સિદ્ધાંત સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ સ્વીકારવામાં આવશે નહીં. જો અમેરિકા તાઈવાનના મામલે વધુ પડતી દખલગીરી કરશે, તો તેના પરિણામો આખા વિશ્વએ ભોગવવા પડશે તેવી ગંભીર ચેતવણી પણ તેમણે ઉચ્ચારી હતી. બીજી તરફ, ડોનાલ્ડ ટ્રમ્પે આ બેઠક બાદ પત્રકારો સામે મૌન સેવી લીધું હતું, જે સૂચવે છે કે અંદરખાને સ્થિતિ ખૂબ જ તંગ છે.

### તાઈવાનનો વળતો પ્રહાર અને અસ્થિરતાનો સ્રોત

શી જિનપિંગની આ હિંસક ચેતવણી બાદ તાઈપેઈ પ્રશાસને પણ મૌન તોડ્યું છે. તાઈવાન સરકારના પ્રવક્તાએ એક નિવેદન જારી કરીને જણાવ્યું છે કે ચીનની સૈન્ય ધમકીઓ જ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં અસ્થિરતાનું મૂળ કારણ છે. તાઈવાને અમેરિકાના સમર્થન બદલ આભાર માનતા સ્પષ્ટ કર્યું કે તેઓ એક સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે અને ચીનના કોઈ પણ દબાણ સામે ઝૂકશે નહીં. મીડિયા અહેવાલ મુજબ, તાઈવાનની સેના પણ ચીનના સંભવિત આક્રમણને ધ્યાનમાં રાખીને હાઈ એલર્ટ પર મૂકી દેવામાં આવી છે.

### શા માટે તાઈવાન મુદ્દો વિસ્ફોટક બન્યો?

ચીન લાંબા સમયથી તાઈવાનને પોતાના નકશામાં દર્શાવે છે અને તેને



પુનઃ એકીકૃત કરવા માટે સૈન્ય બળના ઉપયોગની વાત કરતું આવ્યું છે. વન ચાઈના પોલિસી હેઠળ ચીન ઈચ્છે છે કે વિશ્વના તમામ દેશો તાઈવાન સાથેના રાજદ્વારી સંબંધો તોડી નાખે. જોકે, તાઈવાન પોતાની લોકશાહી અને સ્વતંત્રતા જાળવી રાખવા કટિબદ્ધ છે. તાજેતરના વર્ષોમાં અમેરિકાએ તાઈવાનને અદ્યતન સંરક્ષણ શસ્ત્રો પૂરા પાડીને ચીનની આંખમાં કણાની જેમ ખૂંચવાની શરૂઆત કરી છે, જેનાથી આ વિવાદ હવે વિસ્ફોટક સ્તરે પહોંચી ગયો છે.

### અમેરિકાની વ્યૂહાત્મક મજબૂરી અને સિક્સ એસ્યોરન્સ

ભલે અમેરિકા સત્તાવાર રીતે તાઈવાનને અલગ રાષ્ટ્ર નથી માનતું, પરંતુ તાઈવાન રિલેશન્સ એક્ટ મુજબ તે ટાપુની સુરક્ષા માટે બંધાયેલું છે. અમેરિકાએ તાઈવાનને આપેલી 'છ ખાતરીઓ' (સિક્સ એસ્યોરન્સ) હેઠળ તે બેઈજિંગની સલાહ લીધા વગર તાઈવાનને શસ્ત્રો વેચવાનું ચાલુ રાખી શકે છે. આ જ બાબત ચીનને સૌથી વધુ પરેશાન કરી રહી છે. હાલમાં જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્ર ફરી સત્તા પર છે, ત્યારે ચીનને ડર છે કે અમેરિકા તાઈવાનની સ્વતંત્રતાને વધુ ખુલ્લું સમર્થન આપી શકે છે.

### ડોનાલ્ડ ટ્રમ્પ ચીન મુલાકાત ઐતિહાસિક બેઠક નવા યુગનો પ્રારંભ

બેઈજિંગ | વિશ્વની બે સૌથી મોટી આર્થિક મહાસત્તાઓ વચ્ચેના સંબંધોમાં આજે એક નવો વળાંક આવ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની બે દિવસીય મહત્વપૂર્ણ મુલાકાતે ચીનની રાજધાની પહોંચ્યા છે, જ્યાં 'ગ્રેટ હોલ ઓફ ધ પીપલ' ખાતે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે યોજાયેલી આ ઉચ્ચ સ્તરીય મંત્રણામાં બંને નેતાઓએ હરીફાઈ છોડીને ભાગીદારી પર ભાર મૂક્યો છે, જે આગામી દાયકાઓ માટે વૈશ્વિક રાજનીતિની દિશા નક્કી કરી શકે છે. બેઠક દરમિયાન શી જિનપિંગે ટ્રમ્પને વૈશ્વિક નેતૃત્વની ગંભીરતા સમજાવતા જણાવ્યું કે બંને દેશોના હિતો પરસ્પર વિવાદો કરતા ઘણા મોટા છે. તેમણે ઐતિહાસિક 'થ્યુસીડાઈડ્સ ટ્રેપ'નો ઉલ્લેખ કરીને યુદ્ધની શક્યતાઓને નકારી મિત્રતાનો નવો માર્ગ અપનાવવા આહવાન કર્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ મુલાકાત અગાઉ માર્ચમાં યોજાવાની હતી, પરંતુ પશ્ચિમ એશિયાના તણાવને કારણે મુલતવી રાખવામાં આવી હતી.

# અમેરિકામાં ઓપીટી વિઝા ગેરરીતિ તપાસ ભારતીયો રડારમાં

(એજન્સી) વોશિંગ્ટન । તા. 14

અમેરિકામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ત્યાં જ નોકરી કરવા ઈચ્છતા હજારો વિદેશી વિદ્યાર્થીઓ માટે મુશ્કેલીના વાદળો ઘેરાયા છે. અમેરિકાના ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) દ્વારા 'ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ' (OPT) કાર્યક્રમ હેઠળ મોટી ગેરરીતિઓ પકડી પાડવામાં આવી છે. આ તપાસમાં ભારતીયો સહિત અંદાજે ૧૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ રડારમાં આવ્યા છે. શેલ કંપનીઓ અને નકલી નોકરીઓના બહાને અમેરિકામાં રોકાઈ રહેલા તત્વો સામે હવે સખત કાર્યવાહીના સંકેતો મળી રહ્યા છે.

તપાસ દરમિયાન અમેરિકન અધિકારીઓને ચોંકાવનારી વિગતો જાણવા મળી છે. ટેક્સાસ સહિતના અનેક રાજ્યોમાં કરવામાં આવેલી સાઈટ વિઝિટમાં જોવા મળ્યું કે, ઘણી કંપનીઓ માત્ર કાગળ પર જ અસ્તિત્વ ધરાવે છે. મીડિયા અહેવાલ મુજબ, જે સરનામાંઓ કંપની તરીકે નોંધાયેલા હતા, ત્યાં કાં તો બંધ બિલ્ડિંગો, ખાલી ઓફિસો અથવા રહેણાંક મકાનો મળી આવ્યા છે. કેટલીક કંપનીઓમાં માત્ર ૩ કર્મચારીઓ હોવા છતાં રેકોર્ડ પર ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ તાલીમ લેતા હોવાનું દર્શાવવામાં આવ્યું હતું.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ કૌભાંડના તાર ભારત સુધી જોડાયેલા છે. તપાસમાં બહાર આવ્યું છે કે અમેરિકામાં નોંધાયેલી કેટલીક કંપનીઓનું સંપૂર્ણ મેનેજમેન્ટ ભારતમાંથી જ થતું હતું. ઓપીટીના ચુસ્ત નિયમો મુજબ, વિદ્યાર્થીઓની તાલીમ અને દેખરેખ અમેરિકામાં જ થવી અનિવાર્ય છે. આ નિયમોના ભંગ બદલ અને નાણાકીય ગેરરીતિઓને કારણે હવે આ વિદ્યાર્થીઓના વિઝા રદ થવાની અને તેમને દેશનિકાલ કરવાની ભીતિ સેવાઈ રહી છે.

# બાંગ્લાદેશ પદ્મા નદી ડેમ પ્રોજેક્ટ ભારત વિવાદ વકર્યો

### વડાપ્રધાન તારિક રહેમાન જળ વહેંચણી જાહેરાત

(એજન્સી)ઢાકા। તા. 14

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં ગંગા નદીના જળ વહેંચણીના મુદ્દે ફરી એકવાર મોટો ભૂકંપ આવ્યો છે. બાંગ્લાદેશ સરકારે પદ્મા નદી (જે ભારતમાં ગંગા તરીકે ઓળખાય છે) પર એક અતિ વિશાળ અને મલ્ટિ-બિલિયન ડોલરના ડેમ પ્રોજેક્ટને લીલી ઝંડી આપી દીધી છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, બાંગ્લાદેશે આ પ્રોજેક્ટ માટે ભારત સાથે કોઈ પણ પ્રકારની મંત્રણા કરવાનો સાફ ઈનકાર કરી દીધો છે, જે દક્ષિણ એશિયાના રાજકારણમાં ગંભીર ગરમાવો લાવી શકે છે.

### સ્વતંત્ર નિર્ણય કે કૂટનીતિક પડકાર?

બાંગ્લાદેશમાં વડાપ્રધાન તારિક રહેમાનની આગેવાની હેઠળની રાષ્ટ્રીય આર્થિક પરિષદે આ ભગીરથ યોજના માટે ૩૪,૪૯૭ કરોડ ટકાની માતબર રકમને મંજૂરી આપી છે. મીડિયા અહેવાલ



મુજબ, આ પ્રોજેક્ટ સંપૂર્ણપણે બાંગ્લાદેશના પોતાના ભંડોળથી નિર્મિત થશે. જળ સંસાધન મંત્રી શાહિદુદ્દીન ચૌધરી અનીએ આક્રમક વલણ અપનાવતા જણાવ્યું કે, આ ડેમ બાંગ્લાદેશના આંતરિક હિતનો વિષય છે અને તે માટે પડોશી દેશ ભારત સાથે ચર્ચા કરવી અનિવાર્ય નથી.

### ફરક્કા બેરેજ સામે બાંગ્લાદેશની વળતી વ્યૂહરચના

બાંગ્લાદેશના આ કડક વલણ પાછળનું મુખ્ય કારણ ભારતના પશ્ચિમ બંગાળમાં સ્થિત ફરક્કા બેરેજ હોવાનું માનવામાં આવે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૧૯૭૫થી કાર્યરત ફરક્કા બેરેજને કારણે બાંગ્લાદેશમાં સૂકી ઋતુમાં પાણીની ભારે તંગી સર્જાય છે. નદીઓમાં પાણીનો પ્રવાહ ઘટવાથી દરિયાનું ખારું પાણી ખેતીલાયક જમીનમાં ભળી રહ્યું છે, જે રાજશાહી અને ઢાકા જેવા મોટા વિભાગોની ફળદ્રુપતાને નુકસાન પહોંચાડી રહ્યું છે. આ ડેમ દ્વારા બાંગ્લાદેશ હવે પોતાની ધરતી પર જળ સંગ્રહ કરવા માંગે છે.

### ભવિષ્યના સંકેત: ભારત સાથેના સંબંધો પર અસર

નિષ્ણાતો માને છે કે જો બાંગ્લાદેશ એકપક્ષીય રીતે આટલો મોટો ડેમ પ્રોજેક્ટ આગળ ધપાવશે, તો બંને દેશો વચ્ચેના જળ કરારો જોખમમાં મુકાઈ શકે છે. આ નવો ડેમ માત્ર સિંચાઈ જ નહીં, પરંતુ પાણીના સંગ્રહ માટેનું એક મોટું હથિયાર સાબિત થશે. જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરે નદીઓના પાણીના વહેણ પર કોઈ પણ ફેરફાર માટે નીચલા અને ઉપલા વિસ્તારના દેશો વચ્ચે સમજૂતી હોવી જરૂરી હોય છે. આ પ્રોજેક્ટ આગામી સમયમાં ભારત-બાંગ્લાદેશ વચ્ચે કૂટનીતિક સંઘર્ષનું મુખ્ય કેન્દ્ર બનશે તે નિશ્ચિત છે.

**દુષ્કર્મ** 12 વર્ષમાં 100થી વધુ બાળકોનું શોષણ, બ્રાન્ડેનબર્ગ ક્લિનિકમાં જઘન્ય ગુનો

# જર્મની ડૉક્ટર બાળકો દુષ્કર્મ કાંડથી વિશ્વભરમાં ભારે આક્રોશ

(એજન્સી) બર્લિન । તા. 14

તબીબને ધરતી પર ભગવાનનું રૂપ માનવામાં આવે છે, પરંતુ જર્મનીમાં બનેલી એક કાળજું કંપાવી દે તેવી ઘટનાએ આ માન્યતાને કચડી નાખી છે. બર્લિન નજીક આવેલા બ્રાન્ડેનબર્ગના એક બાળરોગ ચિકિત્સક દ્વારા છેલ્લા ૧૨ વર્ષોમાં ૧૦૦થી વધુ નિર્દોષ બાળકો પર જાતીય શોષણ અને દુષ્કર્મ આચરવાનો અત્યંત શરમજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બુધવારે કોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન આ નરાધમ ડૉક્ટરની ક્રૂરતાના એક પછી એક એવા ઘટસ્ફોટ થયા છે, જેનાથી ન્યાયાધીશો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. તબીબી વ્યવસાયના ઈતિહાસમાં આ સૌથી જઘન્ય અપરાધોમાંનો એક માનવામાં આવે છે.

### સફેદ કોટ પાછળ છુપાયેલો વિકૃત ચેહરો

૪૬ વર્ષીય આ આરોપી ડૉક્ટર બ્રાન્ડેનબર્ગના એક પ્રતિષ્ઠિત ક્લિનિકમાં ફરજ બજાવતો હતો. ડૉક્ટર તરીકેના તેના હોદ્દાનો દુરૂપયોગ કરીને તેણે સારવાર



માટે આવતા નાના બાળકોને પોતાની હવસનો શિકાર બનાવ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, તપાસમાં જાણવા મળ્યું છે કે આ પાપની શરૂઆત ડિસેમ્બર ૨૦૧૩માં થઈ હતી અને તે છેક નવેમ્બર ૨૦૨૫ સુધી અવિરત ચાલતી રહી હતી. આરોપી સામે ૧૩૦થી વધુ અલગ-અલગ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. ડૉક્ટરની આ વિકૃતિ એટલી હદે હતી કે તેણે હોસ્પિટલના સુરક્ષિત વાતાવરણમાં જ બાળકોના બાળપણને પીંખવાનું શરૂ કર્યું હતું.

આ જઘન્ય અપરાધનો પર્દાફાશ કોઈ તપાસ એજન્સી દ્વારા નહીં, પરંતુ એક સતર્ક માતા દ્વારા કરવામાં આવ્યો હતો. નવેમ્બર ૨૦૨૫માં જ્યારે આ ડૉક્ટર એક નાની બાળકીની તપાસ કરી રહ્યો હતો, ત્યારે તેની શંકાસ્પદ હિલચાલ જોઈને બાળકીની માતાને અહેસાસ થયો હતો કે કંઈક ખોટું થઈ રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, માતાએ સમય ગુમાવ્યા વગર તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે પણ ત્વરિત કાર્યવાહી કરીને હોસ્પિટલ પર દરોડો પાડ્યો અને ડૉક્ટરની ધરપકડ કરી હતી. આ ધરપકડ બાદ જે પુરાવા સામે આવ્યા તેણે સૌના હોશ ઉડાવી દીધા હતા.

ધરપકડ બાદ પોલીસે જ્યારે આરોપી ડૉક્ટરના રહેઠાણની તપાસ કરી, ત્યારે ત્યાંથી અનેક હાર્ડ ડ્રાઈવ અને ડેટા સ્ટોરેજ ઉપકરણો મળી આવ્યા હતા. આ ઉપકરણોમાં હજારોની સંખ્યામાં વાંધાજનક ફોટા અને વીડિયો ક્લિપ્સ મળી આવી છે, જે બાળકો પર આચરવામાં આવેલા અત્યાચારની સાક્ષી પૂરે છે.

# રશિયા સરમત મિસાઈલ પરીક્ષણ પુતિનનો દુનિયાને વિસ્ફોટ

(એજન્સી) મોસ્કો । તા. 14

રશિયા અને યુક્રેન વચ્ચેના સંઘર્ષની વચ્ચે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને દુનિયાને હચમચાવી દેતી જાહેરાત કરી છે. રશિયાએ તેના અત્યંત વિનાશક ઈન્ટર કોન્ટીનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ 'સરમત'નું સફળ પરીક્ષણ પૂર્ણ કર્યું છે. આ મિસાઈલને દુનિયાનું સૌથી શક્તિશાળી પરમાણુ હથિયાર માનવામાં આવે છે. પુતિને આ જાહેરાત એવા સમયે કરી છે જ્યારે અમેરિકન પ્રમુખ ટ્રમ્પ ચીનની મુલાકાતે છે, જે સ્પષ્ટપણે પશ્ચિમી દેશોને રશિયાની અતૂટ સૈન્ય તાકાતનો પરચો આપવાનો પ્રયાસ છે.

'સરમત' મિસાઈલ, જેને પશ્ચિમી દેશો 'સેટન-૨' તરીકે પણ ઓળખે છે, તેની તાકાત કલ્પના બહારની છે. મીડિયા અહેવાલ મુજબ, આ મિસાઈલની રેન્જ ૩૫,૦૦૦ કિલોમીટરથી પણ વધુ છે, જેનો અર્થ છે કે તે અમેરિકા કે યુરોપના કોઈ પણ ખૂણે મિનિટોમાં ત્રાટકી શકે છે. આ મિસાઈલની મારક ક્ષમતા પશ્ચિમના કોઈ પણ મિસાઈલ કરતા ચાર ગણી વધુ હોવાનું કહેવાય છે. પુતિને ગર્વ સાથે જણાવ્યું છે કે આ હથિયારને રોકી શકે તેવી કોઈ રક્ષણાત્મક પ્રણાલી હાલ દુનિયામાં ઉપલબ્ધ નથી.

૨૦૨૪માં આ મિસાઈલના પરીક્ષણ દરમિયાન કેટલીક ખામીઓ સર્જાઈ હતી, પરંતુ હવે તમામ ક્ષતિઓ દૂર કરીને તેને સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવી છે. ૨૦૧૧થી નિર્માણ પામી રહેલી આ મિસાઈલ જૂની 'વોએવોડા' સિરીઝનું સ્થાન લેશે. રશિયન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ વર્ષના અંત સુધીમાં 'સરમત' મિસાઈલને રશિયાની વ્યૂહાત્મક મિસાઈલ ફોર્સમાં સત્તાવાર રીતે સામેલ કરવામાં આવશે, જે રશિયાને સુરક્ષા કવચ પૂરું પાડશે.

## યુપીમાં પ્રચંડ તોફાને મચાવી ભારે તબાહી અનેક જિલ્લાઓ અસરગ્રસ્ત

# આંધી-તોફાન અને વીજળી પડવાથી 89ના મોત! ભારતના આ રાજ્યમાં કુદરતે વિનાશ વેર્યો

(એજન્સી) લખનૌ | તા 14

ઉત્તર પ્રદેશમાં બુધવારે સાંજે કુદરતે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા પ્રચંડ તોફાન, ધૂળની ડમરીઓ અને ગાજવીજ સાથેના વરસાદે ભારે વિનાશ વેર્યો છે. રાજ્યના વિવિધ સાતથી વધુ જિલ્લાઓમાં આવેલા આ કુદરતી તાંડવમાં અત્યાર સુધીમાં કુલ ૮૯ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હોવાના દુખદ સમાચાર મળી રહ્યા છે. તોફાનની તીવ્રતા એટલી ભયાનક હતી કે સેંકડો વર્ષ જૂના તોતિંગ વૃક્ષો ઉખડી ગયા હતા, વીજળીના થાંભલા ધરાશાયી થયા હતા અને અનેક કાચા મકાનો જમીનદોસ્ત થઈ ગયા હતા.આ કુદરતી આફતમાં સૌથી વધુ નુકસાન પ્રયાગરાજ જિલ્લામાં નોંધાયું છે, જે અત્યારે જાણે 'ડેથ ઝોન' બની ગયું હોય તેવી સ્થિતિ છે. અહીં તોફાને ૨૧ લોકોનો ભોગ લીધો છે. સત્તાવાર આંકડાઓ મુજબ, સંત રવિદાસ નગરમાં ૧૫, ફતેહપુરમાં ૧૧ અને મિર્ઝાપુરમાં ૧૦ લોકોના મોત થયા છે. પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમ કિનારે શ્રદ્ધાળુઓ દ્વારા બનાવવામાં આવેલી ઝૂંપડીઓ ઉખડી ગઈ હતી, જ્યારે શહેરના મુખ્ય માર્ગો પર વૃક્ષો પડવાને કારણે કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ભદોહીમાં સાંજે અચાનક



વાતાવરણમાં પલટો આવતા ભરબપોરે રાત જેવો અંધકાર છવાઈ ગયો હતો. અહીંના ખડગસેનપુર ગામમાં એક હૃદયદ્રાવક ઘટના બની હતી, જેમાં ઘર પર વૃક્ષ પડતા એક મહિલા અને તેની ત્રણ પુત્રીઓના દબાઈ જવાથી કરૂણ મોત નીપજ્યા હતા. જિલ્લા મેજિસ્ટ્રેટના જણાવ્યા અનુસાર, સમગ્ર જિલ્લામાં ૧૫ લોકોના મોત થયા છે. મોબાઈલ નેટવર્ક અને વીજળી ગુલ થઈ જવાને કારણે અંતરિયાળ વિસ્તારોમાં રાહત કામગીરી પહોંચાડવામાં વહીવટી તંત્રને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.બદાયું જિલ્લામાં પણ તોફાને પાંચ લોકોનો ભોગ લીધો છે. તોફાનથી બચવા માટે ઝૂંપડીમાં આશરો લેનાર બે માસૂમ બાળકીઓ પર કાચી દીવાલ પડતા તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. અન્ય એક કિસ્સામાં, ખેતરમાં કામ કરતા પિતાને ટિફિન આપવા જઈ રહેલા યુવાન પર વૃક્ષ પડતા તેનું મોત થયું હતું. આ તોફાનમાં માત્ર મનુષ્યો જ નહીં પરંતુ પશુધન અને ખેતીના પાકને પણ મોટાપાયે નુકસાન થયું હોવાના અહેવાલ છે.રાજ્ય સરકારના આદેશ બાદ સ્થાનિક પ્રશાસન દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. જેસીબી મશીનોની મદદથી માર્ગો પર પડેલા વૃક્ષો હટાવીને

| | |
|---|---|
| પ્રયાગરાજ: | 21 મોત |
| સંત રવિદાસ નગર (ભદોહી): | 15 મોત |
| ફતેહપુર: | 11 મોત |
| મિર્ઝાપુર: | 10 મોત |
| ઉન્નાવ: | 06 મોત |
| બદાયું: | 05 મોત |
| બરેલી અને પ્રતાપગઢ: | 4-4 મોત |
| હરદોઈ, કાનપુર દેહાત અને સંભલ: | 2-2 મોત |

વાહનવ્યવહાર પૂર્વવત કરવાના પ્રયાસો ચાલુ છે. જોકે, અનેક ગ્રામીણ વિસ્તારોમાં કાચા મકાનો અને ટીનના શેડ ઉડી જવાને કારણે હજારો પરિવારો અત્યારે ખુલ્લા આકાશ નીચે રહેવા મજબૂર બન્યા છે. મીડિયા અહેવાલ મુજબ, હજુ પણ નુકસાનનું આકલન કરવામાં આવી રહ્યું હોવાથી મૃત્યુઆંકમાં વધારો થવાની આશંકા સેવાઈ રહી છે.

હાલમાં સમગ્ર રાજ્યમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને લોકોને બિનજરૂરી રીતે ઘરની બહાર ન નીકળવા સૂચના આપવામાં આવી છે. કુદરતની આ થપાટે ઉત્તર પ્રદેશના અનેક પરિવારોમાં કાયમી શોકનું મોજું ફરી વળાવ્યું છે.

## રાયપુરમાં પેટ્રોલ પંપો પર લોકોની લાંબી કતારો, પેનિક બાયિંગથી અફરાતફરી

રાયપુર: છત્તીસગઢની રાજધાની રાયપુરમાં છેલ્લા બે-ત્રણ દિવસથી પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાશે તેવી અફવાઓને કારણે પેટ્રોલ પંપો પર ભારે ભીડ જોવા મળી રહી છે. વડાપ્રધાન દ્વારા જાહેર પરિવહનનો વધુ ઉપયોગ કરીને ઈંધણ બચાવવા અંગેની માર્ગદર્શિકા જાહેર કર્યા બાદ, લોકોમાં પુરવઠો બંધ થવાનો ગભરાટ ફેલાયો છે. શહેરના અનેક વિસ્તારોમાં વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે, જ્યારે કેટલાક પંપો પર જથ્થો ખૂટી જતાં કામચલાઉ ધોરણે બંધ કરવાની ફરજ પડી છે.

પેટ્રોલ પંપ મેનેજર પ્રશાંત સાહુના જણાવ્યા અનુસાર, ગભરાટને કારણે લોકો જરૂરિયાત કરતા વધુ ઈંધણ ભરાવી રહ્યા છે, જેને 'પેનિક બાયિંગ' કહેવામાં આવે છે. સવાર અને સાંજના સમયે ભીડમાં અચાનક વધારો થયો છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે પુરવઠો સંપૂર્ણ બંધ થયો નથી, પરંતુ અચાનક માંગ વધવાને કારણે અને ડેપોમાંથી સપ્લાય આવવામાં બે-ત્રણ દિવસનો સમય લાગતો હોવાથી ક્યાંક મુશ્કેલી પડી રહી છે.સ્થાનિક ગ્રાહકોએ જણાવ્યું હતું કે બે દિવસ પહેલા સુધી સ્થિતિ સામાન્ય હતી, પરંતુ હવે દરેક પંપ પર લાંબી લાઈનો લાગેલી છે. લોકોમાં એવો ભય છે કે ભવિષ્યમાં પેટ્રોલ મળતું બંધ થઈ જશે, જોકે અત્યારે તમામ પંપો પર ઈંધણ ઉપલબ્ધ છે.

## News Brief

### મણિપુરના કાંગપોકપીમાં ઉગ્રવાદીઓનો રક્તપાત: ત્રણના મોત, ચાર ઘાયલ



ઈમ્ફાલ: મણિપુરમાં ફરી એકવાર હિંસાની હચમચાવતી ઘટના સામે આવી છે. કાંગપોકપી જિલ્લામાં બુધવારે ઉગ્રવાદીઓએ કરેલા અંધાધૂંધ ફાયરિંગમાં ત્રણ લોકોના કરૂણ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ હુમલો ત્યારે કરવામાં આવ્યો જ્યારે ચર્ચના સભ્યો એક ધાર્મિક સભામાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. પોલીસના સત્તાવાર નિવેદન અનુસાર, આ લોહિયાળ ઘટના કોટઝિમ અને કોટલેન ગામોની વચ્ચે બની હતી. થાદો બેપટિસ્ટ એસોસિએશન (ટીબીએ) ના સભ્યો ચુરાચાંદપુર ખાતે એક ધાર્મિક કાર્યક્રમ પૂર્ણ કરી બે વાહનોમાં પરત ફરી રહ્યા હતા, ત્યારે રસ્તામાં ઓચિંતો હુમલો કરીને ઉગ્રવાદીઓએ ગોળીબાર શરૂ કર્યો હતો.આ હુમલામાં માર્યા ગયેલા લોકોમાં મણિપુર બેપટિસ્ટ કન્વેકશનના પૂર્વ મહાસચિવ રેવરેંડ વી. સિટલહોરનો પણ સમાવેશ થાય છે. અન્ય બે મૃતકોની ઓળખ રેવરેંડ કાયગોલેન અને પાદરી પાઓગોલેન તરીકે થઈ છે. ધાર્મિક ક્ષેત્રના અગ્રણીઓના મોતથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.મુખ્યપ્રધાન વાય. ખેમચંદ સિંહે આ ઘટના અંગે ઘેરા દુખની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે સાત પૈકી ત્રણ ઘાયલોને વધુ સારી સારવાર માટે ઈમ્ફાલની શિજા હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં ખસેડવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ નાયબ મુખ્યમંત્રી લોસી દિખો અને ગૃહ પ્રધાન ગોવિંદાસ કોંથોજમ સાથે હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને ઘાયલોના ખબર-અંતર પૂછ્યા હતા.

### મધ્ય પ્રદેશના દેવાસમાં ફટાકડાની ફેક્ટરીમાં ભયાનક વિસ્ફોટ: ૧૦ના મોતની આશંકા



દેવાસ: મધ્ય પ્રદેશના દેવાસ જિલ્લામાંથી એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગુરુવારે સવારે જિલ્લાના ટોંક કલાન વિસ્તારમાં આવેલી એક ફટાકડાની ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા હોવાની આશંકા સેવાઈ રહી છે, જ્યારે અનેક કામદારો ગંભીર રીતે ઘાયલ થયા છે. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેનો અવાજ કિલોમીટરો સુધી સંભળાયો હતો.પ્રાપ્ત વિગતો મુજબ, આ ઘટના સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યાની આસપાસ બની હતી. જ્યારે ફેક્ટરીમાં કામકાજ ચાલતું હતું, ત્યારે અચાનક કોઈ કારણસર વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ બાદ ફેક્ટરી પરિસરમાં ભારે આગ ફાટી નીકળી હતી અને આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. આસપાસના રહેણાંક વિસ્તારોમાં પણ ગભરાટ ફેલાઈ ગયો હતો અને લોકો જીવ બચાવવા સુરક્ષિત સ્થળોએ દોડી ગયા હતા.

ઘટના બાદ તરત જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે સ્થાનિક લોકો પોતાની જિંદગી જોખમમાં મૂકીને ઘાયલોને કાટમાળમાંથી બહાર કાઢી રહ્યા હતા અને તેમને હાથમાં ઉઠાવીને હોસ્પિટલ પહોંચાડવા પ્રયાસ કરી રહ્યા હતા. ગંભીર રીતે દાઝેલા લોકોને તાત્કાલિક ધોરણે દેવાસની જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં કેટલાકની હાલત અત્યંત નાજુક હોવાનું કહેવાય છે. દુર્ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો અને ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ પણ સ્થળ પર હાજર છે અને રાહત-બચાવ કાર્ય પર દેખરેખ રાખી રહ્યા છે. વિસ્ફોટનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ પ્રાથમિક તબક્કે શોર્ટ સર્કિટ અથવા વિસ્ફોટક સામગ્રીના હેન્ડલિંગમાં બેદરકારી હોવાનું અનુમાન છે.સત્તાવાર રીતે હજુ સુધી ચોક્કસ મૃત્યુઆંક જાહેર કરવામાં આવ્યો નથી, પરંતુ બચાવ કામગીરી પૂર્ણ થયા બાદ સ્થિતિ વધુ સ્પષ્ટ થશે. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા પણ આ ઘટનાની નોંધ લેવામાં આવી છે અને ઘાયલોને યોગ્ય સારવાર મળે તે માટે નિર્દેશો આપવામાં આવ્યા છે.

# ન્યૂ જલપાઈગુડી અને અમૃતસર વચ્ચે અમૃત ભારત એક્સપ્રેસની નિયમિત સેવા શરૂ કરવામાં આવી

માલીગાંવ | ભારતીય રેલ્વેએ અમૃતસર અને ન્યૂ જલપાઈગુડી વચ્ચે અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનની નિયમિત સેવા શરૂ કરી છે, જે ઉત્તર ભારત અને ઉત્તર બંગાળ વચ્ચે વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરે છે. અમૃતસર જંક્શનથી શરૂ થતી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન (અમૃતસર-ન્યૂ જલપાઈગુડી) ને આજે માનનીય કેન્દ્રીય રેલ્વે અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી રવનીત સિંહ દ્વારા અમૃતસર સ્ટેશનથી લીલી ઝંડી આપવામાં આવી છે. ટ્રેન નં. ૧૪૬૬૪/૧૪૬૬૩ (અમૃતસર - ન્યૂ જલપાઈગુડી - અમૃતસર) દર ગુરુવારે અમૃતસરથી અને દર શનિવારે ન્યૂ જલપાઈગુડીથી ઉપડતી સાપ્તાહિક સેવા શરૂ થશે. આ નિયમિત સાપ્તાહિક સેવા શરૂ થવાથી પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળ વચ્ચે મુસાફરી કરતા





મુસાફરોને રેલ કનેક્ટિવિટીમાં સુધારો કરીને અને અનુકૂળ મુસાફરી વિકલ્પ પ્રદાન કરીને નોંધપાત્ર ફાયદો થવાની અપેક્ષા છે.ટ્રેન નંબર ૧૪૬૬૪ ૧૪ મે, ૨૦૨૬ થી દર ગુરુવારે ૧૨:૪૫ વાગ્યે અમૃતસરથી ઉપડશે અને દર શનિવારે ૦૪:૧૫ વાગ્યે ન્યૂ જલપાઈગુડી પહોંચશે. પરત ફરતી વખતે, ટ્રેન નંબર ૧૪૬૬૩ ૧૬ મે, ૨૦૨૬ થી દર શનિવારે ૦૮:૦૦ વાગ્યે ન્યૂ જલપાઈગુડીથી ઉપડશે અને દર સોમવારે ૦૨:૨૦ વાગ્યે અમૃતસર પહોંચશે.બંને દિશામાં તેની મુસાફરી દરમિયાન, ટ્રેન સિલિગુડી જંક્શન, બાગડોગરા, અરરિયા, રાઘોપુર, સાકરી પર રોકાશે. જંક્શન, રક્સૌલ જંક્શન, નરકટિયાગંજ જંક્શન, ગોરખપુર, બરહની, ગોંડા જંક્શન, સીતાપુર જંક્શન, બરેલી, સહારનપુર જંક્શન અને લુધિયાણા જંક્શન ઉપરાંત અન્ય સ્ટેશનો. અમૃત ભારત એક્સપ્રેસમાં 22 કોચ હશે, જે મુસાફરોને આરામદાયક અને સસ્તી મુસાફરી સુવિધાઓ પ્રદાન કરશે. આ ટ્રેન નવા બનેલા અરરિયા-ગલગલિયા રૂટ પરથી પસાર થશે જે ઉત્તર બંગાળ અને બિહારની વસ્તીના વિશાળ વર્ગ માટે રેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે.આ ટ્રેન તેના રૂટ પર રાજ્યો વચ્ચે વેપાર, પર્યટન અને સાંસ્કૃતિક આદાનપ્રદાનને મજબૂત બનાવવાની પણ અપેક્ષા છે, જેનાથી પ્રાદેશિક આર્થિક વિકાસ અને વિકાસમાં ફાળો મળશે.

## ૪ સંતાનો ડૉક્ટર બન્યા, ૫મા માટે પેપર ફોડ્યું? જયપુરનો પરિવાર સીબીઆઈના સકંજામાં

જયપુર:દેશની પ્રતિષ્ઠિત મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET-UG 2026 ના પેપર લીક મામલે કેન્દ્રીય તપાસ બ્યુરો (CBI) એ સપાટો બોલાવ્યો છે. રાજસ્થાન પોલીસ પાસેથી તપાસ સંભાળ્યાના ગણતરીના કલાકોમાં જ સીબીઆઈએ આંતરરાજ્ય કૌભાંડનો પર્દાફાશ કરીને ૫ શખ્સોની ધરપકડ કરી છે. આ ધરપકડમાં સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે જયપુરના જમવા-રામગઢનો એક આખો પરિવાર આ કાળા કારોબારમાં સામેલ હતો. તપાસ એજન્સીએ જયપુરના બિવાલ પરિવારના ત્રણ સભ્યો - દિનેશ બિવાલ, તેનો



ભાઈ માંગીલાલ બિવાલ અને માંગીલાલનો પુત્ર વિકાસ બિવાલની ધરપકડ કરી છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ પરિવારના ચાર બાળકો વર્ષ ૨૦૨૫માં નીટ પાસ કરીને અત્યારે વિવિધ મેડિકલ કોલેજોમાં અભ્યાસ કરી રહ્યા છે. જોકે, પાંચમા બાળક વિકાસને ડૉક્ટર બનાવવા માટે પરિવારે શોર્ટકટ અપનાવ્યો અને પેપર લીક કરાવ્યું હોવાની શંકા છે. આ ઉપરાંત ગુરુગ્રામથી યશ યાદવ અને નાસિકથી શુભમ ખૈરનારની પણ ધરપકડ કરવામાં આવી છે. દિનેશ બિવાલે ૨૬ એપ્રિલની આસપાસ ગુરુગ્રામના યશ યાદવ પાસેથી પેપર મેળવ્યું હતું. ત્યારબાદ ૨૯ એપ્રિલે તેણે આ પેપર સીકરમાં રહેતા તેના ભત્રીજા વિકાસને પહોંચાડ્યું હતું. આ પેપર અન્ય ૧૦ જેટલા વિદ્યાર્થીઓ સાથે પણ શેર કરવામાં આવ્યું હોવાની આશંકા છે.

# ભારતના બાળકોને ખોરાક કરતાં બીજી જરૂરી વસ્તુઓની પણ આવશ્યકતા છે

થોડા સમય પહેલા એક પાંચ વર્ષની બાળકીને મારા ક્લિનિકમાં લાવવામાં આવી હતી. તે તેની ઉંમરના બાળકોની સરખામણીમાં વિકાસના ઘણા તબક્કામાં પાછળ રહેતી હોય તેવું લાગતું હતું, બોલવામાં ધીમી હતી અને તેની ઉંમરના બાળકોની સરખામણીમાં ઓછી સક્રિય હતી. તેના વિકાસલક્ષી મૂલ્યાંકને તેને ત્રણ વર્ષના બાળકના સ્તરે જોવા મળી. તેની માતા ખૂબ ચિંતિત હતી. બાળક બીમાર નહોતું. કોઈ બીમારી કે નિદાન નહોતું જે આને સમજાવી શકે. પરંતુ જ્યારે અમે કોવિડ-19 ના પાછલા બે વર્ષ વિશે વાત કરી, ત્યારે ચિત્ર સ્પષ્ટ થયું. લોકડાઉનને કારણે લાંબા સમય સુધી શાળાઓ બંધ રહેવાથી પરિણામે તેનો મોટાભાગનો સમય ઘરે પસાર થયો, રમતગમતનું સ્થાન સ્ક્રીને લીધું તેમજ ભોજન પહેલા કરતાં વધુ સરળ અને મર્યાદિત બન્યું હતું. તે શાંત વર્ષો દરમિયાન, તેના મગજને વિકાસ માટે જરૂરી વસ્તુઓ મળી ન હતી. તે એક અપવાદ નહોતી. ક્લિનિક્સમાં, બાળરોગ નિષ્ણાતો અને વિકાસલક્ષી નિષ્ણાતો એક સમાન પેટર્ન જોઈ રહ્યા હતા. જે બાળકો શારીરિક રીતે સ્વસ્થ હતા પરંતુ વિકાસમાં પાછળ હતા. આ વાયરસને કારણે નહોતું, પરંતુ પછીથી ઉદ્ભવેલા સંજોગોને કારણે હતું. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, મગજનો 90% વિકાસ પાંચ વર્ષની ઉંમર પહેલાં થાય છે, જે શરૂઆતના વર્ષોને બાળકના જ્ઞાનાત્મક, ભાવનાત્મક અને સામાજિક ભવિષ્યને આકાર આપવાની સૌથી મોટી તક બનાવે છે. આ સમય દરમિયાન રચાયેલા ન્યુરલ કનેક્શન જીવનભર શીખવાની, ભાષા, યાદશક્તિ અને સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવે છે.આ સમયગાળામાં યોગ્ય પોષણ મેળવવું એ આપણે કરી શકીએ તેવા સૌથી શક્તિશાળી રોકાણોમાંનું એક છે. આયર્ન, ઝીંક અને સેલેનિયમ જેવા સૂક્ષ્મ પોષકતત્ત્વો, જેને ઘણીવાર 'ન્યુરોન્યુટ્રિઅન્ટ્સ' તરીકે ઓળખવામાં આવે છે, તે મગજના સ્વસ્થ વિકાસ અને કાર્ય માટે અનિવાર્ય છે. છતાં આંકડા આપણને ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે. એકલા આયર્નની ઉણપ ભારતમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના લગભગ 50% બાળકોને અસર કરે છે (NFHS-5). પાંચ વર્ષથી ઓછી ઉંમરના 67.1% બાળકોમાં એનિમિયા નોંધાયો હતો, જે અગાઉના સર્વે કરતા વધુ છે. 12-59 મહિનાની વયના બાળકોના રાષ્ટ્રીય પ્રતિનિધિત્વ વિશ્લેષણ સહિતના તાજેતરના પુરાવા દર્શાવે છે કે 60% થી વધુ બાળકોમાં એનિમિયા સાથે અથવા વગર સૂક્ષ્મ પોષકતત્ત્વોની ઉણપ હતી. આ માત્ર હિમોગ્લોબિનની ગણતરી કરતા વધુ વિશાળ પોષણના અંતર તરફ નિર્દેશ કરે છે.ડોકોસાહેક્સેનોઈક એસિડ, જે ઓમેગા-3 ફેટી એસિડ છે, તે મગજની રચના, યાદશક્તિ નિર્માણ અને દ્રષ્ટિના વિકાસને ટેકો આપે છે. કોલીન, અન્ય



ડૉ. શરથ ગોપાલન

એક આવશ્યક પોષક તત્વ, હવે મગજના વિકાસ માટે અનિવાર્ય માનવામાં આવે છે. જ્યારે માતાઓ ગર્ભાવસ્થા દરમિયાન કોલીનનું સેવન કરે છે, ત્યારે તે તંદુરસ્ત જનીન પ્રવૃત્તિ અને કોષની રચના, અને મગજના મુખ્ય ક્ષેત્રોના વિકાસને ટેકો આપે છે, જેમાં યાદશક્તિ અને વિચારશક્તિ માટે જવાબદાર ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ પોષકતત્ત્વો બાળકના આહારમાં વૈકલ્પિક નથી; તેઓ તેમની સંભવિતતા માટે પાયારૂપ છે. બાળકના જીવનમાં સૌથી મહત્વપૂર્ણ પોષણ હસ્તક્ષેપ જન્મ પહેલાં શરૂ થાય છે. મગજનો વિકાસ ગર્ભના તબક્કામાં શરૂ થાય છે, અને માતાની પોષણ સ્થિતિ સીધી રીતે બાળકના જન્મના ન્યુરલ પાયાને આકાર આપે છે. DHA ગર્ભાશયમાં ન્યુરલ કનેક્ટિવિટીને ટેકો આપે છે; ગર્ભાવસ્થા દરમિયાન આયર્ન અને ફોલિક એસિડનું સેવન ઓછા જન્મ વજન અને વૃદ્ધિમાં વિલંબનું જોખમ ઘટાડે છે તેમ છતાં ભારતમાં માત્ર 44% સગર્ભા સ્ત્રીઓએ ભલામણ કરેલ 180 કે તેથી વધુ દિવસો માટે આયર્ન-ફોલિક એસિડ પૂરકનું સેવન કર્યું છે (NFHS-5), એક એવું અંતર જે એક વિશાળ અને ઉકેલી શકાય તેવી તકનું પ્રતિનિધિત્વ આ જ કારણ છે કે કિશોરીઓ પર ધ્યાન આપવું એટલે આગામી પેઢીનું ભવિષ્ય ઘડવું. એક સુપોષિત કન્યા એક સુપોષિત માતા બને છે, અને એક સુપોષિત માતા તેના બાળકને શક્ય તેટલી શ્રેષ્ઠ શરૂઆત આપે છે.

## MPની વિચિત્ર ઘટના : મંડપમાં અસલી ચહેરો જોઈ દુલ્હન ચોંકી ઉઠી

# વરરાજાનો ચહેરો જોતા જ ભડકી દુલ્હન, જાનૈયાઓની થઈ બરાબરની ધોલાઈ

(એજન્સી) હરદોઇ | તા 14

સોશિયલ મીડિયા પર મિત્રતા અને પ્રેમ પછી લગ્ન કરવાના કિસ્સાઓ વધી રહ્યા છે, પરંતુ તેની પાછળ છુપાયેલા જોખમો પણ તેટલા જ ખતરનાક છે. ઉત્તર પ્રદેશના હરદોઈમાં એક મહિલા એડવોકેટ સાથે લગ્નના નામે મોટી છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વોટ્સએપ પર જે ફૌજી યુવક સાથે વાત થતી હતી, તે લગ્નમંડપમાં બદલાઈ જતાં ભારે હોબાળો મચ્યો હતો.

હરદોઈ જિલ્લાના શાહબાદમાં રહેતી એક મહિલા વકીલની મુલાકાત સોશિયલ મીડિયા દ્વારા મધ્યપ્રદેશના છતરપુરના એક યુવક સાથે થઈ હતી. યુવકે પોતાનું નામ રાહુલ મિશ્રા અને પોતે ભોપાલમાં ફૌજી તરીકે ફરજ બજાવતો હોવાનું જણાવ્યું હતું. બંને વચ્ચે છેલ્લા 4-5 મહિનાથી વોટ્સએપ પર વાતચીત ચાલતી હતી. પરિવારજનોની સંમતિ બાદ લગ્ન નક્કી થયા અને 12-13 મેની રાત્રે જાન શાહબાદ પહોંચી.લગ્નની વિધિઓ શરૂ થવાની તૈયારી હતી અને જયમાલા પહેલાં જ્યારે દુલ્હને વરરાજાનો ચહેરો જોયો ત્યારે તેને શંકા ગઈ. વોટ્સએપ પર જે ફોટા જોયા હતા અને જેની સાથે વાત થતી હતી, તે આ યુવક નહોતો. જ્યારે કડકાઈથી પૂછપરછ કરવામાં આવી, ત્યારે વરરાજાએ કબૂલાત કરી કે તેનું નામ રાહુલ નહીં પણ દેવેન્દ્ર સિંહ પરિહાર છે.છેતરપિંડીની ખબર પડતા જ મંડપમાં હાજર દુલ્હનના વકીલ મિત્રો અને પરિવારજનોનો રોષ ફાટી નીકળ્યો હતો. દેવેન્દ્ર અને તેની સાથે આવેલા જાનૈયાઓને ઘેરી લીધા અને મેથીપાક આપવાનું શરૂ કર્યું. લગ્નનો માહોલ રણમેદાનમાં ફેરવાઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ શાહબાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ભીડના ચંગુલમાંથી વરરાજા અને તેના સાથીઓને છોડાવી કસ્ટડીમાં લીધા હતા. ઈજાગ્રસ્ત વરરાજાને હોસ્પિટલ ખસેડાયો છે. દુલ્હને આશંકા વ્યક્ત કરી છે કે આ કોઈ માનવ તસ્કરી કરનારી ટોળકી હોઈ શકે છે.બીજી તરફ, દેવેન્દ્રનું કહેવું છે કે તે અને પ્રિયા (દુલ્હન) છેલ્લા પાંચ મહિનાથી પ્રેમમાં હતા અને પ્રિયાએ જ તેને લગ્ન માટે બોલાવ્યો હતો. જોકે, તે રાહુલ નામના કોઈ વ્યક્તિને ઓળખતો હોવાનો ઈનકાર કરી રહ્યો છે. પોલીસ અધિકારી આલોક રાજ નારાયણે જણાવ્યું કે, યુવતીની ફરિયાદના આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને 9 શંકાસ્પદોની પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ એ તપાસ કરી રહી છે કે ખરેખર યુવતીની વાત કોની સાથે થતી હતી અને મંડપમાં બીજો યુવક કેમ આવ્યો.

## સમય પૂછવા ઉભેલી મહિલાને બસમાં ખેંચી ૨ કલાક સુધી આચર્યું દુષ્કર્મ

# દિલ્હીમાં ફરી નિર્ભયા જેવી ઘટના: ચાલતી બસમાં મહિલા સાથે સામૂહિક દુષ્કર્મ

(એજન્સી) નવી દિલ્હી | તા 14

દેશની રાજધાની દિલ્હીમાં મહિલાઓની સુરક્ષાના દાવાઓ ફરી એકવાર પોકળ સાબિત થયા છે. મંગોલપુરીની એક ફેક્ટરીમાં કામ કરીને પરત ફરી રહેલી ૩૦ વર્ષીય પરણીત મહિલા સાથે ખાનગી સ્લીપર બસમાં સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં રોષ ફાટી નીકળ્યો છે. આ હચમચાવતી ઘટનામાં પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને બસના ડ્રાઈવર અને કંડક્ટરની ધરપકડ કરી લીધી છે.

ઘટનાની વિગત મુજબ, પીડિત મહિલા ૧૧મી મેના રોજ રાત્રે કામ પતાવીને પગપાળા ઘરે જઈ રહી હતી. સરસ્વતી વિહાર પાસે ઉભેલી એક ખાનગી સ્લીપર બસ પાસે ઉભેલા શખ્સને મહિલાએ નિર્દોષ ભાવે સમય પૂછ્યો હતો. આ સમયે બસમાં સવાર નરાધમોએ તક જોઈને મહિલાને બળજબરીથી બસની અંદર ખેંચી લીધી હતી અને દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો.



આરોપીઓએ ડ્રાઈવરને બસ હંકારી મૂકવા કહ્યું હતું અને રાની બાગથી નાંગલોઈ સુધીના રસ્તા પર ચાલતી બસમાં બે શખ્સોએ મહિલા સાથે વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું. આશરે બે કલાક સુધી મહિલા પર પાશવી અત્યાચાર ગુજાર્યા બાદ, આરોપીઓ તેને લોહીલુહાણ અને ગંભીર હાલતમાં રસ્તા પર ફેંકીને ફરાર થઈ ગયા હતા. પીડિત મહિલા ત્રણ સંતાનોની માતા હોવાનું જાણવા મળ્યું છે.મહિલાએ હિંમત હાર્યા વગર પોલીસનો સંપર્ક સાધ્યો હતો. મેડિકલ તપાસમાં દુષ્કર્મની પુષ્ટિ થયા બાદ દિલ્હી પોલીસે રાની બાગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસ તેજ કરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી ગુનામાં વપરાયેલી બસ શોધી કાઢી હતી અને બંને આરોપીઓને દબોચી લીધા હતા. આ ઘટનાએ દિલ્હીમાં રાત્રિના સમયે મહિલાઓની સુરક્ષા પર ફરી ગંભીર સવાલો ઉભા કર્યા છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, પીડિતા અત્યારે ભારે માનસિક આઘાતમાં છે પરંતુ તેની શારીરિક હાલત સ્થિર છે. પોલીસ આ કેસમાં કડક સજા અપાવવા માટે મજબૂત પુરાવાઓ એકત્ર કરી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને મહિલા સુરક્ષા માટે કડક પગલાં ભરવાની માંગ ઉઠી છે.

# સિટી એક્સપ્રેસ

FRIDAY 15 MAY-2026

AHMEDABAD






# RTO કચેરીએ વાહન પોર્ટલમાં ટેકનિકલ ઈશ્યૂના કારણે કામગીરી ઠપ

## બીજી તરફ 50% સ્ટાફ વસ્તી ગણતરીની ટ્રેનિંગમાં જતા સ્થિતિ વિકટ, સોમવાર સુધી ન આવવા અપીલ કરવામાં આવી છે...

અમદાવાદ | સુભાષબ્રિજ ખાતે આવેલી RTO કચેરીમાં ત્રણ દિવસથી સર્વર ખોરવાયું છે. એક તરફ સર્વરની સમસ્યા બીજી તરફ 50 ટકા સ્ટાફ વસ્તી ગણતરીની ટ્રેનિંગમાં વ્યસ્ત હોવાથી અરજદારોને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. સર્વર ડાઉન થતા RTO કચેરીએ જૂના વાહન ટ્રાન્સફર, વાહન પરની લોન રદ કરવા સહિતની કામગીરીને અસર થઈ રહી છે. અસહ્ય ગરમીમાં કચેરીએ આવ્યા બાદ પણ સર્વર ડાઉનના કારણે કામગીરી ન થતા અરજદારોને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. RTO અધિકારીએ અરજદારોને સોમવાર સુધી કચેરીએ ન આવવા અપીલ પણ કરી છે. સોમવાર સુધીમાં ટેક્નિકલ ઈશ્યૂ દૂર થઈ જાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે.

વાહન પોર્ટલમાં ટેકનિકલ ઈશ્યૂના કારણે દરરોજ 500 કરતા પણ વધુ અરજીઓ અટકી પડી છે. જૂના વાહન ટ્રાન્સફર, વાહન પર લોન દાખલ, વાહન પરની લોન રદ કરવા સહિતની કામગીરી થઈ શકતી નથી. તેમજ જે અરજદારો ઓનલાઈન કામગીરી કરે છે તેમને પણ સર્વર ડાઉન હોવાના કારણે લોગિન થઈ શકતું નથી. જેથી કામગીરી કરાવવા માટે RTO કચેરીએ ધક્કો ખાઈ રહ્યા છે.

એક તરફ સર્વરની સમસ્યા યથાવત છે ત્યારે બીજી તરફ RTO કચેરીનો આશરે 50 ટકા સ્ટાફ વસ્તી ગણતરીની ટ્રેનિંગમાં વ્યસ્ત હોવાને કારણે સ્થિતિ વધુ વિકટ બની છે. પૂરતો સ્ટાફ ઉપલબ્ધ ન હોવાથી અરજદારોની કામગીરી સમયસર થઈ શકતી નથી. અસહ્ય ગરમી વચ્ચે પરિણામે રોજિંદા કામકાજ માટે કચેરીએ પહોંચતા નાગરિકોને કલાકો સુધી રાહ જોવી પડી રહી છે. કલાકો સુધી ઊભા રહેવા છતાં ઘણા અરજદારોને કોઈ કામ થયા વગર પરત ફરવાનો વારો આવ્યો હતો. જેથી અરજદારોને અનાવશ્યક ધક્કા ન ખાવા પડે તે માટે સોમવાર સુધી કચેરીએ ન આવવાની અપીલ પણ કરવામાં આવી છે. જોકે સતત ત્રણ દિવસથી સેવા ખોરવાતા અરજદારોમાં ભારે રોષની લાગણી જોવા મળી હતી.

અમદાવાદ RTOએ જણાવ્યું હતું કે, ઈ પરિવહન સેવા અંતર્ગત જે વાહન પોર્ટલ કામ કર્યું છે. જેમાં ટ્રાન્સફર ઓફ ઓનર્સશિપ, રિન્યુ ઓફ રજિસ્ટ્રેશન, લોન રદ કરવાની અને રજિસ્ટ્રેશન કરવાની કામગીરી પર અસર પડી છે. વાહન પોર્ટલમાં ટેકનિકલ ઈસ્યુના કારણે સમસ્યાઓ થઈ રહી છે. સર્વર ડાઉન અને બંધ થતા વડી કચેરીના સંપર્કમાં છીએ. તેમજ અત્યારે તેના મેઈન્ટેનન્સનું ચાલી રહ્યું છે. ત્રણ દિવસથી સર્વર ડાઉન થઈ જાય છે તો ક્યારેક બંધ થઈ જાય છે. જે પણ અરજદારો આવી રહ્યા છે તેની કામગીરી ખૂબ જ ધીમી થઈ રહી છે. જેથી તમામ નવા અરજદારોને અમે અપીલ કરીએ છીએ કે કામગીરીની કોઈ ઉતાવળ ના હોય તો એક અઠવાડિયું સુધી કચેરીમાં આવવાનો ટાળો. સોમવારથી નવી એપોઈન્ટમેન્ટ લઈને કચેરીએ આવો તેવી અપીલ છે.

જેથી ત્યાં સુધી જે પણ ટેકનિકલ ઈસ્યુ છે તેનું સોલ્યુશન આવી શકે.

અરજદાર મનોજ ઠક્કરે જણાવ્યું હતું કે, મારે મારી આરસી બુક રિન્યુ કરાવવાની છે. 15 વર્ષ થઈ ગયા છે, જેથી તેને રિન્યુ કરાવવા માટે આવ્યો છું. હું અત્યારે ગુજરાત બહાર રહું છું એક મહિના માટે ગુજરાત આવ્યો છું. જેથી કામગીરી જલ્દી પૂર્ણ થઈ જાય તેવી આશા સાથે આવ્યો હતો. છેલ્લા 10 દિવસથી એક્ટિવિટી કરી રહ્યો છું પરંતુ સર્વર ડાઉન હોવાના કારણે તે થઈ શકતું નથી. જેથી કચેરી ખાતે રૂબરૂ આવ્યો હતો. જ્યાં જન સંપર્ક અધિકારી એવું કહે છે કે તમારે બધું જાતે કરી લેવાનું. જો 5 હજાર લઈને આરસી રિન્યૂ થતી હોય તો સુવિધા આપવા માટે અહીં કોઈ માણસ જ નથી. તો શું પૈસા ચેરિટી માટે ઉઘરાવવામાં આવે છે? ગરમીમાં કચેરીમાં આવવા છતાં કોઈપણ અધિકારીઓ કામ કરી આપતા નથી.




**ક્યારેક સર્વર ડાઉન તો ક્યારેક બંધ |** અમદાવાદ RTOએ જણાવ્યું હતું કે, ઈ પરિવહન સેવા અંતર્ગત જે વાહન પોર્ટલ કામ કર્યું છે. જેમાં ટ્રાન્સફર ઓફ ઓનર્સશિપ, રિન્યુ ઓફ રજિસ્ટ્રેશન, લોન રદ કરવાની અને રજિસ્ટ્રેશન કરવાની કામગીરી પર અસર પડી છે. વાહન પોર્ટલમાં ટેકનિકલ ઈસ્યુના કારણે સમસ્યાઓ થઈ રહી છે. સર્વર ડાઉન અને બંધ થતા વડી કચેરીના સંપર્કમાં છીએ. તેમજ અત્યારે તેના મેઈન્ટેનન્સનું ચાલી રહ્યું છે. ત્રણ દિવસથી સર્વર ડાઉન થઈ જાય છે તો ક્યારેક બંધ થઈ જાય છે. જે પણ અરજદારો આવી રહ્યા છે તેની કામગીરી ખૂબ જ ધીમી થઈ રહી છે. જેથી તમામ નવા અરજદારોને અમે અપીલ કરીએ છીએ કે કામગીરીની કોઈ ઉતાવળ ના હોય તો એક અઠવાડિયું સુધી કચેરીમાં આવવાનો ટાળો. સોમવારથી નવી એપોઈન્ટમેન્ટ લઈને કચેરીએ આવો તેવી અપીલ છે. જેથી ત્યાં સુધી જે પણ ટેકનિકલ ઈસ્યુ છે તેનું સોલ્યુશન આવી શકે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં રાજ્યનાં ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા મળે તે માટેની યોજનાઓને ત્વરિત અમલ થઈ રહ્યો છે

(એજન્સી) અમદાવાદ | તા. 13

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2025ના રાષ્ટ્રીય એકતા દિવસ પરેડ દરમિયાન જાહેર કર્યુ હતું કે, સ્ટેચ્યૂ ઓફ યુનિટીની આસપાસ રહેતા 1000 આદિવાસી પરિવારોનાં ઘરોમાં બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવશે. આ પ્રોજેક્ટ હવે અંતિમ તબક્કામાં છે. અત્યાર સુધીમાં 665 બાયોગેસ પ્લાન્ટ સ્થપાઇ ચૂક્યા છે.

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી (SOU)ની આસપાસ રહેતા 1000 જેટલા આદિવાસી પરિવારો રસોઇ ગેસની બાબતમાં આત્મનિર્ભર બની રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા 1000 આદિવાસી પરિવારોને બાયોગેસ પ્લાન્ટ મળે તે માટે કરેલી મહેનત હવે રંગ લાવી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ એકતાનગર ખાતે વર્ષ 2025ના રાષ્ટ્રીય એકતા દિવસ પરેડ દરમિયાન જાહેર કર્યુ હતું કે, સ્ટેચ્યૂ ઓફ યુનિટીની આસપાસ રહેતા 1000 આદિવાસી ઘરોમાં બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવશે. આ યોજના



નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાની 38 ગ્રામ પંચાયતો હેઠળ આવેલા 89 ગામોમાં અમલમાં છે ગરુડેશ્વર તાલુકા પંચાયત દ્વારા અમલામાં મુકવામાં આવેલી આ યોજનાનું જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA) દ્વારા મોનિટરીંગ થઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં આત્મનિર્ભર ભારતના વિઝનથી પ્રેરિત આ પહેલનો હેતુ LPG અને પરંપરાગત લાકડાના ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવાનો છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી આશરે 7 કિમી દૂર આવેલા વાઘપુરા ગામમાં રહેતા રવિના તડવીએ જણાવ્યું કે, સરકાર દ્વારા સ્થાપવામાં આવેલા બાયોગેસ પ્લાન્ટને કારણે તેમના દૈનિક જીવનમાં ઘણો ફેરફાર થયો છે.

"હવે અમને LPG સિલિન્ડરની ચિંતા રહેતી નથી. બાયોગેસ પ્લાન્ટ દ્વારા દરરોજ સ્વચ્છ ઈંધણ મળે છે અને બાયોગેસ પ્લાન્ટમાંથી નીકળતી સ્લરી ખેતીમાં રાસાયણિક ખાતરનો ઉત્તમ વિકલ્પ બની છે. જૈવિક ખાતરને કારણે પાક ઉત્પાદન પણ વધે છે," રવિના તડવીએ વધુમાં જણાવ્યું.

આ જ પ્રકારની લાગણી વ્યક્ત કરતાં સ્થાનિક રહેવાસી ચંદુ તડવીએ યોજનાનો મહિલાઓ પર પડેલા સકારાત્મક પ્રભાવ વિશે જણાવ્યું કે, "બાયોગેસ પ્લાન્ટને કારણે મહિલાઓને સૌથી વધુ લાભ થયો છે. પહેલાં તેઓ ખેતરમાં કામ કર્યા પછી લાકડાં ભેગા કરવા માટે લાંબા અંતર સુધી જતી હતી. ચૂલા પર રસોઇ કરવાને કારણે ધૂમાડો થતો અને આંખોને નુકશાન થતું પણ હવે બાયોગેસના ઉપયોગથી તેઓ ધુમાડાથી મુક્ત થઈ ગઈ છે અને રસોઈ ગેસમાં આત્મનિર્ભર બની છે,".

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં રાજ્યનાં ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા મળે તે માટેની યોજનાઓને ત્વરિત અમલ થઇ રહ્યો છે. ગુજરાતમાં વૈકલ્પિક ઉર્જા માટે માતબર પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

અત્યાર સુંધીમાં 665 થી વધુ બાયોગેસ પ્લાન્ટ નંખાઇ ચૂક્યા છે અને બાકીનાં પ્લાન્ટ નાંખવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. આ પ્લાન્ટ સ્થાપવામાં માટેનો તમામ ખર્ચ સરકાર દ્વારા આપવામાં આવે છે. લાભાર્થીએ પ્લાન્ટ માટે જરૂરી ખાડો ખોદવા માટે શ્રમદાન કરવાનું રહે છે.

બાયોગેસ પ્લાન્ટ થકી મહિલાઓને સ્વચ્છ રસોઈ ગેસ મળે છે અને સાથે સાથે પ્લાન્ટમાંથી મળતી સ્લરીનો ખાતર તરીકે ખેતીમાં ઉપયોગ થતા વિદેશથી આયાત થતા રાસાયણિક ખાતર પરની નિર્ભરતા પણ ઓછી થાય છે.

# 19 મે બાદ 15 મનપામાં મેયર-સ્ટેન્ડિંગ ચેરમેનની જાહેરાતની શક્યતા




અમદાવાદ | રાજ્યની 15 મહાનગરપાલિકાઓ સહિત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે ભવ્ય વિજય મેળવ્યો હોવા છતાં પદાધિકારીઓની નિમણૂકમાં ભારે ખેંચતાણ જોવા મળી રહી છે. સામાન્ય રીતે ચૂંટણી પરિણામના 15 દિવસમાં મેયર અને અન્ય હોદ્દેદારોની જાહેરાત થઈ જતી હોય છે, પરંતુ 28 એપ્રિલના પરિણામ બાદ 16 દિવસ વીતવા છતાં પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ નામો નક્કી કરી શક્યું નથી. નગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોમાં પણ પ્રમુખોની નિમણૂક કરવામાં ભાજપના નેતાઓમાં કોકડું ગુંચવાયું હોવાની ચર્ચા છે.

છેલ્લા એક દાયકાનો ઈતિહાસ જોઈએ તો પરિણામના બે સપ્તાહમાં જ મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદ ગ્રહણ કરી લેતા હોય છે. અમદાવાદ મહાનગરપાલિકામાં 2015માં 2 ડિસેમ્બરના રોજ પરિણામ આવ્યું હતું અને 14 ડિસેમ્બર, 2015ના રોજ 12 દિવસમાં ગૌતમ શાહે મેયર તરીકે પદ ગ્રહણ કરી લીધું હતું. 2021માં કોરોના હોવા છતાં પણ માત્ર 14 દિવસમાં જ મેયર પદ નક્કી કરી અને ચૂંટણી પ્રક્રિયા કરી દેવાઈ હતી. 23 ફેબ્રુઆરી, 2021ના રોજ પરિણામ આવ્યા બાદ 10 માર્ચ, 2021ના રોજ મેયર કિરીટ પરમાર સહિતના હોદ્દેદારોની નિમણૂક કરી દેવાઈ હતી. તેની સરખામણીએ 2026માં પાર્લામેન્ટરી બોર્ડની ચાર દિવસની બેઠકો બાદ પણ મડાગાંઠ ઉકલી નથી.

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા મેયર સહિતના પદાધિકારીઓ અંગે કોઈ નિર્ણય જાહેર ન કરતા મ્યુનિસિપલ કમિશનરો સામાન્ય સભા બોલાવી શક્યા નથી. સામાન્ય સભા બોલાવવા માટે ત્રણ દિવસ અગાઉ ચૂંટાયેલા પ્રતિનિધિઓને કમિશનર દ્વારા જાણ કરવામાં આવે છે અને ત્યારબાદ ચૂંટણીએ પ્રક્રિયા કરવાની હોય છે.

# રામોલમાં રોડ પર દેશી દારૂની રેલમછેલ:ખેડાથી આઈસર ટ્રકમાં લવાતી પોટલીઓનો જથ્થો રોડ ઉપર પડ્યો

(એજન્સી) અમદાવાદ | તા. 14

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં અમદાવાદના પૂર્વ વિસ્તારોમાં બુટલેગરો બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. શહેરના રામોલ વિસ્તારમાં જશોદાનગરથી હાથીજણ સર્કલ તરફ જતાં રોડ પર એક આઈસર ટ્રકમાંથી દેશી દારૂના થેલા રોડ પર પડી જતાં દારૂની પોટલીઓ વેરાઈ હતી. આ ઘટનાને પગલે રાહદારીઓમાં આશ્ચર્ય ફેલાયું હતું અને વટવા જીઆઈડીસી પોલીસે ટ્રકચાલક સહિત બે શખસની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આઈસર ટ્રકમાં ડીઝલ ટેન્કની ઉપરના ભાગે લોખંડના પતરાની એક ખાસ પેટી (ચોરખાનું) બનાવવામાં આવી હતી. આ પેટીમાં દેશી દારૂના પ્લાસ્ટિકના થેલા ભરીને હેરાફેરી કરવામાં આવી રહી હતી. મુસાફરી દરમિયાન આ પેટીમાંથી બેથી ત્રણ થેલા અચાનક રોડ પર નીચે પડી ગયા હતા. થેલા ફાટી જવાથી દારૂની પોટલીઓ રોડ પર વિખરાઈ ગઈ હતી અને દારૂની તીવ્ર વાસ ફેલાતા પસાર થતા વાહનચાલકો અચંબામાં પડી ગયા હતા. વટવા



જીઆઈડીસી પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ કરતાં ટ્રકમાંથી વધુ બે દારૂના થેલા મળી આવ્યા હતા. પોલીસે સાદિક મિયા મલેક (રહે. ઉમરેઠ) અને ગણપતભાઈ તળપદા (રહે. ખેડા)ને ઝડપી પાડ્યા હતાં. આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું કે, ખેડાના ચલાલી ગામમાં કનુભાઈ તળપદાએ દેશી દારૂ ભરી આપ્યો.

# બિલ્ડરની મર્સિડીઝ ચોરવા ગાડી લઈને આવ્યા, ફ્લેટના પાર્કિંગમાંથી કાર ચલાવી નીકળી ગયા

(એજન્સી) અમદાવાદ | તા. 14

અમદાવાદના વસ્ત્રાપુરના માનસી ટાવર ચાર રસ્તા પાસે આવેલા ફ્લેટના પાર્કિંગમાંથી અજાણ્યા શખ્સો મર્સિડીઝ ગાડીની ચોરી કરીને લઈ ગયા છે. શહેરના બિલ્ડર અને વેપારીની આ લક્ઝરી કાર પાર્કિંગમાં પાર્ક હતી, જે ચોર ડુપ્લીકેટ ચાવીથી ચોરીને લઈ ગયા છે. જે અંગેના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. વસ્ત્રાપુર પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

ઘટનાની વિગતો મુજબ, બોડકદેવ વિસ્તારમાં એસ.આર. ગ્રુપ નામે રિયલ એસ્ટેટનો વ્યવસાય કરતા પ્રશાંતભાઈ નાયર રાત્રે ઘરે આવ્યા હતા. તેમના ડ્રાઈવર કૃણાલ લેઉવાએ રાત્રે સાત વાગ્યાની આસપાસ બ્રાઉન કલરની મર્સિડીઝ બેન્ઝ (નંબર PY.01. CJ.8314) કોર્ણાક ટાવરના પાર્કિંગમાં લોક કરીને પાર્ક કરી હતી.

સોમવારે(11 મે) સવારે જ્યારે પ્રશાંતભાઈને કામ અર્થે બહાર જવાનું હોવાથી ડ્રાઈવર ગાડી લેવા ગયો,



ત્યારે પાર્ક કરેલી જગ્યાએ ગાડી મળી આવી ન હતી. આસપાસ તપાસ કરવા છતાં ગાડીનો પત્તો ન લાગતા આખરે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

ચોરી થયેલી મર્સિડીઝ ગાડી 2010નું મોડલ છે, જેની અંદાજિત કિંમત 9 લાખ રૂપિયા છે. વેપારીએ પોતાની ફરિયાદમાં ડ્રાઈવર કૃણાલ અને મિત્ર કેવીન પટેલને સાક્ષી તરીકે દર્શાવ્યા છે.

# કોંગ્રેસ કોર્પોરેટર આશિષ જોષીની ધરપકડ મુદ્દે રાજકીય ગરમાવો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વડોદરાના વોર્ડ નંબર-15ના કોંગ્રેસના ચૂંટાયેલા કોર્પોરેટર અને મહાદેવ ભક્ત તરીકે ઓળખાતા આશિષ જોષીની ધરપકડને લઈને રાજ્યની રાજનીતિમાં ગરમાવો આવ્યો છે. કોંગ્રેસ સાથે જોડાયેલા વર્તુળોમાં આ કાર્યવાહી ને "રાજકીય બદલો" ગણાવવામાં આવી રહી છે, જ્યારે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હોવાનું જણાવાયું છે. મળતી માહિતી મુજબ, અમદાવાદ ખાતે સગાના ઘરે જતાં દરમિયાન રામોલ પોલીસ દ્વારા આશિષ જોષીની અટકાયત કરીને તેમને વડોદરા જિલ્લાના સંખેડા પોલીસ સ્ટેશન ખાતે લઈ જવાયા હતા.

# ચાંદખેડામાં લોહીલુહાણ હાલતમાં યુવકનો મૃતદેહ મળ્યો, પ્રેમ સંબંધની આશંકામાં હત્યા!

અમદાવાદ | અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલા ઝુંડાલ પાસે એક યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. મૃતકની પત્નીએ આ મામલે ગંભીર આક્ષેપો કરતા પોલીસને જણાવ્યું હતું કે, 'મારા પતિને પ્રેમ સંબંધ અને પૈસા માટે બ્લેકમેલ કરી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવતી હતી.'

મળતી માહિતી અનુસાર, મૃતકની ઓળખ ગાંધીનગર જિલ્લાના પેથાપુરના રહેવાસી જશ્મિતસિંગ તરીકે થઈ છે. ચાંદખેડા પોલીસના જણાવ્યાનુસાર, 12મી મેની સાંજે અજાણ્યા શખસોએ જશ્મિતસિંગ પર તીક્ષ્ણ હથિયારોથી હુમલો કર્યો હતો. હુમલાખોરોએ યુવકની છાતી, પીઠ, હાથ અને બગલના ભાગે અનેક જીવલેણ ઘા માર્યા હતા, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

જશ્મિતસિંગની પત્ની અજિતકૌર સીખલીગરે પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે, 12મી મેની સાંજે મારા પતિ બાઈક લઈને ઘરેથી નીકળ્યો હતો, પરંતુ પરત ફર્યો નહોતો. બીજા દિવસે સવારે પોલીસ દ્વારા તેને જાણ કરવામાં આવી કે તેના પતિની હત્યા થઈ છે.

# કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનો કાળા વાવટા ફરકાવી વિરોધ અમદાવાદમાં NEET પેપર લીક મુદ્દે NSUI લાલઘૂમ




અમદાવાદ | દેશભરમાં NEET પરીક્ષા પેપર લીકને લઈને લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, ત્યારે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની આજની અમદાવાદની મુલાકાત દરમિયાન વિવાદના દ્રશ્યો જોવા મળ્યા હતા. પેપર લીક કાંડ બાદ મંત્રીની આ મુલાકાતને ખૂબ જ ગુપ્ત રાખવામાં આવી હતી, છતાં NSUI દ્વારા વિરોધ પ્રદર્શનની ચીમકી મળતા તંત્ર સતર્ક થઈ ગયું હતું અને મંત્રીના કાફલાને રોકવા આવેલા કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.સામાન્ય રીતે કેન્દ્રીય શિક્ષણમંત્રીના કાર્યક્રમની વિગતો મીડિયામાં જાહેર કરવામાં આવતી હોય છે, પરંતુ NEET પેપર લીક વિવાદના પગલે આ વખતે કાર્યક્રમને સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવ્યો હતો. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આજે અમદાવાદમાં IIM ખાતે એક ખાનગી કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા હતા. જોકે, આ કાર્યક્રમની જાણ થતા જ NSUIના કાર્યકરો સક્રિય થઈ ગયા હતા અને તેમણે મંત્રીનો વિરોધ કર્યો હતો.મંત્રીના આગમન પહેલા જ IIMની બહાર ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. જ્યારે કેન્દ્રીય શિક્ષણમંત્રીનો કાફલો IIM અમદાવાદના ગેટ પરથી બહાર નીકળ્યો, ત્યારે અચાનક જ NSUIના કેટલાક કાર્યકર્તાઓ કાળા વાવટા અને કાળા કપડાં પહેરીને રસ્તા પર આવી ગયા હતા.

# વધતી ગરમીમાં પાક અને પશુઓની સુરક્ષા માટે કૃષિ વિભાગે માર્ગદર્શિકા જાહેર કરી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર જિલ્લામાં સતત વધી રહેલા તાપમાન અને હિટવેવની સ્થિતિને ધ્યાનમાં રાખીને ખેડૂતો અને પશુપાલકો માટે ખાસ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. કૃષિ અને પશુપાલન ક્ષેત્રે નુકસાન ટાળવા માટે પાક તેમજ પશુઓની યોગ્ય કાળજી રાખવા સૂચનો આપવામાં આવ્યા છે. માર્ગદર્શિકા મુજબ હિટવેવ દરમિયાન ઊભા પાકને હળવું અને વારંવાર સિંચન કરવું જોઈએ. પાકના વિકાસના મહત્વપૂર્ણ તબક્કે પાણીની માત્રામાં વધારો કરવા તેમજ નિંદામણ કરીને જમીનમાં ભેજ જળવાઈ રહે તેની કાળજી રાખવા સૂચના આપવામાં આવી છે. ખેડૂતોને વહેલી સવારે અથવા સાંજના સમયે સિંચાઈ કરવાની સલાહ આપવામાં આવી છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...